વર્તમાનમાં ગુજરાત

સદ્‌વિચાર પરિવાર હીરક મહોત્સવ પ્રકાશન શ્રેણી-૩

-: પ્રકાશક :-

સદ્‌વિચાર પરિવાર

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે

ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫

આમુખ

'સદ્‌વિચાર પરિવાર'ના સ્થાપક અને આજીવન લોકસેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલ દ્વારા ૧૯૬૫માં ટ્રસ્ટ તરીકે સ્થાપવામાં આવેલ 'સદ્‌વિચાર પરિવાર'ને આ વર્ષે ૬૦ વર્ષ પૂરાં થાય છે. શ્રી હરિભાઈ પંચાલની સૌથી પ્રિય પ્રવૃત્તિ એટલે સદ્‌વિચારોનો પ્રચાર અને પ્રસાર. સદ્‌વિચાર-સત્કર્મોનું મૂળ છે. શ્રી હરિભાઈ પંચાલે ૫૫ વર્ષ સુધી સતત અનેકવિધ સેવાકીય પ્રકલ્પોને સાકાર કર્યા તેટલું જ નહીં પણ મજબૂત સેવાભાવી સંસ્થાની પરંપરા પણ ઊભી કરી. આજે સદ્‌વિચાર પરિવારની અનેકવિધ પ્રવૃત્તિઓ છે જેની માહિતી આ પુસ્તકમાં સમાવી લેવામાં આવી છે. કેટલાંક જૂનાં પુસ્તકોના પુનઃ પ્રકાશન ઉપરાંત સાંપ્રત સમયમાં જે મહત્ત્વના વિચારો આપણને પ્રાપ્ત થાય છે તેનું સંકલન કરી ખાસ કરીને ગુજરાત રાજ્યના વિકાસમાં જે મુદ્દાઓ મહત્ત્વના છે તે અંગેના વિવિધ લેખોનો આ સંગ્રહ તમામ જાગૃત ગુજરાતી નાગરિકને વિચાર કરવા પ્રેરણા આપશે.

આ પુસ્તક સદ્‌વિચાર પરિવાર હીરકજયંતીની પ્રકાશન શ્રેણીના ત્રીજા પ્રકાશન તરીકે આપની સમક્ષ મૂકતાં મને આનંદ અને ગૌરવ થાય છે.

- પ્રવીણ ક. લહેરી

(Retd. IAS, પૂર્વ ચીફ સેક્રેટરી, ગવર્નમેન્ટ ઓફ ગુજરાત)

મેનેજિંગ ટ્રસ્ટી

સદ્‌વિચાર પરિવાર

વર્તમાનમાં ગુજરાત

સદ્‌વિચાર પરિવાર હીરક મહોત્સવ પ્રકાશન શ્રેણી-૩

-: પ્રકાશક :-

સદ્‌વિચાર પરિવાર

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે

ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ- ૩૮૦૦૧૫

Website: www.sadvicharparivar.org • E-mail: sdparivar.org@gmail.com

- **વર્તમાનમાં ગુજરાત**
- સદ્વિચાર પરિવારના હીરક મહોત્સવ નિમિત્તે પ્રકાશિત

- પ્રકાશક :

  સદ્વિચાર પરિવાર

  સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે

  ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫

  E-mail: **sdparivar.org@gmail.com**

- પ્રત : ૧૦૦૦
- મૂલ્ય : રૂ. ૪૦/-
- આવૃત્તિ : પ્રથમ
- મુદ્રક : **પ્રિન્ટ વિઝન પ્રાઈવેટ લિમિટેડ**

  આંબાવાડી બજાર, અમદાવાદ-૬
- વિતરણ વ્યવસ્થા : સદ્વિચાર પરિવાર

વિતરણ વ્યવસ્થા : સદ્વિચાર પરિવાર :

આપનાં સ્નેહી-સ્વજનોને આ ઉપયોગી પુસ્તક આપવું હોય તો શ્રી મિતેષ શાહના મોબાઈલ નંબર : ૯૪૨૭૬૩૧૩૧૩ પર તેમના નામ-સરનામા અને સંપર્ક નંબરની જાણ કરશો.

સદ્વિચાર પરિવારઃ માનવ સેવાનું સરનામું

શ્રી હરિભાઈ પંચાલ, શ્રી ચંદુભાઈ પ્રજાપતિ અને શ્રી જીતુભાઈ પટેલની સેવાભાવી ત્રિપુટીએ સ્થાપેલ સદ્વિચાર પરિવાર વર્ષ ૨૦૨૫માં તેની સેવા યાત્રાનાં ૬૦ વર્ષ પૂરાં કરશે. શ્રી હરિભાઈ પંચાલ દ્વારા સમાજમાં સદ્વિચાર પ્રસરે તે માટે 'સુવિચાર' (માસિક)ના પ્રકાશન સાથે અનેક સમાજોપયોગી પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. ત્રણસો કરતાં વધારે પુસ્તકો પ્રકાશિત કરી ગુજરાતના લોકોના સંસ્કાર-ઘડતરમાં અને ગુજરાતની અસ્મિતા ઉજાગર કરવામાં શ્રી હરિભાઈ પંચાલ સાથે અનેક સિદ્ધહસ્ત લેખકોએ જે અનન્ય પ્રદાન કર્યું છે તેને હીરક મહોત્સવ પ્રસંગે અંજલિ આપવા માટે આમાંનાં પસંદ કરેલાં પુસ્તકોને પુનઃ પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. 'સુવિચાર'ના તમામ ગ્રાહકોને બે પુસ્તકો આ પ્રસંગે નિઃશુલ્ક મોકલવામાં આવશે. આશા રાખીએ છીએ કે અમારા સૌ આજીવન સભ્યો, 'સુવિચાર'ના વાચકો-દાતાઓ અને શુભેચ્છકોને અમારો આ પ્રયાસ પસંદ આવશે.

સદ્વિચાર પરિવાર ટ્રસ્ટી મંડળ

- ડૉ. પંકજ એમ. શાહ "પદ્મશ્રી" પ્રમુખ
- પીયૂષ ઓ. દેસાઈ ઉપપ્રમુખ
- પ્રવીણ કે. લહેરી મેનેજિંગ ટ્રસ્ટી
- શૈલેશ આઈ. પટવારી સહમંત્રી
- જિતેન્દ્ર બી. પંચાલ કોષાધ્યક્ષ
- કે. આર. સિંઘ ટ્રસ્ટી
- વિનોદ એ. શાહ ટ્રસ્ટી
- નીના મધુસૂદન શાહ ટ્રસ્ટી

ગુજરાતના અનોખા આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલ દ્વારા ૧૯૬૫માં સ્થપાયેલ સદ્‌વિચાર પરિવારનો લગભગ છેલ્લાં ૬૦ વર્ષનો ભાતીગળ ઇતિહાસ છે. અનેક મૌલિક વિચારો નવી પહેલ અને પરિવર્તનશીલ સમાજની નાનામાં નાની જરૂરિયાત પૂરી કરવા માટે સદ્‌વિચાર પરિવારે હંમેશાં સંવેદના સાથે કાળજી રાખવા પ્રયત્ન કર્યો છે.

મૂળભૂત રીતે 'જે સારું વિચારશે તે સારું કરશે' તે સૂત્રમાં શ્રદ્ધા સાથે સમાજમાં સૌના દિલમાં સેવાનો દીવડો પ્રગટે તે માટે હરિભાઈએ ૩૦૦થી વધારે પુસ્તકો છપાવીને વિતરણ કર્યું. દર મહિને સદ્‌વિચારનું મુખપત્ર 'સુવિચાર' આજે ૧૦,૦૦૦ જેટલા પરિવારમાં નિયમિત વંચાય છે. 'સુવિચાર'ના ગ્રાહકો અને વાચકો જ અમારા દાતાઓ છે. તેમના સહયોગથી આજે 'સદ્‌વિચાર પરિવાર' સંસ્થા અનેકવિધ સેવાઓ આપી રહી છે.

સદ્‌વિચાર પરિવારની વિવિધ પ્રવૃત્તિઓ

૧. જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘરવપરાશ માટે આપવામાં આવે છે.

૨. શ્રીમતી શાંતાબહેન જયંતીભાઈ ચોકસી અને જયંતીભાઈ જેઠાલાલ ચોકસી માનસિક આરોગ્ય કેન્દ્ર દ્વારા માનસિક અશાંતિ અને હતાશા દૂર કરવા અદ્યતન સારવાર આપવામાં આવે છે.

૩. આજના યુગની જરૂરિયાત પ્રમાણે કમ્પ્યૂટરમાં પ્રાથમિક અને એડ્‌વાન્સ કોર્સ દ્વારા કોઈ પણ ઉંમરની વ્યક્તિને કમ્પ્યૂટર સંચાલન માટે સુસજ્જ કરવામાં આવે છે.

૪. આંજનેય રીડિંગરૂમમાં ૨૫૦ જેટલાં યુવાન-યુવતીઓ સમગ્ર વર્ષ દરમિયાન પ્રવેશ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે.

૫. **શુભમ્ હોલ** : સંસ્થાના સહયોગથી બે કલાકની સંપૂર્ણ વૈદિકવિધિ સાથે લગ્ન તેમજ તેના રજિસ્ટ્રેશન અંગેની તમામ કાર્યવાહી કરવામાં આવે છે. 'સદ્‌વિચાર પરિવાર'નાં રામદેવનગર અને નરોડા બંને સેન્ટર ઉપર આ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૬. **અન્નદાન મહાદાન :** સંત પુનિત ખીચડી પ્રસાદ દ્વારા ૧૦૦ જેટલી વ્યક્તિઓને નિઃશુલ્ક ભોજન અને જરૂરિયાતમંદ પરિવારોને રાશનકિટનું વિતરણ કરવામાં આવે છે.

૭. ડો. શિલિનભાઈ શુક્લની સ્મૃતિમાં દર મહિનાના બીજા રવિવારે આરોગ્ય વિષયક પ્રવચન દ્વારા નિષ્ણાત ડોક્ટરો રોગથી બચવા અને જરૂર જણાય તો યોગ્ય સારવાર લેવા માટે માર્ગદર્શન આપે છે.

૮. આજના સમયની તાતી જરૂરિયાતના સંદર્ભે સદ્‌વિચાર પરિવાર સિનિયર સિટીઝન-વડીલો માટે છેલ્લાં પાંચ વર્ષથી કાર્યરત છે. સદ્‌વિચાર પરિવાર વરિષ્ઠ ગૌરવ ગ્રૂપ, ૬૦થી વધુ ઉમરના સિનિયર સિટીઝન-વડીલો અરસપરસ હળી-મળી આનંદ કરી જીવનસંધ્યાને ઉત્સવરૂપ બનાવી શકે તે માટે ૩૨૫થી વધુ સભ્યો ધરાવતું આ ગ્રૂપ કાર્યરત છે, જેઓ સદ્‌વિચાર પરિવારના પ્રાંગણમાં અઠવાડિયામાં ત્રણ દિવસ ભેગા મળી અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે, તેમના સ્વાસ્થ્ય માટે સમયાંતરે વિવિધ ચેક-અપ કરવામાં આવે છે.

૯. **શ્રી હરિ ડાઈનિંગ હોલ :** શ્રી દિશા ફાઉન્ડેશન પ્રેરિત આ ભોજનાલય તરફથી દરરોજ ૧૦૦ જેટલા વરિષ્ઠ નાગરિકો ઘેરબેઠાં ટિફિન તેમજ ૬૦૦ જેટલી વ્યક્તિઓ ભોજન અને નાસ્તાની સુવિધાનો લાભ લે છે.

૧૦. **મદનમોહન રમણલાલ હોલ :** ૨૫૦ વ્યક્તિઓની ક્ષમતાવાળા આ હોલને ચાર કલાકના ધોરણે સાઉન્ડ સિસ્ટમ, ખુરશી, એરકન્ડિશન જેવી તમામ સુવિધા સાથે સામાજિક, ધાર્મિક પ્રસંગો માટે આપવામાં આવે છે.

૧૧. મેઘમણી ગ્રૂપના સૌજન્યથી સ્વજનની અંતિમયાત્રા માટે અદ્યતન 'મોક્ષવાહિની'ની સેવા નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

૧૨. **સ્વજનના મૃત્યુ પ્રસંગે :** વિદેશ વસતાં સંતાનોની અંતિમ સંસ્કારમાં હાજરીની રાહ જોતા પરિવારો માટે એરકન્ડિશન કોફિનની સેવા ઉપલબ્ધ છે.

૧૩. **વડીલોનાં અસ્થિનું વિસર્જનઃ** ચાણોદ-નર્મદા નદી અથવા હરિદ્વાર-ગંગા નદીમાં વિસર્જન માટે અસ્થિ સ્વીકારવામાં આવે છે.

૧૪. **જન-જનને ભોજનઃ** દાતાઓના સહયોગથી સેંકડો લાભાર્થીઓને દરરોજ દાળ-ભાત, શાક અને રોટલીનું ભોજન નિઃશુલ્ક પૂરું પાડવામાં આવે છે.

૧૫. મહિલા ઉત્કર્ષ કેન્દ્ર તરફથી સફળ મહિલાઓનાં સન્માન, મહિલાઓમાં જાગૃતિ અને તેમના સશક્તીકરણ માટે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષથી ૧૫૦૦ + બહેનોને સીવણ, કમ્પ્યૂટરમાં CCC, ટેલિ, બેકરી, બ્યુટી પાર્લર માટેના બેઝિક અને એડ્વાન્સ લેવલના કોર્સ કરીને સમાજમાં પોતાનું ગમતું અને જરૂરિયાતને અનુલક્ષીને કાર્ય કરીને આગળ વધવામાં 'સદ્વિચાર પરિવાર' સંસ્થા સહાયભૂત બની રહી છે.

૧૬. ગાંધીનગરના ઉવારસદ ખાતે સદ્વિચાર પરિવાર સંચાલિત હિરલક્ષ્મી ભીખાલાલ બેન્કર દિવ્યાંગ પુનર્વાસ કેન્દ્ર ખાતે ૨૦૦ દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે નિવાસી શાળા આવેલ છે. દિવ્યાંગો માટે તેમની શક્તિનું નિદર્શન થાય તેવા કાર્યક્રમો પણ સાથે યોજવામાં આવે છે.

૧૭. સદ્વિચાર પરિવાર મેક એ ડિફરન્સ સંસ્થાના સહયોગમાં સવાસો જેટલા અતિગરીબ પરિવારનાં બાળકોને સર્વાંગી વિકાસ માટે અનેકવિધ સુવિધાઓ પૂરી પાડે છે.

૧૮. અમદાવાદના નરોડા ખાતે સદ્વિચાર પરિવાર હરગોવનદાસ પ્રભુદાસ આંખની હોસ્પિટલ આવેલ છે, જેમાં દર્દીનાં મોતિયાનાં અદ્યતન ટોપિકલ પદ્ધતિથી ફેંકો મશીન દ્વારા લેન્સ મૂકીને ઓપરેશન ખૂબ જ નજીવા દરે કરવામાં આવે છે.

૧૯. સદ્વિચાર પરિવારની મણિનગર વિસ્તારમાં આવેલી શાખામાં ફિઝિયોથેરાપી સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. એલ.જી હોસ્પિટલ, મણિનગર ખાતે ખીચડી વિતરણનો સવાર-સાંજ અંદાજે ૩૦૦ વ્યક્તિઓને લાભ લે છે. દરરોજ સાંજે બહારગામના ૨૦ દર્દીઓનાં સગાંઓને ટિફિન સેવા, એલ.જી. હોસ્પિટલમાં દરરોજ સવારે અને સાંજે મફત દવાઓનું વિતરણ કરવામાં આવે છે. ત્યક્તા બહેનોને દર મહિને અનાજ સહાય, બીમાર દર્દીઓ માટેની માવજાતનાં સાધનો, લગભગ ૨૫ પ્રકારનાં ડિપોઝિટ લઈ ઓછા ભાડે, હોસ્પિટલ બેડ, વ્હીલચેર, ઓક્સીજન કોન્સન્ટ્રેટર, સક્શન મશીન, બાયપેપ તથા સીપેપ સુધીનાં સાધનોની સુવિધા ઉપલબ્ધ છે.

૨૦. સદ્વિચાર પરિવારના સ્થાપક અને આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલની પુણ્ય સ્મૃતિમાં સેવા ક્ષેત્રે સંપૂર્ણ સમર્પણ સાથે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારને

'શ્રી હરિભાઈ પંચાલ સેવારત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવે છે. દર વર્ષે ૬થી ૧૦ જાન્યુઆરીના પાંચ દિવસો દરમિયાન 'મનનો જમણવાર' યોજીને સમાજની વિવિધ પ્રતિભાશાળી વ્યક્તિઓને આમંત્રિત કરી તેમનાં વક્તવ્ય યોજવામાં આવે છે.

૨૧. સદ્‌વિચાર પરિવાર 'પરિણય મેરેજ બ્યૂરો' સાથે રહીને આજના સમયની બદલાતી સ્થિતિ અનુસાર જીવનસાથીની શોધ માટે મેરેજ બ્યૂરોની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે.

૨૨. **ડો. કે.આર. શ્રોફ સેવા સદન-સિનિયર સિટીઝન, વડીલો માટે આરોગ્ય વિષયક સેવાઓ:** આ પ્રવૃત્તિ કરતાં સમાજની આજની સ્થિતિ જોતાં અમને અનુભવે જણાયું કે પથારીવશ વડીલો, વિદેશમાં સંતાનો હોય અને તેમનાં માતા-પિતા એકલાં રહેતાં હોય, પોતાના પાત્રનું મૃત્યુ થતાં એકલા અને બીમાર પથારીવશ થતા વડીલો એમ એવા કેટલાય વડીલોની આરોગ્યવિષયક કાળજી માટેનું સ્થળ એટલે સદ્‌વિચાર પરિવારનું ચાર માળનું 'ડો. કે.આર. શ્રોફ સેવા સદન'. જ્યાં વડીલો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે અદ્યતન ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સેન્ટર, ડેન્ટલ ક્લિનિક, ફાર્મસી, લેબોરેટરી સેવાઓ, જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘર વપરાશ માટે આપવામાં આવે છે.

૨૩. વરિષ્ઠ નાગરિકો માટે આધુનિક રિહેબિલિટેશન સેન્ટર ૪૬ બેડ્‌સની ક્ષમતા સાથે ઉપલબ્ધ છે. આંખોના જતન માટે કોમ્યુનિટી આંખની હોસ્પિટલ તેમજ હેલ્થ કેર સહાય માટે તાલીમ કેન્દ્ર, વરિષ્ઠ નાગરિકો માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, મહિલાઓ માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, બાળકો માટે ક્લિનિક, જરૂરિયાતમંદ માટે નિઃશુલ્ક અથવા ખૂબ નજીવા દરે દવાખાનું, માનસિક આરોગ્ય ક્લિનિક, કોન્ફરન્સ હોલ, વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે જગ્યા "ડો. કે.આર. શ્રોફ સેવા સદન"માં આવેલ છે. હોમ કેર વાન સેવા ટૂંક સમયમાં શરુ થશે.

૨૪. દર શુક્રવારે તમામ બહેનો માટે સંપૂર્ણ શારીરિક તપાસ સંબંધિત વિષયોની નિષ્ણાત ડોક્ટરો દ્વારા તપાસ કરી આપવામાં આવે છે. આરોગ્ય સંકુલ મારફત સરેરાશ મહિનાના ૧૧૫૦ ઓપીડી દર્દીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવે

છે. વિવિધ રોગોના નિષ્ણાત તબીબો દ્વારા નિદાન અને સારવારની સુવિધા ખૂબ જ વાજબીદરે ઉપલબ્ધ છે.

૨૫. **જનરલ ડ્યૂટી આસિસ્ટન્સ કોર્સ:** ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માન્ય જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ સર્ટિફિકેટ કોર્સ નિ:શુલ્ક રીતે અમારા અનુભવી ડોક્ટરો તથા ટ્રેઈનરો દ્વારા વર્ગશિક્ષણ તથા પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. ત્રણ મહિનાની તાલીમ બાદ પેઈડ ઇન્ટર્નશિપની જોગવાઈ તેમજ રોજગાર મેળવવામાં પણ સહાય આપવામાં આવે છે.

૨૬. સદ્‌વિચાર પરિવારના પ્રાંગણમાં સોમવારથી શનિવાર દરરોજ સાંજે ૬ થી ૭ વાગ્યા દરમ્યાન ભાઈઓ અને બહેનો માટે યોગના વર્ગો નિયમિત રૂપે ચાલે છે જેમાં આપ સૌ લાભ લઈ શકશો.

૨૭. સદ્‌વિચાર પરિવાર સંચાલિત સી. આર. શાહ કમ્પ્યૂટર એન્ડ લેંગ્વેજ એકેડમીમાં ભારતીય અને વિદેશી ભાષા શિખવાડવામાં આવે છે, જેવી કે ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, ઈટાલિયન, ફ્રેંચ, જર્મન, રશિયન વગેરેના તાલીમવર્ગો માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા થકી ખૂબ અનુભવી ફેકલ્ટી દ્વારા શિખવાડવામાં આવશે, જેનો તમે લાભ લઈ શકશો.

આ વિવિધ સેવાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે એ ઉદ્દેશ સાથે આ સેવાની ધૂણી જેમણે પ્રજ્વલિત કરી છે એવા સદ્‌વિચાર પરિવારના સ્થાપક સ્વ. શ્રી હરિભાઈ પંચાલની મૂલ્યનિષ્ઠ વિચારધારા ઉપર અવલંબિત સંસ્થાના સમગ્ર ટ્રસ્ટીગણશ્રીઓ પૂરી નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્યરત છે.

- અમારી સેવાઓ અંગે વધુ માહિતી માટે
- તમે અમારો સંપર્ક E-mail: sdparivar.org@gmail.com અને આરોગ્યલક્ષી સેવાઓની માહિતી માટે અમારા સેવા સદનના હેલ્પલાઈન નંબર: ૯૮૯૮૩૭૭૭૦૦ ઉપર સંપર્ક કરી શકશો.

વધુ માહિતી માટે અમારી Website : www.sadvicharparivar.orgની મુલાકાત પણ લેતા રહેશો.

આ પુસ્તક આપ સૌને ઉપયોગી થઈ શકે એ ભાવના સાથે સદ્‌વિચાર પરિવારની સ્થાપનાના સાઈઠમા વર્ષની ઉજવણી એવા ષષ્ટી પર્વના ભાગરૂપે પુસ્તકમાં રહેલા વિચારભાવને અમે આપની સમક્ષ આ પુસ્તકને નવા સ્વરૂપ સાથે પુન: પ્રકાશિત કરી રજૂ કરી રહ્યા છીએ.

અનુક્રમણિકા

૧.	માતૃભાષા	૧
૨.	હું છું ગુજરાતી, મારી ભાષા ગુજરાતી	૩
૩.	વિશ્વ માતૃભાષા દિવસનું મહત્ત્વ શું ?	૪
૪.	ભાષાને શું વળગે ભૂર....રણમાં જે જીતે તે શૂર....	૮
૫.	માતૃભાષાદિનની શુભેચ્છાઓ	૯
૬.	શાળામાં ગુજરાતીનો અભ્યાસ હવે ફરજિયાત	૧૫
૭.	એક પિતાનો દીકરીને પત્ર	૨૪
૮.	વડીલોની વિટંબણા	૨૭
૯.	ધર્મસ્થાનોમાં મહિલા	૨૯
૧૦.	કેન્સરના ભરડામાં ગુજરાત દેશમાં બન્યું નંબર વન આ છે મુખ્ય બે કારણો	૩૩
૧૧.	વૈજ્ઞાનિક કે પ્રાકૃતિક ખેતી ?	૩૯
૧૨.	કેન્સર વધવાનાં કારણો	૪૧
૧૩.	ગુજરાતના ૧૯૬૦થી ૨૦૨૧ સુધીના મુખ્યમંત્રીઓની એક ઝલક	૪૯
૧૪.	ભારતના આર્થિક વિકાસમાં અંતરાયો	૬૦
૧૫.	વાસ્તવિકતા લોકશાહી કે બાબુશાહી ?	૬૮
૧૫.	કર ભલા હોગા ભલા	૮૧
૧૬.	જીવનનો વિરોધાભાસ	૮૩
૧૭.	પ્રેમ ચેપી હોય છે !	૮૫
૧૮.	આ અમદાવાદ છે	૮૬

૧. માતૃભાષા

વિશ્વ ગુજરાતી ભાષા દિન નિમિત્તે પ્રતિજ્ઞા લઈએ કે :

(૧) ગુજરાત રાજ્યમાં તમામ લોકો સાથે હું ગુજરાતીમાં વાતચીત અને વ્યવહાર કરીશ.

(૨) બિન-ગુજરાતી ભાઈ-બહેનોને મારી વાત સમજાય તેવું સરળ ગુજરાતી બોલી તેને ગુજરાતી સમજવા અને શીખવામાં મદદરૂપ થઈશ.

(૩) ગુજરાતી ભાષા બોલતી કે લખતી વખતે હું શક્ય હોય ત્યાં સુધી અંગ્રેજી શબ્દોનો ઉપયોગ ટાળીશ.

(૪) ગુજરાતી ભાષાની સ્પષ્ટતા વધે તે માટે હું મારા સંતાનોને સુંદર રીતે અને સાચી રીતે ગુજરાતી લખી, વાંચી અને બોલી શકે તેવું તેનું ખાસ શિક્ષણ આપીશ.

(૫) ગુજરાતી સાહિત્યના નામાંકિત કવિઓ વાર્તાકારો અને લેખકોની કૃતિઓનો સૌ કોઈ અભ્યાસ કરે તે માટે મારાથી શક્ય તેટલા તમામ પ્રયત્ન કરીશ.

(૬) ગુજરાતના ઉત્તમ સાહિત્યનું અન્ય ભાષાઓમાં અને અન્ય ભાષાઓનું ગુજરાતીમાં ભાષાંતર થાય તે માટે પ્રયત્ન કરીશ.

(૭) ગુજરાતી ભાષાને ટકાવી રાખવા અને વિકાસ કરવા માટે હું તન, મન અને ધનથી પ્રયત્ન કરીશ.

જ્યાં આપણે હોય અન્યનું હિત ત્યાં નિરસ વાત પણ બની જાય એક ગીત. તમારે તમારી જાતે દીવો બનીને સળગવાનું છે. મેસીબતોના મુસીબતોના પહાડ તૂટી પડે ત્યારે ધૈર્યવાન બનવાનું છે. જલતા અંગારા પર ડગલા માંડી નિર્જન પથ પર ચાલવાનું છે.

— જીવનની ક્ષણેક્ષણમાં કાંઈક નવીનતા, કાંઈક આશ્ચર્ય તો ક્યાંક કઠણાઈનો થશે અનુભવ.

– દરેક સવારે સૂર્યની જેમ તારે ઊગવાનું છે અને વિશ્વને પ્રકાશ અને ઊષ્મા આપવાના છે, અનિલ પઢિયારના.. કાવ્યનો ભાવાનુવાદ.

૨. હું છું ગુજરાતી, મારી ભાષા ગુજરાતી

મિત્રો, હવેથી ગુજરાતમાં દરેક ગુજરાતીઓએ ગુજરાતી ભાષાનું કેમ્પેઇન ચલાવવાનું છે. ગુજરાતી ભાષા અને ગુજરાતીઓનું ગૌરવ વધારવું હશે તો માત્ર સહી ગુજરાતીમાં કરવાથી નહીં ચાલે પણ તમારી સાથેના તમામ વ્યવહારો પણ ગુજરાતીમાં જ થવા જોઈએ. હાલમાં બેન્કોમાં, વીમા કંપનીઓમાં, પોસ્ટ અને રેલવેમાં, ટેલીફોન મોબાઈલ કંપનીઓમાં હિન્દી ભાષીઓનુ એટલે કે બીજા રાજ્યોમાંથી આવેલા કર્મચારીઓનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે જેથી તમે જે કોઈ પણ ઓફિસમાં જાવ ત્યારે તમારે સામેના અધિકારી હિન્દીમાં વાત કરે તો સૌ પ્રથમ કહી દેવાનું કે હું માત્ર ગુજરાતીમાં જ વાત કરીશ. જેથી તમારી સાથે વાત કરવા તેઓને ગુજરાતી કર્મચારી ને બોલાવવાની ફરજ પડશે જેથી ગુજરાતી કર્મચારીનું મહત્વ વધી જશે. તમારા મોબાઇલ ઉપર કોઇ પણ બેન્ક, વીમા કંપની કે ટેલીફોન - મોબાઈલ કંપની નો ફોન આવે તો ભાષા પસંદગી માટે કહેવામાં આવે તો પ્રથમ ગુજરાતી ભાષા જ પસંદ કરવી તેમજ સામે જે કોઈ વ્યક્તિ સાથે વાત કરવાની થાય અને જો તે હીન્દી ભાષી હોય તો તરતજ કહી દેવું કે હું માત્ર ગુજરાતીમાં જ વાત કરીશ. દરેક ઓફીસો સાથેનો પત્રવ્યવહાર ફરજિયાત ગુજરાતી ભાષામાં જ થવો જોઈએ. બેન્કિંગ વ્યવહાર સ્લીપો ગુજરાતી ભાષામાં જ છાપેલી માંગવાનો આગ્રહ રાખવો હાલમાં ઓરીસ્સા, બિહાર અને પશ્ચિમ બંગાળના કર્મચારીઓનું પ્રભુત્વ વધી રહ્યું છે તેના બદલે ગુજરાતીઓનું પ્રભુત્વ અને ગૌરવ વધારવું હશે તો ગુજરાતીઓએ આ પદ્ધતિ અપનાવવી જ પડશે. ‘જાગ્યા ત્યારથી સવાર’ આજથી જ શરૂઆત કરો કે ‘હું છું ગુજરાતી, મારી ભાષા ગુજરાતી.’ આજે ‘વિશ્વ ગુજરાતી ભાષા દિવસ’ની સૌ ગુજરાતીઓને હાર્દિક શુભકામનાઓ.

કોઈ કોમર્શિયલ ફાઈવ સ્ટાર બાવાને વંદન કરતાં આવા ઈશ્વરભાઈ જેવા શિક્ષકને મનોમન યાદ કરીએ.

– અનિલ પઢિયાર

૩. વિશ્વ માતૃભાષા દિવસનું મહત્ત્વ શું?

પૂર્વ પાકિસ્તાન અને પશ્ચિમ પાકિસ્તાન હતું, ત્યારે પશ્ચિમ પાકિસ્તાને ઉર્દૂ ને પૂર્વ પાકિસ્તાન એટલે કે હાલના બાંગ્લાદેશ પર ઠોકી બેસાડી... બાંગ્લા ભાષાના ચાહકોને આ વાત પસંદ ન પડી અને સ્થાનિક ભાષા માટે વિશાળ આંદોલન થયું. ભાષા બચાવવાના આંદોલનમાં ગોળીબાર પણ થયા અને અસંખ્ય મૃત્યુ પણ પામ્યા. માતૃભાષા પરત્વે આજની તારીખે વ્યક્ત થયેલા પ્રેમની યાદમાં યુનેસ્કો દ્વારા વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી થાય છે...

આપણે અલગ વાત કરવી છે, માતૃભાષાનું મહત્વ સમજવું છે. એક અર્થમાં માતૃભાષા એટલે જે આપણને પ્રકૃતિ પાસે લઇ જાય એ આપણા દિલ પર છવાયેલી ભાષા...

કોરોનાયુગના અનુભવ પછી માણસે સુખી થવું હોત તો? ચાલો, આજે યુરોપિયન ફિલોસોફર રુસોને યાદ કરીએ....

રુસો ફિલોસોફર થયો એ માટે સંજોગોએ મદદ કરી. બે વાર બગડી ગયો, બધા ગોરખધંધા કર્યા પછી જ્ઞાન સમજાયું...

અનુભવી રુસો વારંવાર કહેતો કે માણસ ગમે તેટલી પ્રગતિ કરે પણ તેણે પ્રકૃતિ તરફ પાછું વળવું પડશે. કોરોના યુગમાં પણ માણસ સુધરે એવું લાગે છે?

પ્રકૃતિમાં ક્યારેય અસમાનતા, પાપો કે ગુલામી હોતી નથી... પ્રકૃતિ પાસે પ્રફુલ્લિતતા અને સમૃદ્ધિ હોય છે, પ્રકૃતિ પાસે કોઈ અમીર ગરીબ હોતું નથી...

રુસો માનતો કે, ઝાડપાન, ફળફૂલ, વરસાદ, ઠંડી, ગરમી, સૂર્ય, તારાઓ જેવા પ્રાકૃતિક માધ્યમથી બાળકોને સમજાય તે રીતે ભણાવવા જોઈએ.

શાળામાં શિક્ષક અભ્યાસ માટે બાળકોને સજા કરે એ વાતનો રુસોને સખત વાંધો હતો.... એની વે.... આ રુસો કોણ હતો? તે

પ્રકૃતિ પ્રેમી શા માટે બન્યો? શા માટે ઓશો જેવી વિદ્વાન વ્યક્તિ પણ રુસોને વારંવાર યાદ કરતી? રુસોનો એક જ પ્લસ પોઈન્ટ હતો..... એ હતી તેની જિંદગી અને જિંદગીના ખરાબ અનુભવો............

જીન જેક્સ રુસો યુરોપના જિનીવામાં ૧૭૧૨માં જન્મ્યા, જનમતા જ માતા મૃત્યુ પામી. રુસો તેના પિતા અને ફોઈના સહારા પર ઉછર્યો. તેના પિતા અવળી લાઈનના... ગુસ્સા વાળા... રુસોને ઘરમાં પ્રેમને બદલે તિરસ્કાર અને ગાળો મળે. આ પરિસ્થિતિમાં રુસોને

એક ગંદી આદત પડી, ગંદકીથી ભરપૂર સાહિત્ય વાંચન કરવાની... હા, વાંચન ચોક્કસ હતું પણ બિભત્સ...

ગંદકીસભર સાહિત્ય વાંચતા ફોર ધ ચેન્જ તેના દાદાના કલેક્શનમાંથી બે સ્મરી ચોપડીઓ મળી, રુસોએ એ પણ વાંચી નાખી...ધીમે ધીમે રુસોને સારા સાહિત્યમાં રસ પડ્યો.....

રુસો અચાનક મોસાળના ગામ એટલે કે બોસી નામના ગામમાં રહેવા ગયો. ગામની આસપાસ જંગલો.... પહેલીવાર રુસોને પ્રકૃતિની માણવાની મજા આવી. બોસીમાં કોઈ વાંક ગુના વગર રુસોને સજા થઈ, બળવાખોર મન પેદા થયું.... તેને સમજાયું કે માણસનું સુખ માત્ર પ્રકૃતિ વચ્ચે જ છે....પ્રકૃતિ ક્યારેય અપમાનિત કરતી નથી.

રુસો પાછો જિનીવા આવ્યો. ફરી ખોટી આદતો પડવા લાગી..નોકરી કરી તો તેના શેઠ દ્વારા નર્યું શોષણ અને અપમાનો... કંટાળીને રુસોએ ફરી ડુંગર ભમવા શરૂ કર્યા, તો સજ્જનતા મનમાં પ્રવેશવા લાગી... અનુભવોને આધારે રુસો માનવા લાગ્યો કે સારા માણસ બનવું હોય તો પ્રકૃતિ પાસે જવું જોઈએ.

રુસો ઓગણીસ વર્ષે અત્યંત દેખાવડી વોરેન્સ નામની છોકરીના પ્રેમમાં પડ્યા, લગ્ન કર્યું પણ વોરેન્સ માથાભારે હતી... વોરેન્સ સાથે સહજીવનમાં રુસો સંગીત સાહિત્ય, ફિલોસોફી, ઈતિહાસ વગેરેના અભ્યાસુ બન્યા, લખવાનું શરૂ કર્યુ. ઈનશોર્ટ ફિલોસોફર બન્યા.

રુસો વોરેન્સને છોડી પેરિસ આવ્યા, પેરિસમાં થેરેસા નામની યુવતી મળી, એ પણ માથાભારે... કદાચ માથાભારે પત્નિ મળે તો

જ ફિલોસોફર થવાય એવો એ સમયે રિવાજ હશે? આપણા રુસોભાઈએ નિયમિત લખવાનું, મિન્સ વિચારવાનું શરુ કર્યુ.

પ્રકૃતિ પ્રેમ આધુનિક દુનિયાની ફિલોસોફીમાં અલગ ભાત પાડતું સોશ્યલ કોન્ટ્રાક્ટ નામનું પુસ્તક લખ્યું, રુસો આખી દુનિયામાં પ્રસિદ્ધ થયા..... ફ્રાન્સની સરકારને પુસ્તકમાં બળવો દેખાયો, રુસો જર્મની અને ત્યાંથી ઇંગ્લેન્ડ ગયા પણ જામ્યું નહીં.

રુસોએ એમિલ નામનું એજ્યુકેશન પર પુસ્તક લખ્યું, પેરિસ પાછા આવ્યા અને ગરીબીમાં મૃત્યુ પામ્યા....

રુસો પ્રકૃતિના અનુભવો પરથી માનતા કે માણસ તો ઈશ્વરનો ભાગ છે, ખોટી રીતે પૂજાપાઠ કરવા કરતાં પ્રકૃતિને પ્રેમ કરો.... જે વેદનું જ્ઞાન છે.

રુસોના મતે માણસે પોતાનો સ્વાભાવિક વિકાસ થવા દેવા જોઈએ તો જ અંતરનું સામર્થ્ય બહાર આવશે બાકી ગોખીને ભણવાનો કોઈ અર્થ નથી, શિક્ષણ પ્રથા માટે ગુસ્સો માનતો કે સ્વ અનુભવ જેવો કોઈ શિક્ષક નથી. પ્રશ્ન એટલો જ છે કે રુસોના મતે પ્રકૃતિ એટલે શું?

રુસો માનતો કે પ્રકૃતિ એટલે વૃક્ષો, પશુપંખી, જંગલો, ખેતી, તળાવો, નદીઓ, પહાડો તો ખરાં જ પણ... માનવજાતનું શું?

રુસો માનતો કે કુદરત સાથે માનવનું સહઅસ્તિત્વ સૌથી મહત્વનું છે, માનવીના સામાજિક સંબંધો, તેની વર્તણૂંક અને.....માનવ જે સરળ રીતે સમજી શકે એ ભાષામ મિત્મ્ય માતૃભાષી

કુદરત કે પ્રકૃતિ સમજી શકે એ આપણી માતૃભાષા......

દુનિયામાં જ્ઞાનની અનેક ભાષા આવશે પણ દિલમાં એક એવી ભાષા વસેલી હોય છે, જેમાં મિત્રોને ગાળ દેવાય, મજાકો કરાય કે પ્રકૃતિ સમીપે લઇ જાય.

તા કિવતા લખવાની કે વિચારવાની મજા આપણા મનમાં રહેલી માતૃભાષામાં જ આવે. અરે, મજેથી ગાઢ નિદ્રામાં સપના જોવાની મજા તો માતૃભાષામાં જ આવે......

બાકી, નેશનલ જયોગ્રોફિક સોસાયટી એન્ડ લિવિંગ ટેન્ગસ્ઈન્સ્ટિટયૂટ ફોર એંડેજ લેંગ્વેજેજ દ્વારા એક સર્વેક્ષણ રજુ થયું હતું, આ મુજબ જગતમાંથી પ્રતિ પંદર દિવસે એ ભાષા લુપ્ત થાય છે.

સવાલ આ ભાષાનો નથી, પણ ભાષા સાથે જ્ઞાન, લોકસાહિત્ય, ઈતિહાસ, શબ્દભંડો સંસ્કૃતિ અને વારસો નષ્ટ થાય છે....

લેખન અને સંકલન

દેવલ શાસ્ત્રી

૪. ભાષાને શું વળગે ભૂર...
રણમાં જે જીતે તે શૂર...

— અખો

કવિ અખાની વાણી ભાષા કરતાં કાર્યને અને સિદ્ધિને વધારે મહત્વ આપે છે.

આપણા દેશમાં દ્રવિડ કુળની ભાષાઓ તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમમાં તમિલ ભાષા અતિ પ્રાચીન છે, સમૃદ્ધ છે અને દરિયાપારના દેશોમાં પણ તેનો પ્રભાવ જોઈ શકાય છે. આર્યકુળની સંસ્કૃત ભાષા મધ્યયુરોપ અને રશિયાની ભાષા સાથે નોંધપાત્ર સામ્યતા ધરાવે છે. અનેક ભાષાવિદો શબ્દોની સરખામણી અને વિશ્લેષણ કરીને આપણને ખૂબ જાણકારી આપે છે.

જાણીતા ડાબેરી વિચારસરણીના ઈતિહાસ લેખિકા રોમિલા થાપરે કરેલા સંશોધન મુજબ : 'તમિલ ભાષાના કૃષિને લગતાં અનેક શબ્દો જેવા કે 'ઓખલ', 'મુશળ', 'બાન', 'સ્પેડ' વિગેરે સંસ્કૃત ભાષામાં સમાવાયા છે. 'સ્પેડ' ગુજરાતીમાં પાવડો, મૂશળ ગુજરાતીમાં સાંબેલું, સિકલ - ગુજરાતીમાં દાતરડું વિગેરે ઓજારોના નામો તમિલ ભાષામાંથી ઉતરી આવ્યો છે તેવા ઈતિહાસકાર પ્રેમ પ્રકાશનો અભિપ્રાય હવે સ્વીકાર્ય બનતો જાય છે.

૫. માતૃભાષાદિનની શુભેચ્છાઓ !

જો આપ સમયનો સદઉપયોગ કરવા માંગતા હોય, જીવનમાં આવતી મુશ્કેલીઓ સામે લડવા માંગતા હોય અને શિક્ષણ, અધ્યાત્મ, શૂરવીરતાના પ્રસંગ વાંચવા હોય તો સમૃદ્ધ ગુજરાતી સાહિત્ય છે જ. માટે આપને શ્રેષ્ઠ વાંચવાલાયક ગુજરાતી પુસ્તકોની યાદી મોકલું છું.

સૌરાષ્ટ્રની રસધાર - ઝવેરચંદ મેઘાણી
સત્યની શોધમાં - ઝવેરચંદ મેઘાણી
સોરઠી બહારવટિયાઓ - ઝવેરચંદ મેઘાણી
માણસઈના દીવા - ઝવેરચંદ મેઘાણી.
અપરાધી - ઝવેરચંદ મેઘાણી.
ઓથાર - અશ્વિની ભટ્ટ
અંગાર -અશ્વિની ભટ્ટ
આખેટ - અશ્વિની ભટ્ટ
ફાંસલો — અશ્વિની ભટ્ટ
કસબ - અશ્વિની ભટ્ટ
રામત - અશ્વિની ભટ્ટ
કમઠાણ - અશ્વિની ભટ્ટ
અર્ધી રાતે આઝાદી - અશ્વિની ભટ્ટ
પ્રીત કિયે સુખ હોય - જય વસાવડા
યુવા હવા - જય વસાવડા
સાહિત્ય અને સિનેમા - જય વસાવડા
માહિતીનો મહાસાગર - જય વસાવડા
નોલેજ નગરીયા - જય વસાવડા
જય હો - જય વસાવડા
સાયન્સ સમંદર - જય વસાવડા
જીકે જંગલ - જય વસાવડા

પીળા રૂમાલની ગાંઠ - હરકિશન મહેતા
મુક્તિબંધન - હરકિશન મહેતા
સત્યના પ્રયોગો - ગાંધીજી
મારી આત્મકથા - મહાત્મા ગાંધીજી
કન્યાને પત્રો - ગાંધીજી
અર્ધી સદીની વાંચન યાત્રા - મહેન્દ્ર મેઘાણી
સળગતાં સૂરજમુખી - મહેન્દ્ર મેઘાણી
વાંચન યાત્રાનો પ્રસાદ - મહેન્દ્ર મેઘાણી
મળેલા જીવ - પન્નાલાલ પટેલ
માનવીની ભવાઈ - પન્નાલાલ પટેલ
ગુજરાતનો નાથ - કનૈયાલાલ મુનશી
પાટણની પ્રભુતા - કનૈયાલાલ મુનશી
પૃથ્વી વલ્લભ - કનૈયાલાલ મુનશી
મુન્શીનો વૈભવ - કનૈયાલાલ મુનશી
જય સોમનાથ - કનૈયાલાલ મુનશી
કૃષ્ણાવતાર - કનૈયાલાલ મુનશી
ફાઈવ પોઈન્ટ સમવન - ચેતન ભગત
થ્રી મિસ્ટેક્સ ઓફ માય લાઈફ - ચેતન ભગત
વન નાઈટ એટ કોલ સેન્ટર - ચેતન ભગત
કૃષ્નાયણ - કાઝલ ઓઝા વૈધ
એકબીજાને ગમતા રહીએ - કાઝલ ઓઝા વૈધ
મધ્યબિંદુ - કાઝલ ઓઝા વૈધ
ડોક્ટરની ડાયરી - ડો. શરદ ઠાકર
સિંહપુરુષ - શરદ ઠાકર
સમયના સથવારે - ડો. આઈ.કે. વીજળીવાળા
અમૃતનો ઓડકાર - ડો. આઈ.કે. વીજળીવાળા
સાઈલન્સ પ્લીઝ - ડો. આઈ.કે. વીજળીવાળા
મોતિચારો ડો. આઇ. કે. વિજળીવાળા

સાથીદારની શોધમાં - ડો. આઈ. કે.વિજળીવાળા
ઝેર તો પીધા છે જાણી જાણી - મનુભાઈ પંચોળી
સોક્રેટીસ - મનુભાઈ પંચોળી
કૃષ્ણનું જીવનસંગીત - ગુણવંત શાહ ।
સેક્યુલર મુરરબો -- ગુણવંત શાહ
કબિરા ખડા બાજાર મે -- ગુણવંત શાહ
મનના મેઘધનુષ - ગુણવંત શાહ
મરો ત્યાં સુધી જીવો - ગુણવંત શાહ
શ્વાસની એકલતા - ચંદ્રકાંત બક્ષી
બક્ષીનામા - ચંદ્રકાંત બક્ષી
પેરાલીસીસ - ચંદ્રકાંત બક્ષી
ઈગો - ચંદ્રકાંત બક્ષી
આકાર - ચંદ્રકાંત બક્ષી
લીલી નસોમાં પાનખર - ચંદ્રકાંત બક્ષી
બાકી રાત - ચંદ્રકાંત બક્ષી
મહાજાતી ગુજરાતી - ચંદ્રકાંત બક્ષી
જસ્ટ એક મિનીટ રાજુ અંધારિયા
સાત પગલાં આકાશમાં - કુન્દનિકા કાપડિયા
પ્રેમ સમીપે - કુન્દનિકા કાપડિયા
વંશ વિચ્છેદ - મહેશ યાજ્ઞિક
અઘોર નગર વાગે- મોહનલાલ અગ્રવાલ
ટારઝન - રમણલાલ સોની
આંગતુક - ધીરુબેન પટેલ
વાંસનો અંકુર - ધીરુબેન પટેલ
પુરુષાર્થની પ્રતિમા ધીરુભાઈ અંબાણી -દિનકર પંડ્યા
કુસુમમાળા - નરસિંહરાવ દિવેટિયા
ટોલ્સટોયની ૨૩ વાર્તાઓ - ટોલ્સટોય ન હન્યતે– મૈત્રેયી દેવી સ્વર્ગની

લગોલગ -મૈત્રેયીદેવી મનની વાત — સુધા મૂર્તિ
મારા અનુભવો — સ્વામી સચ્ચિદાનંદ
મન્ટોની વાર્તાઓ — શરીફા વીજળીવાળા
અજાણીનું અંતર - શરીફા વીજળીવાળા
અલગારી રખડપટ્ટી - રસિક ઝવેરી
બાળપણના વાનરવેડા - વજુ કોટક
વહાલના વલખા - જોસેફ મેકવાન
આગંળિયાત - જોસેફ મેક્વાન
ભદ્રંભદ્ર - રમણલાલ નીલકંઠ
શબ્દોની સોનોગ્રાફી - બકુલ બક્ષી
છ અક્ષરનું નામ - રમેશ પારેખ
એન્જીયોગ્રાફી - રતિલાલ બોરીસાગર
શોધ શોધ તુ ભીંતર શોધ (ગુજરતી અનુવાદ) - ઓશો રજનિશ
જિંદગી જિંદગી - નગેન્દ્ર વિજય
કોસમોસ - નગેન્દ્ર વિજય
મારો વરસાદ - તુષાર શુક્લ
જનમટીપ - ઈશ્વર પેટલીકર
દરિયાલાલ - ગુણવંતરાય આચાર્ય
મડીયાની શ્રેષ્ઠ વાર્તાઓ - ચુનીલાલ મડીયા
વેળા વેળાની છાંયડી - ચુનીલાલ મડીયા
અસુર્યલોક - ભગવતીકુમાર શર્મા
માધવ ક્યાંય નથી મધુવનમાં - હરીન્દ્ર દવે
મુખવટો - હરીન્દ્ર દવે
સંગ અસંગ - હરીન્દ્ર દવે
ભારેલો અગ્નિ - ર.વ.દેસાઈ
દિવ્યચક્ષુ - ર.વ.દેસાઈ
રામ્યલક્ષમી - ર.વ.દેસાઈ

ધૂમકેતુની શ્રેષ્ઠ વાર્તાઓ - ધૂમકેતુ

અમાસના તારા - કિશનસિંહ ચાવડા

સરસ્વતીચંદ્ર - ગો.મા.ત્રિપાઠી

અણસાર - વર્ષા અડાલજા

માટીનું ઘર - વર્ષા અડાલજા

શગ રે સંકોરું - વર્ષા અડાલજા

મહામાનવ શ્રીકૃષ્ણ - નગીનદાસ સંઘવી

દેવોની ભૂમિ - ભોળાભાઈ પટેલ

શબ્દલોક - ફાધર વાલેસ

વાણી તેવું વર્તન - ફાધર વાલેસ

મૃત્યુ મરી ગયું - ઉષા શેઠ

કુંતિ - રજનીકુમાર પંડ્યા

ઓળખ પરેડ - અશોક દવે

આંસુ ભીનો ઉજાસ - દિલીપ રાણપુરા

વિનોદની નઝરે - વિનોદ ભટ્ટ

તણખા મંડળ - ધૂમકેતુ

ગુલાબી આરસની લગ્ગી - હરિકૃષ્ણ પાઠક

રખડુ ટોળી - ગિજુભાઈ બધેકા

કુરુક્ષેત્ર - ભૂપેન્દ્રસિંહ રાઓલ

૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા - જુલે વર્નસાહસિકોની સૃષ્ટિ - જુલે વર્ન મારી જનમટીપ -વીર સાવરકર રંગ બિલોરી કાચના - નાનાભાઈ

જેબલિયા રેવન્યુ સ્ટેમ્પ-અમૃતા પ્રીતમ વંશવિચ્છેદ - મહેશ યાજ્ઞિક

અઘોર નગર વાગે - મોહનલાલ અગ્રવાલ

મારી સ્મરણયાત્રા - કાકા સાહેબ કાલેલકર

હિમાલયનો પ્રવાસ - કાકાસાહેબ કાલેલકર

આઠમો રંગ - હેમાંશી શેલત

ખતવણી(વાર્તાઓ) - ઉત્પલ ભાયાણી
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા-શિવકુમ

આભાર સહ,
વિશ્વગુર્જરીની શુભેચ્છાઓ !

૬. શાળામાં ગુજરાતીનો અભ્યાસ હવે ફરજિયાત

- પ્રવીણ ક. લહેરી

સમગ્ર વિશ્વમાં અંગ્રેજીની આંધીએ અનેક ભાષાઓના અસ્તિત્વ પર ખતરો પેદા કર્યો છે. ગુજરાતી માધ્યમની શાળાઓ ટપોટપ બંધ પડતી જાય છે. અંગ્રેજી માધ્યમ માટે વાલીઓની ઘેલછા હવે માનસિક બિમારીની કક્ષાએ પહોંચી ચૂકી છે. અંગ્રેજી ફાંકડી રીતે બોલી શકે, વાંચી શકે, લખી શકે તો જ ઉજ્જવળ ભવિષ્ય છે તેવી માનસિકતાનો ભોગ હું પણ બન્યો છે. ગુજરાતના પછાત વિસ્તારમાંથી માંડ માંડ ધો. ૧૧ પાસ કરી ૧૯૬૧માં હું મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં પ્રવેશ માટે ગયો ત્યારે ફોર્મ ભરવામાં જ નહીં ઈન્ટરવ્યુમાં મારા મોટાભાઈ નરેન્દ્રની મદદથી કામ પાર પડ્યું. મારી ઈચ્છા આઈ.એ.એસ.ની પરીક્ષા આપવાની હતી ત્યારે આ સ્પર્ધાત્મક પરીક્ષાનું માધ્યમ માત્ર અંગ્રેજી હતું. તેથી અંગ્રેજી માધ્યમમાં ભણવું જરૂરી હતું. જો કે ૧૯૬૮થી પ્રથમ હિન્દી અને ત્યારબાદ પ્રાદેશિક ભાષાઓના માધ્યમનો વિકલ્પ મળ્યો છે. જો કે તૈયારી માટે અંગ્રેજી પુસ્તકોનો અભ્યાસ હજી પણ અનિવાર્ય છે. અંગ્રેજી ભાષાની ગુલામીની બેડીઓ અંગ્રેજો નહીં પણ આપણા શાસકો અને ન્યાયતંત્રએ મજબૂત બનાવી છે. માતૃભાષાની હત્યા નહીં તો તેને ગંભીર ઈજા પહોંચાડવાનું પાપ મારી પેઢીના શાસકો-પ્રશાસકોને શિરે લખાયેલું છે. હવે મોબાઈલ, ઈન્ટરનેટ, કોમ્પ્યુટર, સોફ્ટવેર વિગેરેને કારણે અંગ્રેજીનો ઉપયોગ અનેકગણો વધ્યો છે. જો કે આજે પણ અંગ્રેજી સમજતાં, બોલતાં લોકોની ટકાવારી ૧૦ ટકા જેટલી અંદાજવામાં આવેછે. ૨૦૧૧ની વસ્તી ગણત્રીમાં માત્ર ૨.૮૬ લાખ લોકોએ અંગ્રેજીને માતૃભાષા તરીકે લખાવી હતી. આ ઉપરાંત ૧ કરોડ ૩૦ લાખ લોકોએ અંગ્રેજીનું જ્ઞાન,

બોલવા, લખવા, વાંચવાની આવડત દર્શાવી હતી. જો કે છેલ્લા ૧૦ વર્ષમાં આ આંકડો કદાચ બમણો થયો હોય તો નવાઈ નહીં. હિન્દી પછી ભારતમાં ભાષાના ઉપયોગની દૃષ્ટિએ અંગ્રેજી દ્વિતીય સ્થાને પહોંચી છે. આપણે સૌ અંગ્રેજી માનસિકતાથી મુક્ત કરવાના આહ્વાનો અંગ્રેજીમાં કરીએ છીએ. ન્યાયના કઠેડામાં ઉભેલો માણસ ખાસ કરીને હાઈકોર્ટના દરવાજા ખટખટાવતો નાગરિક રજૂઆત લેખિત કે મૌખિક માત્ર અંગ્રેજીમાં કરી શકે તેના જેવી બીજી વાહીયાત વ્યવસ્થા કઈ હોય શકે ?

૧લી મેએ ગુજરાતની જેમના લોકસેવામાં ઘસાયને જેમના બરછટ થયેલા હાથોથી થઈ છે તેવા મુઠ્ઠી ઊંચેરા માનવી શ્રી રવિશંકર મહારાજે શીખ આપી હતી કે ગુજરાતનો તમામ વહીવટ ગુજરાતીમાં જ કરજો. પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાએ પ્રજાજોગ સંદેશામાં આવું જ થશે તેની ખાતરી ઉચ્ચારી હતી. ૧૯૬૦થી ૧૯૮૦ના ૨૦ વર્ષો દરમિયાન વહીવટમાં ગુજરાતીના ઉપયોગ માટે સઘન અને સાતત્યપૂર્ણ પ્રયત્નો થયા હતાં. વહીવટી શબ્દકોશની રચના ઉપરાંત ગુજરાતી લઘુલિપિકા (સ્ટેનો)ની નિમણૂંક, નોંધ અને પત્રવ્યવહારમાં ગુજરાતીના ઉપયોગનો આગ્રહ રહ્યો હતો. ૧૯૮૦પછી તો ન તો યોગ્ય રીતે ભાષા નિયામકની નિમણૂંક થાય છે કે ન તો ગુજરાતીના ઉપયોગ અંગે સરકારમાં ચિંતા થઈ હતી.

૨૦૨૧માં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વરણી રાજ્યના મુખ્યમંત્રી પદે થયા બાદ પ્રથમ પત્રકાર મિલનમાં તેમણે જાહેર કર્યું કે હું તમામ જાહેર સ્થળે માત્ર ગુજરાતીમાં જ વાત કરીશ. માતૃભાષા માટે આ વિધાન ખૂબ મહત્વનું સાબિત થયું છે. ગુજરાત વિશ્વકોશને જ્યારે લંડનના ચંદેરીયા ફાઉન્ડેશને ગુજરાતી લેક્સિકોનનો પ્રોજેક્ટ સંચાલન માટે સુપ્રત કર્યો ત્યારે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં જે સમારંભ થયો તેનાથી માતૃભાષાને અનેરો લાભ પ્રાપ્ત થયો. જ્ઞાનકોશ અને શબ્દકોશના સહઅસ્તિત્વ અને 'ઓનલાઈન' (જીવંત) જોવાની વ્યવસ્થાના પ્રારંભ સાથે સૌ કોઈ માટે ગુજરાતીની ભાષા સમૃદ્ધિ, જ્ઞાન, કાવ્યો વિવિધ

વિષયોની સચોટ માહિતી, જોડણી, અર્થો સહિત અનેક બાબતોમાં ખૂબ સરળતા થઈ છે. આનો લાભ દરરોજ હજારો જિજ્ઞાસુઓ લે છે તે દર્શાવે છે કે આપણી માતૃભાષા ગુજરાતીના ઉપયોગનું પ્રમાણ ખૂબ સારું છે. જરૂરિયાત છે જાગૃત થવાની. માતૃભાષાની ઉપેક્ષા તો દાયકો સુધી કરી છે. અમુક લોકો તો ગર્વ સાથે કહે છે કે હું વિદેશ વસું છું. હું અંગ્રેજી મિડિયમમાં ભણ્યો છું. હું ગુજરાતી સમજુ છું પણ મને બોલતાં નથી ફાવતું... યુ. નો ? લખવાની તો આદત જ નથી. વાંચુ તો અડધું પડધું જ સમજાય. આવું કહેનારાને લાજ-શરમ આવે તેવા માહોલનું નિર્માણ એ તાકીદનો પડકાર છે.

ગુજરાત વિશ્વકોષના સમારંભમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈને વિનંતી કરી કે મહારાષ્ટ્ર, કર્ણાક્ટ, બંગાળ જેમ શાળામાં ગુજરાતી વિષય તરીકે અચૂક ભણાવાય તે જરૂરી છે. મુખ્યમંત્રીનો પ્રત્યુત્તર સાવ ટૂંકો હતો. "જે શબ્દ આગળ માતા શબ્દ જોડાય તે આપણા માટે સદૈવ પૂજનીય જ હોય " અને એમણે ફરજિયાત રીતે શાળા કક્ષાએ ધો.૧થી ૮ સુધી ગુજરાતી વિષય દાખલ કરતો કાયદો કરીને દર્શાવી આપ્યું છે કે માતૃભાષાનું ગૌરવ આપણું ગૌરવ છે. માતૃભાષા અભિયાન વતી રાજેન્દ્ર પટેલે પણ કોર્ટમાં જાહેર હિતની અરજી કરીને આ જરૂરિયાતને ન્યાયની સરાણે ચઢાવી. કાયદામાં કોઈક અકળ કારણોસર જે ત્રુટિઓ હતી તેના નિવારણ માટે સરકાર સાથે સંકલન કર્યું. કાયદો જરૂરી સુધારા સાથે સર્વાનુમતે મંજુર થયો તે સ્પષ્ટ કરે છે કે પ્રજામાં આ મુદ્દે મતભેદ નથી. સરકારના આ નિર્ણયને ઉત્સાહભેર વધાવીને આપણે ઉત્સવ મનાવવો જોઈએ. માત્ર કાયદાથી ભાષાનું સંરક્ષણ કે સંવર્ધન નહીં થાય. તે માટે આપણે સહીયારા પુરુષાર્થની જરૂર છે. સમાજના તમામ સ્તરે માતૃભાષાની મહત્તા સમજાય. સ્પર્ધાત્મક પરીક્ષા હોય કે વિદેશ વ્યાપાર તેમાં આપણે અંગ્રેજી આપણે ખપ પૂરતું વાપરીએ, શીખીએ પણ અંગ્રેજી જેથી ચિત્રવિચિત્ર ભાષા આપણા પર સવાર થઈ જાય, પ્રભુત્વ જમાવે તે તો આપણે કેમ સહન કરીએ ? અંગ્રેજી અંગેનો મારો ભ્રમ ત્યારે ભાંગ્યો જ્યારે મેં

ચીન- જાપાન, હ્યુસ, જર્મની, ઈટલી જેવા દેશોની મુલાકાતમાં જોયું કે માતૃભાષાને સૌ ચુસ્ત રીતે વળગી રહે છે. મારા એક વર્ષના ઈંગ્લેન્ડ નિવાસ દરમિયાન સાવ નવો જ અનુભવ થયો. યુનિવર્સિટીમાં કોઈ પૂછે કે તમે કેટલી ભાષાઓ જાણો છો. આપણે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી એમ ચાર ભાષા ગણાવીએ ત્યારે પ્રશ્નકર્તાની આંખો પહોળી થઈ જાય અને કહે, અમે તો એક અંગ્રેજી જ જાણીએ છીએ. અમારે ત્યાં બે ત્રણ- ભાષા જાણતાં લોકો જૂજ હોય છે.'' અંગ્રેજી વિશ્વમાં કડીરૂપ ભાષા છે પણ દુનિયાના વિવિધ દેશોમાં (અંદાજે ૨૬) સ્પેનિશ બોલતાં લોકોની સંખ્યા અંગ્રેજી બોલતાં લોકોની સંખ્યાની નજીક છે.

આપણા દેશની સ્થિતી વિચિત્ર છે. અહીં ડૉક્ટર, વકીલ, આર્કિટેક્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, માસ્ટર ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (એમ.બી.એ.), ઈજનેરો ફાઈનાશ્યલ એનાલિસ્ટો વિગેરે વ્યવસાયો માટે અંગ્રેજીનો ઉપયોગ અનિવાર્ય છે. અંગ્રેજી જાણકારનો પ્રભાવ પડે છે. તેની શૈલીથી લોકો અંજાય છે. અનેક સત્તાધીશો, તવંગરો, વ્યવસાયિકો અને પ્રાધ્યાપકો માટે અંગ્રેજી પ્રગતિનું સોપાન બન્યું છે. તેમાં અંગ્રેજી કરતાં આપણી ગુલામીની માનસિકતા અને લઘુતાગ્રંથી જવાબદાર છે.

આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે આપણે એક વાત સમજીએ તો સારું. અંગ્રેજીના ઉપયોગના કારણે આપણી ખૂબ મોટી સંખ્યાના લોકો વિકાસ પ્રક્રિયામાં સહભાગી બની શક્યા નથી. ૨૦૪૭માં આઝાદીની શતાબ્દીએ એ આપણે વિશ્વગુરુ કે મહાસત્તા બનવું હશે તો જનસામાન્યની સક્રિય ભાગીદારી વિના તે શક્ય બનશે નહીં. શ્રી વિનોબાજી, શ્રી નરસિંહરાવ, શ્રી જીરાકર સહિત અનેક વિદ્વાનોએ આપણને સમજાવ્યું છે કે આપણે આપણા દેશની પ્રાદેશિક ભાષાઓ સહેલાઈથી શીખી શકીએ છીએ. આઝાદીના અમૃતકાળમાં ગમે તે વયે, ગમે તેવા સંજોગોમાં આપણે ભારતની એક પ્રાદેશિક ભાષા શીખવાનો પ્રયત્ન કરવો જોઈએ. મારી બંગાળી લાગતી અટક ધ્યાને રાખીને

અને દેશના ઉત્તમ સાહિત્યને વાંચીને આનંદ લેવા હું બંગાળી ભાષા શીખવા માટે પ્રયત્ન જરૂર કરીશ. આપણા જે સર્જકો અન્ય ભાષામાં પારંગત હતાં તેમનો સાહિત્ય વારસો નોખી ભાત પાડે છે.

●

ગુજરાત સરકારે સર્વાનુમતે શાળામાં ગુજરાતી ભાષા ફરજિયાત વિષય તરીકે ભણાવાય તેવો કાયદો કર્યો. આ ઘડીએ પ્રશ્ન પૂછવાનું મન થાય, ‘કાયદો તો થયો, હવે આપણે કરવાનું શું ?'' લોક ભાગીદારી વિના ભાષાને જીવંત રાખી તેનું ખેડાણ કરી ઉત્તમ સંસ્કારો અને મુલ્યોનું પોષણ કરવું તે સમર્પણ, પરિશ્રમ, અને સહયોગ માંગે છે. નરસિંહ, મીરાં, દયારામ, હેમચંદ્રાચાર્ય, દલપત, નર્મદ, ગોવર્ધનરામ, ઉમાશંકર, સુંદરમ્, પન્નાલાલ, રાજેન્દ્ર શાહ, રાજેન્દ્ર શુકલ, રમેશ પારેખ, મનોજ ખંડેરીયા, શુન્ય પાલનપુરી, મરીઝ, ગની દહીંવાલા ભોળાભાઈ પટેલ, રઘુવીર ચોધરી, જીવરામ જોષી, ધીરુબહેન પટેલ, અવિનાશ વ્યાસ, જ્યોતિન્દ્ર દવે, વિનોદ ભટ્ટ, ઝવેરચંદ મેઘાણી, કવિકાગ, કવિ દાદ, કનૈયાલાલ મુન્શી, ધૂમકેતુ, ર. વા. દેસાઈ, માધવ રમાનુજ, સિંતાશુભાઈ, તુષાર શુકલ, ધીરુભાઈ ઠાકર, અને ડૉ. કુમારપાળ દેસાઈ જેવા અગણિત સાહિત્યકારોએ ગુજરાતી ભાષાનું ઘડતર કર્યું છે. ગાંધી, સરદાર, દયાનંદ, વિક્રમ સારાભાઈ, મોરારજી દેસાઈ, નરેન્દ્રભાઈ મોદી સહિત અનેક રાષ્ટ્રીય મહાનુભાવોના મુખે અને કલમથી જે ભાષાનો મહિમા વધ્યો છે તેની ઉપેક્ષા કરવાની ભૂલ કોઠાસુઝવાળો ગુજરાતી શું કામ કરે ? આપણા પૂર્વજોએ જે અમૂલ્ય વારસો આપ્યો છે તેની જાળવણી કરવામાં વર્તમાન પેઢી પણ સક્રિય છે. ઈન્ટરનેટના યુગમાં ટહૂકો હોય કે વિશ્વકોષ, ગુજરાતી લેક્સિકોન (શબ્દકોષો) હોય કે ગુજરાતી વર્તમાનપત્રો અને સામયિકોની ડિજીટલ આવૃત્તિ હોય. ગુજરાતી ભાષાનો ઉપયોગ વધી રહ્યો છે. ગુજરાત સમાચારના શ્રી અમમ શાહ અને બિનોતીએ ગુજરાતી મ્યુઝિક જલસાની એપ દ્વારા ૪૦ હજારથી

વધારે ગુજરાતી ગીતો એપ્લીકેશન થકી ઉપલબ્ધ કરાવ્યા છે. અનેક લોકો ભાષાના પ્રચાર-પ્રસાર માટે પ્રતિબદ્ધ રીતે કામ કરી રહ્યા છે. માતૃભાષા અભિયાન, ગુજરાતી સાહિત્ય અકાદમી, ગુજરાતી લેક્સિકોના ગુજરાત વિશ્વકોષ વિગેરે દ્વારા ગુજરાતીની અનોખી સેવા થઈ રહી છે. હવે એ ઘડી આવી છે કે ગુજરાતીના તમામ હિતચિંતકો એક મંચ પર કોઈ પૂર્વગ્રહ કે દુરાગ્રહ વિના આવે. સમાજ અને સરકારમાં આપણી માતૃભાષા માટે અનહદ આદર છે. તેના વિકાસ માટે પ્રતિબદ્ધતા છે ત્યારે આપણે સક્રિય થઈને એક સૂરમાં ગાઈએ તે રંગથકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે શુભ શુકન દીસે મધ્યાહ્ન શોભશે. વીતી ગઈ છે રાત, જન ઘૂમે નર્મદા સાથ. "જય જય ગરવી ગુજરાત" આપણી ભાવનાઓ સાકાર કરવી હોય તો આપણે વિવિધ ક્ષેત્રમાં કરવાપાત્ર કામગીરીની કાર્યસૂચિ તૈયાર કરવી જોઈએ. મેં મારા અનુભવ અને અપેક્ષા અનુસાર આ નમ્ર પ્રયત્ન કર્યો છે.

૧. શિક્ષણ ક્ષેત્રે :

ગુજરાતી ભાષાના ભવિષ્યને નુકશાન કરવા માટે શિક્ષણને કમાણીનું સાધન બનાવનારા અને સહેલાઈથી દેખાદેખીથી અંગ્રેજીની માયાજાળમાં ફસાયેલા વાલીઓ મુખ્યત્વે જવાબદાર છે. અંગ્રેજી માધ્યમે અનેક તેજસ્વી વિદ્યાર્થીઓની કારકિર્દી કુંઠિત કરી દીધી તેનું સંશોધન કરી તેના તથ્યો પ્રજા સમક્ષ રજૂ કરવાની જરૂરીયાત છે. ગાડરીયા પ્રવાહ જેમ વાલીઓના અંગ્રેજી માધ્યમના મોહને કારણે ભાવિ પેઢીના બાળકો ગુજરાતી ભાષાથી વંચિત રહ્યા છે. લગભગ બે પેઢીના બાળકો ગુજરાતી ભાષાથી વંચિત રહ્યા છે. લગભગ બે પેઢીના ૨૦-૨૫ લાખ ભાષાકીય રીતે વર્ણશંકર બનેલા ભાઈ-બહેનોને માતૃભાષા શીખવી તેમના વ્યક્તિત્વને ખીલવામાં મદદરૂપ યોજના કરવી જરૂરી છે. કાયદા મુજબ ગુજરાતી ફરજિયાત વિષય બન્યો પરંતુ તેનો અભ્યાસક્રમ તેના પાઠ્ય પુસ્તકો, તેમની શીખવવાની પદ્ધતિ અને પરીક્ષાની વિગતો ખૂબ

કાળજીપૂર્વક તૈયાર કરવી જરૂરી છે. અન્યથા, ગુજરાતીની પરીક્ષા પસાર કરનારને ભાષાનું અધકચરું જ્ઞાન પણ નહીં હોય. અગાઉ ટાઈપીંગના વિષયમાં અને હાલ શાળાકક્ષાએ કોમ્પ્યુટર વિષયમાં કોઈ નાપાસ થાય તે પરીક્ષકથી જોયું નથી જાતું. ખૂબ ઉદાર ભાવે સૌને પાસ કરવાની પવિત્ર ફરજ સૌ પરીક્ષકો બજાવે છે ! ગુજરાતી વિષયની હાલત શાળાઓ આવી ન કરે તેવી પ્રભુપ્રાર્થના કરીએ. શિક્ષણમાં હાલ જે ગુજરાતી ભાષા, સાહિત્ય, વ્યાકરણ શીખવાડાય છે તેમાં ધરમૂળથી ફેરફારો કરવા જરૂરી છે. જોડણીની ભૂલો ઉપરાંતની અશુદ્ધિઓ, છાપકામમાં પારાવાર ભૂલો, પાઠ્યપુસ્તકની સામગ્રી, વ્યાકરણ શીખવવાની પદ્ધતિ જેવી બાબતોમાં સવિશેષ કાળજી કરવી જરૂરી છે. જોડણી અંગેના વિવાદમાં બન્ને પક્ષે આંશિક સત્ય છે. ગુજરાત વિદ્યાપીઠના જોડણીના નિયમો ઠોકી બેસાડવાથી ગુજરાતી લેખનની પ્રક્રિયા જટીલ બની છે. સમયને અનુરૂપ અમલીકરણ જરૂરી છે. આપણી ભાષા ફોનેટીક - જેવું બોલાય તેવું લખાયની કક્ષામાં છે ત્યારે અંગ્રેજી શબ્દમાં તમામ અક્ષરો હ્સ્વમાં અને છેલ્લો અક્ષર દીર્ઘમાં તે નિયમનો તર્ક કોઈ આપી શકે તો સારું. સંસ્કૃતના નાળસબંધના હવાલા સાથે 'તત્સમ' 'તદ્ભવ'શબ્દોનો અર્થ કેટલા ભણેલાં ગુજરાતી જાણે છે ? ગુજરાતની લોકબોલીના શબ્દો અને ઉચ્ચારો અલગ અલગ હોવાથી ભાષા પર તેનો પ્રભાવ પડે છે. પન્નાલાલ પટેલ કે રમેશ પારેખની કૃતિઓમાંથી સ્થાનિક શબ્દોની સુવાસ કાઢી નાખીએ તો કેવું લાગે ?

૨. આપણે સૌ ગુજરાતી પ્રજાએ આ સંકલ્પો કરવા જરૂરી છે.

(૧) મારી સાથે વાતચીત કરનાર કે પત્રવ્યવહાર કરનાર ગુજરાતી જાણતા હશે તો સંવાદનું માધ્યમ ગુજરાતી જ રહેશે.

(૨) ગુજરાતી બોલવા કે લખવામાં અંગ્રેજી શબ્દોનો બિનજરૂરી ઉપયોગ નિવારવામાં આવશે. ગુજલિશ કે હિંગલિશ જેવી

મિશ્રભાષાનો ઉપયોગ ન કરતાં અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાય શોધીને (રોજીંદા વપરાશના અનેક શબ્દોનો ઉપયોગ ખાસ કરીને શહેરી વિસ્તારમાં વિસરાય ગયો છે) કરવામાં આવશે.

(૩) જાહેર સ્થળોએ માહિતીનો, જાહેરાત હોય કે દુકાનનું પાટીયું, દરેકમાં ગુજરાતી શબ્દોનો ઉપયોગ કરવામાં આવશે.

(૪) દરેક ગુજરાતી ભાષી દરરોજ ઓછામાં ઓછું એક કલાક તેને મનપસંદ ગુજરાતી લખાણ વાંચવાની ટેવ પાડશે અને ઈન્ટરનેટ પરની ગુજરાતીમાં આપેલી સામગ્રીનો ઉપયોગ અગ્રતાના ધોરણે કરવામાં આવશે.

(૫) ઈન્ટરનેટ પર ગુજરાતીમાં સંદેશા લખી શકાય તેવી વ્યવસ્થાને પૂરો ઉપયોગ કરવામાં આવશે.

(૬) પરિવારોમાં ગુજરાતી ભાષાનો વિનયપૂર્વક ઉપયોગ કરી સંવાદના વાતાવરણનું નિર્માણ થાય તેની સૌ કાળજી કરશે.

૩. સરકાર દ્વારા :

(૧) સૌથી પ્રથમ જાહેરાત દ્વારા યોગ્ય લાયકાત અનુભવ ધરાવતી વ્યક્તિને ભાષા નિયામક તરીકે નિમણૂંક આપી તેમની ફરજો અને અધિકારો અંગે સ્પષ્ટતા સાથે ઠરાવ બહાર પાડવામાં આવશે તેમનું કાર્યક્ષેત્ર પણ વિસ્તૃત રાખી માતૃભાષાના વ્યાપક ઉપયોગ અને સર્વાંગી વિકાસની જવાબદારી તેમને સુપ્રત કરવામાં આવશે.

(૨) તમામ પુસ્તકાલયોમાં શાળાઓમાં ગુજરાતી સરળ રીતે શીખવા માટેના પુસ્તકો, સાહિત્યના રસપ્રદ પુસ્તકો પરિચય પુસ્તિકાઓ, વિશ્વકોષના ગ્રંથો, બાળકોશ, વિજ્ઞાન કોષ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(૩) ન્યાયતંત્ર સહિત તમામ વહીવટમાં ગુજરાતીના ઉપયોગ માટે જરૂર મુજબ દુભાષિયા કે તરજૂમો કરી શકે તેવી વ્યક્તિઓની નિમણૂંક કરાશે.

(૪) કાયદાના ઘડતર કે અર્થ કરવામાં અંગ્રેજીની અગ્રતા કરી તમામ કાયદાઓની ગુજરાતી પ્રત જ અધિકૃત ગણી તેના આધારે કાયદાકીય અર્થઘટન કરવામાં આવશે. જેને ગુજરાતીના શબ્દની તાકાતમાં ભરોસો ન હોય તેવા ગુજરાતીને શું કહેવું ? ઢાંકણી પાણી લઈને ડૂબી મરવા જેવી શરમ આવવી જોઈએ.

(૫) શાળાના શિક્ષકોને ગુજરાતી ભાષા સરળ અને રસપ્રદ રીતે શીખવી શકે તે માટે ખાસ તાલીમ આપવી જોઈએ. અંતમાં ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી સાહિત્ય અકાદમી વચ્ચેની મનઘડત તકરારને વીસરી જઈને માતૃભાષા માટે શું કરી શકીએ તે વિચારને ધ્રુવતારક ગણી કાર્યની દિશા નક્કી કરી ભાષાના સેવકની ભૂમિકા અદા કરવી જોઈએ.

૮. એક પિતાનો દીકરીને પત્ર

આચાર્ય વિજય ઉદયરત્નસૂરિ મ.સા.

તું જેમ જેમ મોટી થતી જાય છે; તેમ તેમ મારી ચિંતા મોટી થતી જાય છે. તું લક્ષ્મી છે. તું અવતરી ત્યારથી મારા ઘરમાં ને જીવનમાં અજવાળું જ અજવાળું છે. ઘરના પ્રત્યેક શુભ અવસરે અમે તને પહેલા પોખી છે. કેમ કે તું પવિત્રતાનું બીજું નામ છે. દીકરીથી વધુ પવિત્ર શું હોઈ શકે ? શુભપ્રસંગે દીવો તારા હાથે પેટાવીએ.... ગુરુમહારાજનાં સામૈયામાં તારું શુકન કરાવીએ. મંગલકુંભ તારા હાથે મૂકાવીએ.-તારાથી વિશેષ આ જગતમાં અમારા માટે કંઈ છે જ નહીં કોઈ છે જ નહીં !

..પણ બેટા ! તોય અમારી ચિંતા પણ તું જ છે. અમારા સંસ્કારી અને તારી શાલીનતા માટે કોઈ શક નથી. કિંતુ આજના કાળનો ભય છે. તું સમજદાર છે. હવે તારે જવાબદાર પણ બનવાનું છે. કેમ કે તું મોટી થતી જાય છે. આપણો વર્તમાન વિષમ છે. તારું બોલવાનું જરીક ઓછું થાય છે અને મારા ધબકારા વધી જાય છે.

આ અમુક દિવસો આવે છે અને હું આકુળ- વ્યાકુળ થઈ જાઉં છું. ચિંતા અને વિચારોથી ઊંઘી શકાતું નથી. તારો શોખ અને મારી ચિંતા બેય ભેગાં રહી શકતાં નથી. શું કરું? ૩૧ ડિસેમ્બરની રાત મારી ચિંતાની જાહેરાત છે.

તું પણ બહાર જવાની. રાત્રે મોડી આવવાની તનેના પાડી શકતો નથી ને હા પાડવા મારું મન માનતું નથી. તને તારી બાજુ ઓર્થોડોક્સ અને શંકાશીલ લાગે એવું કરવું નથી અને મારી વહાલી દીકરીને ગુમાવવાની મારી તૈયારી નથી. બેટા, આવા સંજોગોમાં એક બાપ શું કરે ? શું કરી શકે ?

તારી નાની અને કાચી ઉંમર કલ્પનાશીલતામાં ડૂબેલી રહે એમાં તારો વાંક નથી. તારી વય અપરિપકવ છે. એ તને કદાચ વાસ્તવિક જોખમો સમજાવી ન શકે. તમે દીકરીઓ પ્રશંસાથી અંજાઈ જાવ છો. અમે પુરૂષ છીએ. અમારી જાતથી અમે વાકેફ છીએ. કોઈ પણ પુરૂષ કારણ વિના, લાલચ વિના ભૂખ વિના કોઈ સ્ત્રીનાં વખાણ નથી કરતો. ચિંતામાં રક્ત- રાતભર જાગું છું. કેમ કે હું બાપ છું.

ખૂબ ભણેલી દીકરીઓ બુદ્ધિમાન અને સંસ્કારી હોવા છતાં આકર્ષણથી ખેંચાઈને પોતાના પવિત્ર અસ્તિત્વ વિશે બેજવાબદાર બની જાય છે. આવા સમાચાર મારા મનને કેટલું વિવશ બનાવી દે ?

એમાં તારો કોઈ વાંક નથી. અમે આ વિષયચક્રનો પુરસ્કર્તા છીએ. સાઠ વર્ષે પણ અમારી બુદ્ધિ દેખાડા અને દંભથી બહાર નથી આવી શકતી. બેટા તારા પર પૂર્ણ શ્રદ્ધા છે. તને પૂરતી સ્વતંત્રતા આપી જ છે, પણ તારી મુગ્ધતા, ભોળપણ કે ક્ષણિક આવેગ તને રખડાવી ન મૂકે એટલી સભાન બનજે.

૩૧ ડિસેમ્બરની રાત અને દિવાળીની રાતમાં ફરક છે. ૧ જાન્યુઆરી અને બેસતા વર્ષમાં તફાવત છે. દિવાળીની રાત્રે દીવડાં પ્રગટાવતી તને જોઉં છું. તો એનાં અજવાળામાં મારા ઘરનો દીવડો કેવો દીપી ઊઠે છે. જાણે પવિત્રતાનો પૂંજ અને... ૩૧ ડિસેમ્બરની રાતના અંધારામાં વલ્ગર, ટૂંકા વસ્ત્રોમાં નાચતી છોકરીમાં તારી કલ્પના કરી શક્તો નથી.

...પણ તું મોટી થતી ગઈ તેમ તેમ તને શિખામણ આપવામાં ડર લાગવા માંડયો. તને કંઈ કહીશ તો નહીં ગમે. એટલે કહેવાનું ઓછું થતું ગયું. ક્યારેક તારી મમ્મી તને બે શબ્દ કહી પણ દે ને તું જ્યારે નિરાશ કે નારાજ થઈ જાય ત્યારે મારું મન ચિત્કાર કરી ઊઠે. તે પૂજા કરવા જતી હોય ત્યારે મને મીઠડી મુમુક્ષુ લાગી છે. કોઈ નાના શ્રમણી ભગવંતને જોઉં, તો મારો ખુલ્લી આંખોમાં સપનું અંજાય છે કે મારી દીકરી પણ આમ ભગવાનની દીકરી બને.

...પણ આ ડિસેમ્બરની કાળરાત્રિ મને ગભરાવી મૂકે છે.

જે હાથ પ્રભુની પૂજા માટે સર્જાયા હોય, તે બીજાનાં હાથમાં ન શોભે. જે ચરણ પ્રભુ સામે નૃત્ય કરવા માટે હોય તે વેસ્ટર્ન ધૂનનાં તાણે ઝૂમતો નથી સારા લાગતાં.

૩૧ ડિસેમ્બરની પૂર્વ તને કહેવાની ઘણી ઈચ્છા હતી. પણ ન કહી શક્યો. તો આ પત્ર લખી દીધો. મારી ઈચ્છા છે કે એ રાત્રે તું ક્યાંય ન જાય. આપણે ત્રણેય - તું, હું અને તારી મમ્મી-સાથે જ રહીશું.

લિ.

ભર્યા ભર્યા પ્રેમ સાથે એક ખાલીપો... એક બાપ.

વડીલોની વિટંબણા

ઉંમર વધે - વૃદ્ધાવસ્થા આવે જગદ્‌ગુરુ શંકરાચાર્યે કહ્યું છે તેમ : 'અંગમ્ ગલિતમ્, પલિતમ્ મૂંડમ્, દશન વિહિન જાતમૂ ટૂંડમ્, વૃદ્ધોયાતિ ગૃહિત્યા દંડમ્ તદપિ ન મુચ્યતિ આશાપિંડમ્.'

અંગો ઢીલા પડી જાય છે, માથેથી વાળ ખરી જાય છે. આંખે દેખાતું નથી, વૃદ્ધો ટેકા માટે લાકડી લે છે પણ તેમની આશા-અપેક્ષા છૂટતી નથી. આપણા ભક્તકવિ નરસૈયાને શગાશળા શેઠરૂપી ભગવાને અનેક પ્રસંગોએ ચમત્કાર કરી સહાય કરી હતી. તેમણે પણ વૃદ્ધાવસ્થા અંગે વ્યથા વર્ણવતાં કહ્યું હતું : 'કોણે ઘડપણ મોકલ્યું ?'

'ઘડપણ કોણે મોકલ્યું જાણ્યું જોબન રહે સૌ કાળ
ઉંમરા તો ડુંગરા થયા રે, પાદર થયા પરદેશ,
ગોળી તો ગંગા થઈ રે, અંગે ઉજળા થયા છે કેશ
નહોતું જોતું શીદ આવીયું રે, નહોતી જોઈ તારી વાટ
ઘરમાંથી હળવા થયા રે, એની ખૂણે ઢળાવોને ખાટ
નાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે શેવ,
રોજને રોજ જોઈએ રાખડી રે, એવી બળી રે, ઘડપણની ટેવ
પ્રાતકાળે પ્રાણ મહારા રે, અન્ન વિના અકળાય;
ઘરના કહે છે મરતો નથી રે, તને બેસી રહેતાં શું થાય,
દીકરા તો જુજવા થયા રે, વહુઓ દે છે ગાળ,
દિકરીઓને જમાઈઓ લઈ ગયા રે, હવે ઘડપણના શારે હાલ
નવ નાડીઓ જુજવી પડી રે, આવી પહોંચ્યો કાળ,
બૈરા છોકરા ફટફટ કરે રે, નાના મોટા મળી દે છે ગાળ
આવી વેળા અંતકાળની રે, દીકરા પધાર્યા દ્વાર
પાંસળીએથી છેડી વાંસળી રે, લઈ લીધી તેણીવાર.

એવું જાણી સૌ હરિ ભજો રે, સાંભળજો સૌ સાથ,
પર ઉપકાર કરી પામશો રે, જે કાંઈ કીધું હશે જમણે હાથ
એનું નફ્ફટ છે વૃદ્ધપણું રે, મૂકી દો અહંકાર
ધર્મના સત્ય વચન થકી રે, મહેતો નરસૈયો ઉતર્યો ભવપાર.'

ઘડપણની લાચારીને કવિ નરસિંહ આટલા કટૂ શબ્દોમાં વ્યક્ત કરે ત્યારે આપણને ખ્યાલ આવે છે કે ચારસો-પાંચસો વર્ષ પહેલાં પણ વૃદ્ધોની સ્થિતિ દયનીય હતી.

ડાર્વિનનો સિદ્ધાંત 'સૌથી મજબૂત જ બચે છે'નો અનુભવ સૌને થાય છે.

વૃદ્ધાવસ્થાને જીવન-સંધ્યા ગણી તેના મેઘધનુષીય રંગો માણવા કે અભિશાપ ગણી ધીરજથી મુસીબતો ઝીલવી તે પ્રશ્નનો ઉત્તર સરળ નથી. અલબત્ત વૃદ્ધો આજે અગાઉના વર્ષો કરતાં પ્રમાણમાં સારું સ્વાસ્થ્ય ધરાવે છે. ક્યારે શું થાય તેની કલ્પના કરવી મુશ્કેલ છે. એક સાક્ષાત્કારમાં કેન્દ્રિય મંત્રી ગડકરી હસતાં હસતાં કહે છે, 'મોજ કરો, મનગમતું ખાઓ, પીઓ, ચિંતા છોડો, કાલ કોણે દીઠી છે ?'

થોલડું અઘરું છે પણ અશક્ય નથી કે વૃદ્ધો અનેક સમસ્યાઓ વચ્ચે પણ જીવનનો ઉત્સવ માણે. એક એક પળ કિંમતી છે. નિરાશા અને ઉપાધિમાં સમય નિરર્થક રીતે ગુમાવવા કરતાં શ્રદ્ધા અને વિશ્વાસથી નિજાનંદમાં રહેવું એ જ શ્રૈષ્ઠ માર્ગ છે.

ધર્મસ્થાનોમાં મહિલા

- સાંપ્રત : કશ્યપ જોશી

પેટા : મોટા શહેરોની આધુનિક પેઢીમાં ધાર્મિક બાબતોના સંદર્ભમાં આમૂલ પરિવર્તન જોવા મળી રહ્યું છે. પવિત્ર અને અપવિત્ર મનાતી માન્યતાઓ વચ્ચેની ભેદરેખાઓ ઝડપથી ભૂંસાઈ રહી છે. ચુસ્ત, જડ અને દુરાગ્રહી ધાર્મિક માન્યતાઓથી અડધોઅડધ યુવાપેઢીનો વર્ગ દૂર જઈ રહ્યો છે

ગયા મહિને તામિલનાડુની ડીએમકે સરકારે જાહેર કર્યું કે, સ્ત્રીઓ અને કોઈપણ જ્ઞાતિના વ્યકિતઓ મંદિરમાં પૂજારી કે ઉપાસકો બની શકશે. રાજય તેમને મંદિરમાં થતી વિધિઓ અને પ્રણાલિકા મુજબની તાલીમ આપશે. જોકે, શકિતપૂજાની પરંપરામાં કેટલીય નારીઓ પોતાની ભૂમિકા સુપેરે નિભાવી જ રહી છે. પરંતુ, મહદઅંશે આપણે ત્યાં ધાર્મિક પ્રથાઓમાં પણ પિતૃસત્તાક સમાજની બોલબાલા રહી છે. મહિલાઓને ધાર્મિક વ્યવહારોમાં બહુ આગળનું સ્થાન આપવામાં આવતું નથી. સ્ત્રીઓમાં, પુરુષોના પ્રમાણમાં ભકિતભાવ વિશેષ હોવાની માન્યતા હોવા છતાં તેમની સાથે ભેદભાવ થાય છે. કેરાલાના સબરીમાલા મંદિરનો વિવાદ હજી સુધી શમ્યો નથી. સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી પણ જાતિ આધારિત અન્યાય ઓછો થયો નથી. વાસ્તવમાં, નારી પણ નરની જેમ જ પોતાનો ધર્મ અને આસ્થા મંદિરમાં સમર્થપણે નિભાવી શકે છે. તે સક્ષમ અને કાબેલ છે.

પરંતુ, બધાં ધર્મસ્થાનોમાં તેને સમાન તક મળતી નથી. વાસ્તવમાં, શ્રદ્ધા અને આધ્યાત્મિકતા પર કોઈનો ઈજારો નથી. ધર્મ કોઈપણ હોય પરંતુ તે સહુને માટે છે. આમ છતાં કે વળ મંદિરોમાં જ નહીં, ઘણા ચર્ચમાં પણ મહિલાઓને પ્રિસ્ટ તરીકેની નિમણૂક માટેની પરવાનગી મળતી નથી. કેથોલિક સિદ્ધાંત પુરૂષપ્રધાન પ્રિસ્ટહૂડ (પાદરી)નો આગ્રહ રાખે છે. રૂઢિગત જુડાઝીમ ધર્મ પણ નારીને ધાર્મિક

નેતૃત્વ કરતાં રોકે છે. મુસ્લિમ ધર્મમાં પણ મસ્જિદો અને મદ્રેસાઓ પર પિતૃસત્તાક સત્તાનો કબજો છે, પણ દુનિયા બદલાઈ રહી છે. લોકોની વિચારસરણી ધીમે ધીમે પરિવર્તન પામી રહી છે. કોઈપણ ધર્મ નીતિમત્તાને પ્રાધાન્ય આપે છે. નૈતિકતાની વાત કરે છે. ગરીબો પ્રત્યે દયા દાખવવાનું કહે છે. દુઃખીજનો માટે અનુકંપા રાખવાની શીખ આપે છે. આ માનવસહજ ગુણો છે. જે માણસમાત્રમાં છે.

જો કુદરતે સદભાવ અને સદગુણો દરેક મનુષ્યને સરખી માત્રામાં આપ્યા છે તો પછી ધાર્મિક સ્થાનોમાં સ્ત્રી-પુરૂષ વચ્ચે જુદાપણું શા માટે ? સબરીમાલાના ઐતિહાસિક કેસમાં સર્વોચ્ચ અદાલતે બહુમતીથી એમ ઠરાવ્યું કે મંદિરમાં દસથી પચાસ વર્ષની સ્ત્રીઓના પ્રવેશ પરની પાબંદીને અનિવાર્ય ધાર્મિક પ્રણાલિકા કહી શકાય નહીં. તે બંધારણના મૂળભૂત અધિકારનો ભંગ કરે છે. દરેક ધાર્મિક સંસ્થાનને પોતાના ધર્મવિષયક બાબતોનું સંચાલન કરવાનો હક્ક છે. પરંતુ તે વ્યકિતની ધાર્મિક સ્વતંત્રતાને આડે આવતોના હોવો જોઈએ. આ કેસમાં જસ્ટીસ ચંડે બંધારણીય નૈતિકતા પર ભાર મૂકતાં કહ્યું કે ધાર્મિક સ્વાયત્તતા, સ્વતંત્રતા અને ધર્મનું ગૌરવ સંવિધાનની નીતિમત્તાનું ઉલ્લંઘનકર્તા ન હોવું જોઈએ. સ્ત્રીઓના માસિક ધર્મસંબંધી માન્યતાઓના આધારે તેમના બંધારણીય અધિકારોનો ઈન્કાર થઈ શકે નહીં. હજી પણ ભારતના બહુધા પરિવારોમાં પીરિયડસ દરમિયાન સ્ત્રીઓને અપવિત્ર માનવામાં આવે છે. શારીરિક બંધારણમાં થતા કુદરતી ફેરફાર પર માનવનું કોઈ નિયંત્રણ નથી. આથી તેને અપવિત્ર ન કહેવાય. માસિક ધર્મમાં આવવાથી સ્ત્રી કલંકિત થઈ જતી નથી. માસિકસ્રાવ અશુદ્ધ નથી, પરંતુ ઘણાને માટે તે વૈજ્ઞાનિક સમજની બહારની બાબત છે. વળી, બંધારણથી કોઈપણ પ્રકારની અસ્પૃશ્યતા પર પ્રતિબંધ છે. અસ્પૃશ્યતાનો કોઈ ચોકકસ અર્થ સંવિધાનમાં આપવામાં આવ્યો નથી. આથી, આ ન અડાય કે દૂર રહેવાનું - એવી કોઈપણ માન્યતાને બંધારણ કે વિજ્ઞાન સ્વીકારતું નથી. કોઈપણ પ્રકારની સામાજિક અસ્પૃશ્યતા એ રોગ છે. તે નાબૂદ થવી જ જોઈએ. પવિત્રતા વિશેના

કોઈ ચોક્કસ વર્ગના વિચારોથી મૂળભૂત હકને નાથીના શકાય. જોકે સબરીમાલાના કેસમાં એકમાત્ર મહિલા ન્યાયમૂર્તિ ઈન્દુ મલ્હોત્રાએ પોતાની પ્રભાવક અસંમતિ વ્યક્ત કરતાં મંદિરની પ્રણાલિકાને માન આપવું જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો અને સાથે જણાવ્યું હતું કે બંધારણીય નૈતિકતા બિનસાંપ્રદાયિક છે. ધર્મસ્થાનોમાં વહીવટી સ્વતંત્રતા અને વ્યકિતગત સ્વતંત્રતા વચ્ચે સંવાદિતા સધાય તે જરૂરી છે. મંદિરોના સંચાલનમાં હસ્તક્ષેપને સ્થાન નથી. સામાજિક સુધારાઓના નામે એમાં દખલગીરી કરી શકાય નહિ. તેમણે જસ્ટીસ ચંચુડના અસ્પૃશ્યતા સંબંધી તારણોથી જુદો અભિપ્રાય આપતાં ઠરાવ્યું કે તે જાતિ સંબંધી લાગુ પડતું નથી.

જોકે, સબરીમાલાના ચુકાદા પછી સ્ત્રીઓના ધાર્મિક સ્થાનોમાં પ્રવેશવાના અને પૂજા સંબંધી અધિકારો બાબતે અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં દાખલ થઈ, જેથી આ ચુકાદાને પુનઃ ચકાસવા માટે છેવટે રીવ્યુ અરજી પણ દાખલ થઈ અને દરેક ધર્મની આવશ્યક પ્રથા અને પ્રણાલિકા શું હોય છે? અને અદાલત તેમાં ક્યાં સુધી હસ્તક્ષેપ કરી શકે તે માટે આ ચુકાદાને નવેસરથી તપાસવાનું નકકી થયું. ધાર્મિક રીતિરિવાજો આપણા સમાજમાં આગવી અગત્ય ધરાવે છે. બંધારણીય અધિકારો અમર્યાદિતપણે ધાર્મિક પરંપરાઓમાં દખલગીરી કરે શકે કે નહીં તેની ચર્ચા દેશભરમાં થઈ, મુસ્લિમ મહિલાનો મસ્જિદમાં પ્રવેશ કે પારસી મહિલાનું બિનપારસી સાથેનું લગ્ન વગેરે અનેક મુદ્દાઓ સબરીમાલાના ચુકાદા પછી ઊઠયા, જેથી આ તમામને માટે વિશાળ બંધારણીય બેંચ સમક્ષ સુનાવણી કરવાનો નિર્ણય બહુમતીથી કરવામાં આવ્યો, જે હજી સુધી રચાઈ નથી અને આમ આ મુદ્દો અનિર્ણાત રહ્યો છે. સામાજિક શાસ્ત્રીઓનું એમ માનવું છે કે ધર્મ આધારિત પ્રશ્નોનો ઉકેલ અદાલતી ન્યાયથી લાવી શકાતો નથી.

સમાજના વલણો અને વૃત્તિ જયાં સુધી બદલાશે નહીં ત્યાં સુધી સર્વોચ્ચ અદાલતના ચુકાદા હોવા છતાં રાય તેનું યર્થાથપણે પાલન કરાવી શકશે નહીં. ધાર્મિક સ્થળો જાહેર જગ્યાઓ છે. ત્યાં પ્રવેશવાનો,

પૂજા કરવાનો સામાન્ય રીતે દરેકને અધિકાર છે. એકવાર તે ખુલ્લું મૂકાય પછી તેમાં અમુકને પ્રવેશવા પર પ્રતિબંધ લાદી શકાય નહીં પણ દરેક ધર્મસ્થાન ચોક્કસ અંકુશો રાખવા ઈચ્છે છે, જેથી તે પોતાના નિયમો બનાવે છે. નારીવાદનું ન્યાયશાસ્ત્ર આજે જ્યારે ઝડપથી વિકસી રહ્યું છે ત્યારે તામિલનાડુએ સરકારી સ્તરે પહેલ કરી છે. અન્ય રાજ્યો પણ આ દિશામાં આગળ આવે તેમ ઘણા બધા ઈચ્છી રહયા છે. બંધારણ એ જાહેર વહીવટનો મૂળભૂત દસ્તાવેજ છે, પણ તે નિષ્ક્રિય ન રહેવો જોઈએ. તેનાં અર્થઘટનો સમયને અનુરૂપ હોવાં જોઈએ. સામાજિક એકીકરણનો હેતુ ત્યારે જ સિદ્ધ થાય જ્યારે દરેકને સમાન તક મળે. સમાજના ધાર્મિક માળખામાં મહિલાઓને સરખું મહત્વ અને સમાન સ્થાન મળવું જોઈએ એવી માગણી તો દાયકાઓ જૂની છે. પરંતુ, આ ધ્રુવીકરણ નારીના વધતા શિક્ષણની સાથે આવ્યું છે.

કોઈપણ પ્રગતિશીલ સમાજ કેવળ પિતૃસત્તાક સત્તાના આધારે ટકી શકતો નથી. તેમાં દરેકનો ફાળો અને યોગદાન હોવું ઘટે. સમાજસુધારકો તેમના સમયમાં વખોડાયા છે, પણ તેમના પછીની પેઢીએ તેમને ક્રાંતિકારી સુધારાઓ માટે નવાજ્યા છે. બંધારણીય અર્થઘટનો પણ કેટલીકવાર સમાજને આગળ વધવાની કે નવું વિચારવાની દિશા આપે છે. અત્યારે ભલે એ સુસંગત ન લાગે, પરંતુ ભવિષ્યમાં તે બદલાતા સમયની સાથે તાલ મેળવી શકશે. મોટા શહેરોની આધુનિક પેઢીમાં ધાર્મિક બાબતોના સંદર્ભમાં આમૂલ પરિવર્તન જોવા મળી રહ્યું છે. પવિત્ર અને અપવિત્ર મનાતી માન્યતાઓ વચ્ચેની ભેદરેખાઓ ઝડપથી ભૂંસાઈ રહી છે. ચુસ્ત, જડ અને દુરાગ્રહી ધાર્મિક માન્યતાઓથી અડધોઅડધ યુવાપેઢીનો વર્ગ દૂર જઈ રહ્યો છે. પ્રાર્થના ગમે ત્યાં થઈ શકે છે. તેને માટે ચોક્કસ ધર્મસ્થાન હોવું જરૂરી નથી. ધાર્મિક ફરમાનો અને ફતવાઓ હવે યુવાવર્ગને બહુ અસર કરતા નથી, એ નોંધવું રહ્યું.

કેન્સરના ભરડામાં ગુજરાત, દેશમાં બન્યું નંબર ૧, આ છે મુખ્ય બે કારણો

ખેતરોમાં બેફામ ૬૨૦૦ ટન જંતુનાશકો ૪ હજાર ટન ફૂગ, બિયારણને પટ અને ખળ નાશકો મળીને ૧૦ હજાર ટન જંતુનાશકોનો વપરાશ તથા ૧૮૨૨૦૦ હેક્ટરમાં ૪૦૭૦૬૦ ટન તમાકુ ઉત્પન્ન કરીને તથા બિડી અને સિગાટેર, ગુટખાના કારણે કેન્સર વધી રહ્યું છે.

૧૦૪ જંતુનાશકોની સમીક્ષા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી પણ દાખલ કરવામાં આવી હતી. પરંતુ કોર્ટે પિટિશન દાખલ કરનારા જે.એસ. સંધુએ સમિતિ સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરવા જણાવ્યું હતું. સરકારે માત્ર ૧૮ જંતુનાશકો પર પ્રતિબંધ મૂક્યો હોવાથી એમ કહી શકાય કે આ સમિતિએ પણ માત્ર ૧૮ જ ગણ્યા હતા.

બધા જંતુનાશકોનો વિકલ્પ હિંગ, તમાકુ, કિડામારી, ગૌ મૂત્ર છે. ગુજરાતમાં કૃષિમાં જંતુનાશકો છાંટવામા આવતાં હોવાથી રોજ ૧૦૦ લોકોના સીધા કે આડકતરી રીતે મોત કેન્સરથી થઈ રહ્યાં છે. ગુજરાતમાં ૩ વર્ષમાં કેન્સરના ૨ લાખ દર્દી શોધાયા છે. ૨૦૧૮માં ૬૬ હજાર દર્દી કેન્સરના હતા. ૨૦૨૦માં ૭૦ હજાર થયા છે. ૨૦૨૪માં ગુજરાતમાં ૧ લાખ દર્દી કેન્સરના હશે. તેના માટે ખેતરોમાં પાક પર આવતાં જંતુઓના નાશ, ફુગના નાશ માટે અને ખડના નાશ વપરાતી ૧૦૪ દવાઓ જવાબદાર છે.

ડાયાબીટીશ, હદયરોગમાં ભારતમાં ગુજરાતમાં સૌથી વધું દર્દી હતા. હવે ભારતમાં વસતી પ્રમાણે ગુજરાતમાં સૌથી વધુ દર્દીઓ આવી રહ્યા છે. ગુજરાત કેન્સરમાં નંબર એક પર આવી ગયું છે. જેમાં સ્તન કેન્સર ૩૦ ટકા અને મોઢાના ૩૬ ટકા દર્દી છે. જે જંતુનાશકો અને તમાકુના કારણે છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આ જંતુનાશકને ઝેરની સૌથી વધુ શ્રેણી ‘ક્લાસ-૧બી‘માં સામેલ કરી છે. આમ છતાં કે ન્દ્ર સરકારે જે

૧૮ જંતુનાશકો પર પ્રતિબંધ મૂક્યો છે તેમાં મોનોક્રોટોફોસ જંતુનાશકનો સમાવેશ થતો નથી. ભારતમાં કુલ ૧૦૪ જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવે છેહઠ્દૃક્ષઠૈં અન્ય દેશોમાં તેના પર પ્રતિબંધ છે. ૨૭ અન્ય જંતુનાશકોની સમીક્ષા હવે કરવામાં આવશે. મોનોક્રોટોફોસ નામના જંતુનાશકના કારણે હજારો લોકોના મોત થયા છે. ચીન ૧૩ કિલો, અમેરિકા ૨.૫૦ કિલો કે નેડા ૨.૫ કિલો અને ભારત ૨૫૦ ગ્રામ એક હેક્ટરે જંતુનાશક દવા છાંટે છે.

મહારાષ્ટ્ર ૧૩૪૯૬ મેટ્રીક ટન જંતુનાશક વાપરે છે. ઉત્તર પ્રદેશ ૧૧૫૦૦ ટન, ગુજરાતમાં ૬૨૧૧ ટન જંતુનાશક વપરાય છે. પંજાબ ૫૨૦૦ ટન જંતુનાશક વાપરે છે. ૨૭ મોટા કારખાનાઓમાં મહિને ૨૧ હજાર ટન જંતુનાશક દવા ભારતમાં બનાવે છે. દેશમાં ૨ લાખ ટન જંતુનાશક દવા બને છે. છૂપી રીતે એટલી જ બનાવવામાં આવે છે.

ભારતમાં દર મહિને ૮ લાખ ટન કેમિકલ પેદા કરે છે. જંતુનાશક અધિનિયમ ૧૯૬૮ આ રસાયણોની ખતરનાક અસરો સામે રક્ષણ આપતો નથી. તીવ્ર ઝેરના કારણે કૃષિ કામદારો અને ખેડૂતોના વ્યાપક મૃત્યુ થાય છે. હોસ્પિટલમાં દાખલ થવું પડે છે.ખોરાકમાં પ્રતિબંધિત જંતુનાશક અવશેષો આવી રહ્યાં છે. નકલી કે ખોટા બ્રાન્ડેડ રાસાયણિક જંતુનાશકો જૈવિક જંતુનાશકો તરીકે વેચવામાં આવે છે. ઝેરના કારણે પક્ષીઓ, વન્યજીવોના મૃત્યુ, પાણીમાં માછલીઓના મોત થઈ રહ્યા છે.

સરેરાશ ભારતીય સ્વાદિષ્ટ ખોરાક સાથે તેના દૈનિક આહારમાં ૦.૨૭ મિલિગ્રામ ડીડીટીનું સેવન કરે છે, પરિણામે સરેરાશ ભારતીયના શરીરની પેશીઓમાં સંચિત ડીડીટી સ્તર ૧૨.૮થી ૩૧ પીપીએમ છે, જે વિશ્વમાં સૌથી વધુ છે.જંતુનાશકનું સ્તર ઘઉંમાં ૧.૬થી ૧૭.૪ પીપીએમ, ચોખામાં ૦.૮થી ૧૬.૪ પીપીએમ, કઠોળમાં ૨.૯થી ૧૬.૯ પીપીએમ, મગફળીમાં ૩.૦થી ૧૯.૧ પીપીએમ, લીલા શાકભાજીમાં ૫.૦૦ અને બટાટામાં ૬૮.૫ પીપીએમ મળે છે.

ગુજરાતમાં ૪.૮થી ૬.૩ પીપીએમ સુધીની ડેરીઓ દ્વારા દૂધના ૯૦ ટકા નમૂનાઓમાં પણ ડીલડ્રીન મળી આવ્યું હતું. ખેતીમાં રાસાયણિક ઝેરના ઉપયોગથી નદીઓના પાણી પણ ઝેરી બની ગયા છે. તળાવોના પીવાના પાણીમાં ૦.૦૨થી ૦.૦૨૦ ppm સુધીના જંતુનાશકો મળી આવ્યા છે.

NCRB ડેટા કહે છે કે ૨૦૧૯માં ભારતમાં જંતુનાશકો (આત્મહત્યા અને આકસ્મિક વપરાશ) ને કારણે ૩૧, ૦૨૬ લોકો મૃત્યુ પામ્યા હતા. જંતુનાશકોની લાંબા ગાળાની અસરો ઉમેરીએ, તો સંખ્યા લાખોમાં હશે. ભારતમાં હજુ પણ એવી ઘણી જંતુનાશકો છે જેના પર તેમની ખતરનાક અસરોને કારણે અન્ય ઘણા દેશો દ્વારા પ્રતિબંધિત કરી છે પણ ભારતમાં વેચાય છે.

ખેતરમાં જંતુ વ્યવસ્થાપનને બદલે જીવાતોને મારવા પણ ઘણો ભાર મૂકે છે. DDT, BHC, Aldran, Closaden, Adrene, Methyl Parathion, Toxaphene, Heptachlor અને Lindane જેવા વિશ્વભરમાં પ્રતિબંધિત એવા રસાયણોનો ગુજરાતના લોકો ઉપયોગ કરે છે.

૨૦૧૮ અને ૨૦૨૦મા૧૮ જંતુનાશકો પર પ્રતિબંધ મૂક્યો હતો. જેમાં બેનોમિલ, કાર્બારીલ, ડાયઝીનોન, ફેનારીમોલ, ફેન્થિઓન, લિન્યુરોન, મેથોક્સી એથિલ મર્ક્યુરી ક્લોરાઇડ, મિથાઈલ પેરાથિઓન સોડિયમ સાયનાઈડ, થિયોમોટોન ટ્રાઈડેમોર્ફિલ, એલેક્લોર, ડિક્લોરવોસ, ફોરેટ, ફોસ્ફેમિડોન, ટ્રાયઝોફોસ છે.બિયારણને પટ આપવા માટેજંતુનાશક દવાઓ થિરકેપ્ટાન, ડેલ્ટામેથ્રિન અ કાર્બેન્ડિઝમનો સમાવેશ થાય છે જેને આ યાદીમાં સમાવી લેવામાં આવી છે.

કુલ ૨૭ જંતુનાશક દવાઓ પર પ્રતિબંધ છે

એસેફેટ, અલ્ટ્રાઝિન, બેનફેકાર્બ, બ્યુટાક્લોર કે પ્ટન, કાર્બેડેન્ઝાઈમ, કાર્બોફ્યુરાન, ક્લોરપાયરીફોસ, ૨.૪-ડી, ડેલ્ટામેથ્રિન, ડીકોફોલ, ડાયમેથોટ, ડીનોકેપ, ડાયરોન, મેલાથીઓન, મેન્કોઝેબ, મેથોમીલ, મોનોક્રોટોફોસ, ઓક્સીફલોરોન, પેનફોલોન, પેનફોલ,

મેથોલોફોસ, થેલોફોન, થેલોફોન., થીરામ, ઝીનેબ અને ઝીરામ. (એસ્ફેટ, અલ્ટ્રાઝિન, બેનફારાકાર્બ, બ્યુટાચલોર કે પ્ટન, કાર્બેન્ડેઝીમ, કાર્બોફ્યુરાન, ક્લોરપાયરીફોસ, ૨.૪-ડી, ડેલ્ટામેથ્રિન, ડીકોફોલ, ડીમેથોટ, ડીનોકેપ, ડાયરોન, માલાથિઓનમેન્કોઝેબ, મિથોમિલ મોનોક્રોટોફોસ, પોક્સીફ્લુઓન, સ્યુફ્યુફોન, મેન્કોઝેબ, સ્યુસ્ટ્યુલિન, મેક, ઓક્સિજન, થીરામ, જીનેબ અને ગાયરામ.

અનુપમ વર્મા સમિતિએ ૬૬ જંતુનાશકોની સમીક્ષા કરી અને તેમાંથી ૧૮ જંતુનાશકો પર પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી હતી. ૬૬ જંતુનાશકો એવા છે કે જે વિદેશમાં પ્રતિબંધીત છે. પણ ભારતમાં વપરાય છે. ૨૭ અન્ય જંતુનાશકોની સમીક્ષા હવે કરવામાં આવશે.

મોનોક્રોટોફોસ નામના જંતુનાશકના કારણે હજારો લોકોના મોત થયા છે. બિહારના છપરા જિલ્લાની એક શાળામાં ૨૦૧૩ના રોજ મધ્યાહન ભોજન લીધા બાદ ૨૩ બાળકોના મૃત્યુ માટે આ જ જંતુનાશકને જવાબદાર ગણવામાં આવ્યું હતું.

૫ ટકા જંતુઓ, ફૂગ અને રોગ પેદા કરતા બેક્ટેરિયા ખતરનાક રસાયણોની અસરોથી બચી જાય છે. પ્રતિરક્ષા પ્રાપ્ત કરે છે. આવા પ્રતિકારક જંતુઓ ધીમે ધીમે તેમની પોતાની ક્ષમતાની નવી પેઢીઓને જન્મ આપે છે. તેને જંતુનાશકોની અસર થતી નથી. તેના મારવા માટે વધુ ઝેરીલા શક્તિશાળી રસાયણો બનાવવા પડે છે.

ખેતરમાં ઉગાડતા દરેક ટામેટાં, બટાકા, સફરજન, નારંગી, ચીકુ, ઘઉં, ડાંગર અને દ્રાક્ષ જેવી ખાદ્ય ચીજો પર આ ઝેરી રસાયણોનો છંટકાવ કરે છે. ઘાતક તત્વો ફળો અને શાકભાજી અને તેના બીજમાં પ્રવેશ કરે છે. જે લોકો ખાય છે.

આ ઝેર આપણા શરીરમાંથી પરસેવા, શ્વાસ, મળ કે પેશાબ દ્વારા બહાર નથી આવતું પરંતુ શરીરના કોષોમાં ફેલાઈને અસાધ્ય રોગો અને વિવિધ પ્રકારના કેન્સરને જન્મ આપે છે. અડધો લિટર નીંદણ નાશક પીવે તો પીડાદાયક મૃત્યુ થાય છે.

ઝેરનું સેવન કરવાથી માથાનો દુખાવો, ત્વચાની સમસ્યા,

અલ્સર અને પછી કેન્સર થાય છે. રાજ્યોમાં, આ જંતુનાશકોએ લાખો લોકોને કાયમ માટે બીમાર બનાવ્યા છે. જેમાંથી મોટાભાગના લોકો ઉબકા, ઝાડા, અસ્થમા, સાઈનસ, એલર્જી, રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો અને મોતિયાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે.

બાળકોને સ્તનપાન દ્વારા જંતુનાશક રસાયણોના ઝેરી પદાર્થોનું સેવન કરાવે છે. જેના કારણે બાળકોમાં શારીરિક વિકલાંગતાના કાયમી લક્ષણો જોવા મળે છે. આ પ્રદૂષણને કારણે મહિલાઓમાં સ્તન કેન્સર વધી રહ્યું છે. ગર્ભાશય અને માસિક ધર્મની નિયમિતતા પરવિપ્રીત અસર થઈ રહી છે. પુરુષોની પ્રજનન ક્ષમતા સતત ઘટી રહી છે. ભારતમાં ગીધની સંખ્યામાં ૯૦ ટકાનો ઘટાડો થયો છે.

મોટાભાગની દવા કંપનીઓ અમેરિકા સાથે જોડાયેલી છે. જેમાં ડુપાન, અપજોન, ફાઈઝર અને લુબ્રિઝોલ. ડ્યુપોન અને તેની પેટાકંપનીઓ રોજ ૧૭.૫ મિલિયન પાઉન્ડ પ્રદૂષકો છોડે છે.હવે ૪ લાખ લોકો ત્વચાના કેન્સરથી પ્રભાવિત થશે અને મોતિયાના કેસોમાં ૧.૫ કરોડનો વધારો થશે. તેનાથી પાકને પણ ભારે નુકસાન થાય છે. રાસાયણિક જંતુનાશકો માનવ જીવન અને પ્રકૃતિને વિનાશ તરફ લઈ જઈ રહ્યા છે.

યુનિયન કાર્બાઈડે ભોપાલમાં જંતુનાશક રસાયણોનો ૧૯૮૪માં મિલ આઈસોસાયનેટ નામનો ગેસ લીક કર્યો હતો અને આ ગેસમાં ફોસજીન, ક્લોરોફોર્મ, હાઈડ્રોક્લોરિક એસિડ જેવા તત્વોના મિશ્રણને કારણે અત્યાર સુધીમાં ૨૪ હજાર લોકો મૃત્યુ પામ્યા છે. આજે પણ ભોપાલવાસીઓના શરીરમાં સ્લો પોઈઝનના રૂપમાં હાજર છે. ફોસજીનથી વિશ્વયુદ્ધ દરમિયાન હિટલરે તેને માધ્યમ બનાવીને લાખો સૈનિકોની હત્યા કરી હતી.

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં રોહતક-હરિયાણામાં એલ્યુમિનિયમ ફોસ્ફાઈડની સમાન ઝેરી અસરોના ૧૧૪ ઉદાહરણો, ઉત્તર પ્રદેશમાં ૫૫ અને હિમાચલ પ્રદેશમાં ૩૦ ઉદાહરણો મળ્યા છે. ઉત્તર પ્રદેશમાં

જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ ઘઉંના લોટની પુરીઓ ખાવાથી લગભગ ૧૫૦ લોકોના મોત થયા હતા, જ્યારે કેરળમાં કાલિડોલ નામની જંતુનાશક દવા છાંટી ખાંડ અને ઘઉંના લોટના ઉપયોગને કારણે ૧૦૬ લોકોના મોત થયા હતા.

વૈજ્ઞાનિક કે પ્રાકૃતિક ખેતી ?

આજકાલ ઘણા લોકો આધુનિક ખેતી અને આધુનિક ઢબના પશુપાલનનો વિરોધ કરે છે. સરકાર પણ પરંપરાના નામે સમર્થન કરે છે... આધુનિકતાના અયામનો વિરોધ કરે છે... પણ પણ આધુનિક ખેતીના કારણે ખેડૂતન જીવનધોરણમાં ઘણો સુધારો આવ્યો છે ... આર્થિક સ્થિતિ સુધરી છે ઉત્પાદન પણ વધ્યું છે... સાથે સાથે ખેતી પશુઓ અને માનવ શરીરમાં થતાં... પરોપજીવી... જીવજંતુમાં પણ ઘટાડો થયો છે... ઉદાહરણ તરીકે એક સમયે બાજરો જુવાર ચણા ઘઉં.. ધનેડા પડતા હતા અને સૂકવવા પડતું હતું. ઘણી વખત લોટમાં દળાઈને અનાજ મારફત માનવ શરીરમાં પ્રવેશ કરતાં હતાં અને ઘણું અનાજ ધનેડાના કારણે જતું સળી પણ હતું જે આજે ધાનેડા નહિવત પ્રમાણમાં રહ્યાં છે. આ ઉપરાંત મગમાં ચોળી અદાડમાં મટકા પડતાં હતાં જે આજે નહિવત પ્રમાણમાં રહ્યા છે. આ ઉપરાંત મગફળીમાં મુંડા થઈ જતા હતા જે પાકનો નાશ કરતા હતા. અંદર ધાણીમાં તેલની સાથે પણ મિક્સ થઈ અને માનવ શરીરમાં પ્રવેશ કરતા હતા અને કપાસમાં બાવળા પડી જતાં હતાં જે કપાસીયાના તેલમાં પણ મિક્સ થઈ માનવશરીરને નુકશાન પહોંચાડતા હતાં.

...ઉપરોક્ત જીવાતનો આજે નાશ થઈ ચૂક્યો છે જેનું કારણ આધુનિક અને વૈજ્ઞાનિક અભિગમ વાળી ખેતી છે પશુઓમાં પણ અનેક પ્રકારની જીવાત ચોંટેલી રહેતી હતી અને તેના શરીર માંથી લોહી ચુચવાનું કાર્ય કરતી હતી જેમકે બગાઈ ઇતળી ગિગોળો જવા સાંચડ જેવા પરોપજીવી જીવાત પશુપાલનનો નુકશાન પહોંચાડતી હતી આમાં અને તેની ઉત્પાદન ક્ષમતા અને ફળદ્રુપતાને પણ હાનિ પહોંચાડવાનું કાર્ય કરતી હતી જેના કારણે અનેક પ્રકારના ચેપ પશુઓમાં લાગતા હતા અને માનવશરીરમાં દૂધ મારફત પ્રવેશ કરતા હતા. જે આજે

લગભગ લગભગ નામશેષ થઈ ચૂક્યા છે . . .જેનું કારણ પણ આધુનિક અભિગમ અને વૈજ્ઞાનિક સંશોધન છે.

આ ઉપરાંત માનવ ઘરમાં મચ્છર માંકડ શરીરમાં ઝુઈ ટોકરા પણ પડી જતા હતા. ગુમડાંઓ થતાં હતાં ઘણી વખત પાક અને રસ્સી ફેલાઈ જતી હતી. જામરા જેવા રોગ પણ નાશ પામ્યા છે. છીપર જેવા રોગ પણ લગભગ નામશેષ થયા છે. પ્રમાણમાં પહેલાં કરતાં આજના બાળકો વધારે તેજસ્વી પાકે છે અને આ જીવાતમાં અત્યારે લગભગ આધુનિક અભિગમ અને સંશોધનના કારણે નામશેષ થઈ ચૂક્યા છે અને આ આધુનિક અભિગમ અને વૈજ્ઞાનિક ઉપકરણ દવાઓ સુધારેલ બિયારણના કારણે ઘણા ફાયદાઓ થયા છે જેની સામે નુકશાન નહિવત માત્રામાં છે એટલે નવા સંશોધન આયામને સ્વીકારીને ચાલવું જોઈએ જે ઉત્પાદન રોગપ્રતિકારક છે કુપોષણ મુક્ત છે.

દરેક વખતે જૂનું એટલું સોનુ નથી હોતું એમાં પણ નવો આયામ અને ઘાટ સાફ સફાઈ કરવી પડે છે નહીંતર ઝાંખપ લાગી જાય જૂની ફેશન બની જાય છે જે જમાના પ્રમાણે સ્વીકાર્ય રહેતી નથી.

રાજુ ઓડેદરા

કેન્સર વધવાના કારણો

•

સરકાર અને ખેડૂતોનું જ આ કામ નથી, તમામ લોકોની પણ એ જવાબદારી છે.

•

વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે ગુજરાતના સંદર્ભમાં ખાસ લેખ..

સાહિત્યકાર દિલીપ રાણપુરા નવા નવા વાર્તાઓ લખતા થયા હતા. એક વાર્તા સ્પર્ધામાં તેમણે એક વાર્તા મોકલી. તેમણે એવી કલ્પના કરેલી કે સૌરાષ્ટ્રમાં ટ્રેન દ્વારા પાણી મોકલાય છે અને રસ્તામાં લોકો ટ્રેનમાંથી પાણી લૂંટે છે. વાર્તાની રીતે ઉત્તમ વાર્તા હતી, જોકે ત્રણ પૈકીના એક નિર્ણાયકે (જે દિગ્ગજ સાહિત્યકાર પણ હતા) એમ કહીને વાર્તાને વિજેતા કૃતિ જાહેરના કરી કે આવી કલ્પના જના કરાય. જોકે એ વાત સાવ જ જુદી છે કે દિલીપ રાણપુરાએ જે કલ્પના કરી હતી તેવું બન્યું. સૌરાષ્ટ્રને ટ્રેન દ્વારા પાણી પૂરું પાડવું પડ્યું.

આજે એવી જ એક કલ્પના કરવી પડે તેમ છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન શરૂ થવાની છે. જો ગુજરાત સમયસર નહીં જાગે, માત્ર પાંચ વર્ષમાં જો સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી તરફ નહીં વળે તો બુલેટ ટ્રેનમાં આપણે કેન્સરના દર્દીઓને સારવાર માટે મુંબઈ મોકલતા હોઈશું અને ટ્રેનનું હુલામણું નામ કેન્સર ટ્રેન કહેવાશે. બાય ધ વે, પંજાબમાં ઘરે ઘરે કેન્સરના ખાટલા છે અને પંજાબથી રાજસ્થાન

ચાલતી, એક ટ્રેન (Bhatinda to Bikaner)ને કેન્સર ટ્રેનનું નામ મળ્યું છે.

ગુજરાતમાં દિવસેને દિવસે કેન્સર વધી રહ્યું છે.

બીજું બધું બાજુ પર મૂકીને, ગુજરાતના ઘરે ઘરે કેન્સરના ખાટલા થાય એ પહેલાં ગુજરાતે યુદ્ધના ધોરણે કેન્સર સામે ચેતવાની જરૂર છે.

ગંભીરતા અને જરૂરિયાતના પ્રમાણમાં આ લેખ સહેજે લાંબો નથી હોં.

આમ તો ગુજરાતે ચેતવાનો, ચોંકવાનો અને સુધરવાનો રિવાજ સાવ જ કાઢી નાખ્યો છે, પરંતુ કેન્સરની બાબતમાં બેદરકાર રહેવા જેવું નથી. થોડાં વર્ષો પહેલાં અમદાવાદમાં કેન્સરની એક જ હોસ્પિટલ હતી, આજે ૨૫થી વધુ હોસ્પિટલો છે, છતાં ઓછી પડે છે. ગુજરાતમાં કેન્સર ઘર કરી રહ્યું છે. ઘરે ઘરે કેન્સરના ખાટલા હોય એ દિવસો દૂર નથી. કેન્સર કોમન થઈ ગયું છે.

કોઈને મૃત્યુનું કારણ પૂછીએ છીએ તો તરત જવાબ મળે છે કે કેન્સર હતું. ગુજરાતમાં કેન્સર ઘેરો ઘાલી રહ્યું છે. ગુજરાતનું અજબ નામનું ગામ તો એવું છે કે ત્યાં મોટી સંખ્યામાં કેન્સરના દર્દીઓ છે. છે ને ગજબ જેવી વાત... ! આ ગજબ ગુજરાતમાં થવા જઈ રહ્યો છે.

એક અહેવાલ કહે છે કે ૧૦ વર્ષમાં અમદાવાદ શહેરમાં કેન્સરનાં ૬૦ ટકા કેસ વધી ગયા છે. સને ૨૦૧૮માં ગુજરાતમાં કેન્સરના ૮૦, ૮૨૦ કેસ નોંધાયા હતા, જેમાં ૯, ૪૧૪ કેસ બ્રેસ્ટ કેન્સરના હતા. મહિલાઓમાં ૨૮ ટકાના દરે બ્રેસ્ટ કેન્સર વધી રહ્યું છે. ગુજરાત કેન્સર રિસર્ચ સોસાયટીમાં દરરોજ ૨૦-૩૦ કેન્સરની સર્જરી થાય છે.

આખા ભારતમા કેન્સરમાં ગુજરાત પહેલો નંબર છે. હોય જ ને, કારણ કે ગુજરાતીઓને પહેલા નંબર સિવાય બીજું કશું ફાવતું નથી. હૃદયરોગમાં ગુજરાતીઓ પહેલા નંબરે છે, ડાયાબિટીસમાં પણ પહેલો નંબર ગુજરાતીઓએ ક્યારનોય અંકે કરી લીધો છે. જે મોટી

મોટી બિમારીઓ છે તે બધી જ ગુજરાતીઓએ પોતાની પાસે રાખી છે, તો કેન્સર શું કામ બાકી રહી જાય ? બિચારા કેન્સરે શું ગુન્હો કર્યો છે !!

નેશનલ હેલ્થ પ્રોફાઈલના ૨૦૧૯ના વર્ષના આંકડા શું કહે છે ? કહે છે કે ગુજરાતમાં કેન્સર કૂદને ભૂસકે વધી રહ્યું છે. ૨૦૧૭માં કેન્સરના કેસ ૩૯૩૯ હતા તે ૨૦૧૮માં ૭૨૧૬૯ થઈ ગયા. બોલો કહેવું પડે ને ? ૨૦૧૯માં પાછી ગુજરાતે પ્રગતિ કરી અને લગભગ ૮૧૦૦૦ સુધી આંકડો પહોંચાડી દીધો.

ગુજરાતમાં કેન્સર વધી રહ્યું છે તેનાં કારણો કયા છે ?

તેનાં અનેક કારણો છે.

થોડાં સમય પહેલાં હું અમદાવાદમાં એક ભાઈને મળેલો. તેઓ કેન્સરગ્રસ્ત છે. પૈસેટકે સુખી છે. કેન્સર સામે લડત આપી રહ્યા છે. તેમણે કેન્સરગ્રસ્તો માટે સંસ્થા સ્થાપી છે અને અત્યાર સુધી ૫૦, ૦૦૦થી વધુ કેન્સરગ્રસ્તોને આર્થિક, માનસિક અને નૈતિક મદદ કરી ચૂક્યા છે. વંદન કરવાનું મન થાય તેવી તેમની પ્રવૃત્તિ છે. તેમણે મને કહ્યું હતું કે શારીરિક અને માનસિક બંને કારણોથી કેન્સરના દર્દીઓ વધી રહ્યા છે.

માનસિક કારણમાં છે વધતો તનાવ. માનસિક ખૂબ જ વધી રહ્યો છે. આપણે બધા ગુજરાતીઓ ઓવા-વત્તા અંશે ગાંડા થઈ રહ્યા છીએ. હસવાની જરૂર નથી. સાવ સાચી વાત છે. આપણે બધા માનસિક તનાવને કારણે સ્વચ્થતા ગુમાવી રહ્યા છીએ. કોઈ પાંચ ટકા ગાંડુ હશે તો કોઈ વળી ૧૦ ટકા, ટકાવારીમાં જ ફરક છે બાકી આપણે માનસિક રીતે અસ્થિર છીએ તેમાં કોઈ શંકા નથી. આખો સમાજ મેન્ટલ હોસ્પિટલ બની રહ્યો છે. સંપૂર્ણ સ્વસ્થ વ્યક્તિ દિવસે દિવો લઈને શોધવા જઈએ તો પણ મળે કે કેમ તેવી કપરી પરિસ્થિતિ છે.

સો વાતની એક વાત, માનસિક પરિતાપ આપણને બિમાર બનાવે છે. કેન્સર થવાનું એક કારણ એ પણ છે.

બીજું જબરજસ્ત કારણ છે વધતાં વ્યસનો, મારા ભગવાન

તું ગુજાતને થોડું ઓછું સુખી કર પણ તેને વ્યસનથી બચાવ. સમૃદ્ધ અને સુખી ગણાતું ગુજરાત વ્યસનોના ભરડામાં આવી ગયું છે. ગુજરાતમાં ગુટખા, ગાંજા, ડ્રગ્સ અને આધુનિક નશાનાં વ્યસનો ખૂબ વધી ગયાં છે. જૂની પેઢી દારૂથી સંતોષ માનતી હતી. (ii) પરંતુ નવી પઢીને તો વ્યસનોમાં પણ વિવિધતા જોઈએ છે. કિશોરો અને યુવાનો ફેશનથી, દેખાદેખીથી, વટ મારવા, ના-સમજથી, અણસમજથી, કુસંગથી વ્યસનો કરે છે. ગંભીરમાં ગંભીર બાબત છે કે છોકરીઓ અને મહિલાઓ પણ તેમાં સહેજેય પાછળ નથી. આ વાતને ગુજરાતે અતિગંભીરતાથી લેવાની જરૂર છે.

ગુજરાત હવે બિનગુજરાતીઓથી છલકાઈ રહ્યું છે. બિનગુજરાતીઓ પોતાની પરિપાટી લઈને આવે છે. ગુજરાતીઓમાં વ્યસનો અને માંસાહારનું પ્રમાણ વધ્યું છે તેનું એક કારણ બિનગુજરાતીઓનો સંગ પણ છે. એક મુલાકાતમાં કેન્સરના વિશ્વખ્યાત તબીબ ડો. પંકજ શાહે મને કહ્યું હતું કે ગુજરાતના યુવાનોમાં વ્યસનો વધ્યાં છે તેમાં બહારથી આવતા યુવાનોનો પણ મોટો ફાળો છે. તમે હમણાં જાણ્યું જ હશે કે ગુજરાતમાં ભણતા બે બિનગુજરાતી વિદ્યાર્થીઓએ હાઈકોર્ટમાં દારૂની પરમિટ મળે તે માટે રજૂઆત કરી હતી. બીજા દેશો કે બીજાં રાજ્યોમાંથી આવતા યુવાનો સ્વાભાવિક છે કે સહજ રીતે દારૂ પીતા હોય અથવા અન્ય વ્યસનો કરતા હોય.

મને એક અમદાવાદના ટેક્સીવાળાએ બહારગામથી અમદાવાદમાં રહીને ભણતી છોકરીઓમાં દારૂ પીવાનું વલણ કેટલું તીવ્ર હોય છે અને તેની અસર ગુજરાતની છોકરીઓ ઉપર કેટલી ગંભીર પડતી હોય છે તેની ઉદાહરણો આપીને વાત કરી હતી. એ ભલો ડ્રાઈવર એક બિનગુજરાતી છોકરીને દારૂ છોડાવવામાં નિમિત્ત બન્યો હતો. તેનું પણ કહેવું હતું કે આજના કિશોરો અને યુવાનો ખૂબ ઝડપથી વ્યસની બની રહ્યા છે.

જે સ્થિતિ અમદાવાદની છે તે સ્થિતિ વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, ભૂજ, ગાંધીધામ, પાલનપુર, મહેસાણા, આણંદ,

નડિયાદ, ઊંઝા વગેરેની છે.

ટૂંકમાં આખા ગુજરાતમાં વ્યસનો અને તેને દબાતે પગલે કેન્સર વધી રહ્યું છે.

વ્યસન કરતાં પણ એક ચડિયાતી બાબત છે કેમિકલયુક્ત ખોરાકની. એમ કહોને કે આપણે અત્યારે રોજ ઝેર જ ખાઈએ છીએ. આપણી થાળીમાં ઝેર પીરસાય છે અને આપણે તેને હોંશે હોંશે આરોગીએ છીએ. શાકભાજી-ફળફળાદિ-અનાજ-કઠોળ અન્ય ખાદ્ય પદાર્થોમાં ઝેર વિશેષ હોય છે. આ ઝેર એટલે કેમિકલ્સ.

આપણી ખેતીની જમીનો અને ખેતીની પદ્ધતિઓ ઝેરીલી થઈ ગઈ છે. જંતુનાશક દવાઓ, રાસાયણિક ખાતરો અને પ્રચૂર કેમિકલ્સને કારણે ખોરાકમાં ઝેર વ્યાપી ગયું છે. તેના અનેક અહેવાલો આવ્યા છે.

એક અંગત અનુભવ કહું. એકવાર હું વીસનગરથી અમદાવાદ આવતો હતો. રસ્તામાં કાર બગડી. એક પેટ્રોલપંપ પાસે કાર ઊભી રાખી. સાંજ પડી ગઈ હતી. ત્રણ ભલા માણસોએ મદદ કરવાની તૈયારી બતાવી.એ ત્રણેય ખેડૂત હતા. તેમની પાસેથી જાણ્યું કે કંઈ રીતે કેમિકલની મદદથી ખેડૂતો ૧૦-૧૫ ગણો પાક લઈ રહ્યા છે. મને કહેવામાં આવ્યું કે એક દવા એવી આવે છે કે શાકભાજીના કોઈ છોડ પર છાંટવામાં આવે તો દર ત્રણ દિવસે પાક મળે અને શાકભાજીનું કદ બે-ત્રણ ગણું થઈ જાય. એમણે તો આવી ઘણી વાતો કરી હતી. એકવાર રવૈયાને અમે પાણીમાં પલાડી રાખ્યાં તો સવારે તેનો કલર એકદમ બદલાઈ ગયો. જોવો પણના ગમે તેવો એ કલર હતો. કેમિકલનો તે પ્રતાપ હતો.

અમદાવાદના પાદરમાં જમિયતપુરા નામનું ગામ છે. અહીં ગણેશભાઈ (હકાભાઈ)ની ભેંસ યુરિયા ખાતરમાં મોઢું નાખી ગઈ. માંડ એક દોથો ખાતર ખાધુ હશે. પાંચ મિનિટમાં જ મરી ગઈ. બોલો, આવા ખાતરથી જે પાક થાય છે એ આપણે ખાઈએ છીએ.

આપણે પ્રાકૃતિક ખેતીને ભૂલી ગયા છે. ગુજરાતના રાજ્યપાલ, આચાર્ય દેવવ્રતજી પણ પ્રાકૃતિક ખેતીના જબરજસ્ત સમર્થક છે અને નામદારને બદલે કામદાર બનીને આ દિશામાં સતત કામ કરી રહ્યા છે.

મારા વ્હાલા અને શાણા ગુજરાતીઓ કેન્સર સામે બાંયો ચડાવવી પડશે. તેની સામે લાલ આંખ કરવી પડશે.

તેની સામે ઝૂકવાને બદલે તેને ઝુકાવવું પડશે. શું કરીશું ?

૧. ગુજરાતમાં માંડ પાંચ ટકા જમીનમાં પ્રાકૃતિક ખેતી થતી હશે. ગુજરાતે સંકલ્પ કરીને પાંચ વર્ષમાં આખું ગુજરાત પ્રાકૃતિક ખેતી ખેતી કરતું થઈ જાય તેમ કરવું જ પડશે.

સરકાર પણ ગંભીર બની છે અને ખેડૂતો પણ એ માટે તૈયાર છે. જોકે સૌથી મોટી જવાબદારી લોકોની જ છે. જો લોકો માત્ર પ્રાકૃતિક ખેતી આધારિત ઉત્પાદનો ખરીદવાનો આગ્રહ રાખે તો પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને બજાર મળે. તો તેઓ ઝડપથી પ્રાકૃતિક ખેતી તરફ વળશે અને ગુજરાતમાંથી કેન્સર ઓછું થશે.

૨. વ્યસનો છોડો અને છોડાવો.

૩. જો તમે માતા-પિતા છો તો તમારાં સંતાનો પર ધ્યાન આપો. જાસૂસી કરીને પણ જાણો કે તેઓ જાણે-અજાણે ક્યાંય કોઈ વ્યસનનો ભોગ તો નથી બન્યાંને ? અને જો એવું જણાય તો સહેજ પણ સહાનુભૂતિના રાખશો. કોઈપણ ભોગે તેને વ્યસનથી દૂર કરો. આજકાલનાં માતા-પિતાસંતાનોથી એકદમ દબાઈ ગયાં છે. નિઃસહાય અને બિચારાં થઈ ગયાં છે. કોણ બાપ છે તેની જ ખબર પડતી નથી. આ સ્થિતિના ચાલે.ના ચાલે એટલેના જ ચાલે. પોતાનું હિત શેમાં છે તેનું જેને ભાનના હોય તેને તેનું હિત બતાવવાની દરેક માતા-પિતાની અનિવાર્ય ફરજ છે. ગુજરાતનાં માતા-પિતાઆળસ, સંકોચ, શરમ અને ડર છોડીને જાગૃત થાય તે આજની તાતી જરૂરિયાત છે. બીજું બધુ પછી કરજા, પણ આ કામ પહેલાં કરો.

૪. તનાવ છોડવાનું કામ તો સહેલું નથી. એ દિશામાં પ્રયાસ

તો કરવા જ પડશે. જીવનશૈલી બદલો. પરિવારમાં પરસ્પર વધારે સમય અને પ્રેમ આપો. પ્રેમ બીજે ક્યાંક આપવાનો હોય તો સમય તો આપો.

એક ખાસ વાત મહેરબાની કરીને ધર્માંધતામાં બહુના આવો. ગુજરાતને કહેવાતા ધાર્મિક નેતાઓએ પારાવાર નુકસાન પહોંચાડ્યું છે એવું મારું નીરિક્ષણ છે. ધર્મએ ગુજરાતને પાંગળુ અને રતઆંધળું કરી નાખ્યું છે. કેટલાક અપવાદો હશે, પણ સરવાળે તો એ જ સ્થિતિ છે.

આપણે જીવનમાં ટેકનોલોજીને વણી લીધી છે, પરંતુ વૈજ્ઞાનિક અભિગમને સ્વીકાર્યો નથી. જીવન વૈજ્ઞાનિક અભિગમથી જીવીશું તો તનાવ આપોઆપ ઘટશે. આત્મવિશ્વાસ વધારો, સજ્જતા કેળવો, પરાવલંબીપણું ઘટાડો, ઘડી-ઘડી ભગવાન પાસે શું દોડીને જાવ છો ? જાતના જ ભગવાન બનોને ! એવું સરસ જીવન જીવો કે તનાવ તમારી પાસે પાણી ભરે.

૫. કેમિકલયુક્ત ખોરાકથી બચવાનો અત્યારે તો મને કોઈ રસ્તો દેખાતો નથી. જીવવા માટે ખાવું તો પડે જ, અને બજારમાં જે મળતું હોય તેના પર આધાર રાખવો પડે. કાળજી તો રાખી શકાય. ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી કરતા અનેક ખેડૂતો છે, તેમની પાસેથી તમારા ઘર સુધી બધુ આવે તેવો પ્રયાસ કરો. (હું અમદાવાદમાં એક એવું ફોરમ બનાવવા જઈ રહ્યો છું, જેના માધ્યમથી ઘરે ઘરે પ્રાકૃતિક ખેતી આધારિત ઉત્પાદનો પહોંચાડી શકાય. જેને રસ હોય તેઓ ૯૮૨૪૦ ૩૪૪૭૫ પર મારો સંપર્ક કરે)

૬. કેન્સરથી બચવા માટે શારીરિક અને માનસિક સજ્જતા માટે પણ સક્રિય થવું જાઈએ. આળસ કર્યા વગર ચાલવું જાઈએ અને કસરત કરવી જોઈએ. યોગ ઈત્યાદિનો પણ લાભ લેવો જોઈએ.

ઘણું લખી નાખ્યું અને તમે ઘણું વાંચી પણ નાખ્યું. બહુ થયું.

આ લેખ પૂરો કરતી વખતે વાંચનારને વિનંતી કરું છું કે આપણે

બધા કેન્સર સામે સહિયારો પુરુષાર્થ કરીએ.

કેન્સરને હંફાવીએ કેન્સરને હરાવવીએ. કેન્સર આખા ગુજરાતને સર કરી લે તે પહેલાં તેને ભગાડીએ.

(પોઝિટિવ મીડિયા અને નવી સવાર માટે આલેખનઃ રમેશ તન્ના)

ગુજરાતના ૧૯૬૦થી ૨૦૨૧ સુધીના મુખ્યમંત્રીઓ એક ઝલક

ગુજરાતના ૧૯૬૦થી ૨૦૨૧ સુધીના મુખ્યમંત્રીઓની એક ઝલક : લેખાં-જોખાં

આલેખન : રમેશ તન્ના

ગુજરાતના મુખ્યમંત્રી પદે આરૂઢ થનારા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ હોદ્દાની અદ્યતન રીતે ગુજરાતના ૨૪મા મુખ્યમંત્રી છે. તો વ્યક્તિની રીતે ૧૭ (સત્તર)મા મુખ્યમંત્રી છે. ગુજરાત પ્રમાણમાં ઘણી રાજકીય સ્થિરતા જોઈએ છે. ગુજરાતની પ્રજાએ વિકાસપથની સફર સતત જારી રાખી છે. ૧૯૬૦માં મુંબઈ રાજ્યમાંથી અલગ થયા પછી શાસનમાં પૂર્વાર્ધમાં કોંગ્રસનો અને ૧૯૯૮થી ભાજપનો દબદબો રહ્યો છે. ૬૧ વર્ષમાં થોડો સમય પ્રાદેશિક પ્રક્ષ અને રાષ્ટ્રપતિ શાસનનો પણ ગજુરાતનો અનભવ રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતને મળેલા મુખ્યમંત્રીઓની ઝલક જોઈએ.

શ્રી. ડૉ. જીવરાજ મહેતા

(૧-૫-૬૦થી ૮-૩-૬૨, ૮-૩-૬૨થી ૧૯-૯-૬૩) ૩ વર્ષ, ૧૪૧ દિવસ (કલ ૬૭૭ દિવસ)

ગુજરાત અને મહારાષ્ટ્રની ૧૯૬૦ના મેની પહેલી તારીખે. અલગ રાજ્યો બન્યાં. સ્વતંત્ર ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી માટે ખંડુભાઇ દેસાઇ ને બળવંતરાય મહેતાનાં નામો વિચારાયા હતાં, પરંતુ છેવટે મુંબઈ રાજ્યના મંત્રીમંડળમાં ગુજરાતના મંત્રીઓમાંથી સૌથી વરિષ્ઠ એવા ૭૩ વર્ષીય નાણામંત્રી ડૉ. જીવરાજ મહેતા પર પસંદગીનો કળશ ઢોળાયો.

અમરેલીના વતની જીવરાજભાઈએ મુંબઈ અને લંડનમાં તબીબી શિક્ષણ મેળવ્યું હતું. સ્વાતંત્ર્યની લડતમાં સક્રિય હતા.

નવરચિત રાજ્યના મુખ્યમંત્રી તરીકે તેમણે ખાધવાળા રાજ્યના વહીવટનો ભાર ઉપાડ્યો. મુંબઈ રાજ્યનું વિભાજન થતાં તેમણે રાજ્યના વહીવટનો પાયો સદૃઢ કર્યો. ગુજરાતની ખેતી, સિંચાઈ, વીજળી, રસ્તાઓની ઊણપ વગેરે ક્ષેત્રે તેમણે ઝડપથી કામ કર્યું. તેમણે ગુજરાતમાં દારૂબંધી દાખલ કરી. કાયદો કરી રાજ્યમાં ગૌહત્યા બંધ કરાવી. તેમણે વિધાનસભામાં પંચાયતધારો પસાર કરાવ્યો. તેમણે ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડની રચના કરી. જીવરાજભાઈની આગેવાનીમાં ૧૯૬૨માં કોંગ્રેસને ૧૩ બેઠકો મળી. જોકે ૧૯૬૩માં તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત દાખલ થઈ. આ દરખાસ્ત ૩૧ વિરુદ્ધ ૧૦૧ મતથી ઊડી ગઈ, પણ રાજકીય ખટપટના વિરોધીઓ જીવરાજભાઈએ રાજીનામું આપી દીધું.

શ્રી બળવંત મહેતા
(૧૯-૯-૬૩થી ૧૯-૯-૬૫) બે વર્ષ, કુલ ૭૩૦ દિવસ

૧૮૯૯માં ભાવનગરમાં જન્મેલા બળવંતરાય મહેતા ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થયા હતા. તેઓ ઠક્કરબાપાએ ઉપાડેલા હરિજન સેવાકાર્યમાં પણ જોડાયા હતા. ૧૯૫૨માં ચૂંટણી જીતી તેઓ લોકસભામાં પણ ગયા હતા. તેમણે પંચાયતી રાજ સુદૃઢ કર્યું. તેમની વહીવટ પર પકડ હતી. તેમના શાસન દરિમયાન વલસાડ અને ગાંધીનગર બે નવા જિલ્લા થયા. કંડલા ફ્રી ટ્રેડ ઝોન તેમના સમયમાં સ્થપાયો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રચના માટે તેમણે સિમિત નીમી.

૧૯૬૫માં ભારત-પાકિસ્તાનના યુદ્ધ દરિમયાન, યુદ્ધવિરામ સમયે તેઓ વિમાનમાં બેસી કચ્છ સરહદ જોવા ગયા. પાકિસ્તાનના રડારમાં તેમનું વિમાન ઝડપાતાં પાકિસ્તાનનાં યુદ્ધ વિમાનોએ તેમના વિમાનને તોડી પાડ્યા જેમાં તેમને અને તેમનાં પત્ની સરોજબહેનનું અવસાન થયું.

શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ

(૧૯-૯-૬૫થી ૪-૩-૬૭, ૪-૩-૬૭થી ૧૩-૫-૭૧) ૫ વર્ષ અને ૨૪૫ દિવસ, કુલ ૧૯૭૦ દિવસ

સુરતમાં ૧૯૧૫માં જન્મેલા હિતેન્દ્રભાઈ દેસાઈએ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ મુખ્યમંત્રી પદ સંભાળ્યું હતું. હિતેન્દ્રભાઈએ વકીલાતના ક્ષેત્રે ઘણી નામના મેળવી હતી. ૫૦ વર્ષની વયે તેઓ મુખ્યમંત્રી બન્યા. ૧૯૬૫થી ૧૯૭૧ દરિમયાન તેમણે વલસાડ જિલ્લાનો પારડી ઘાસિય જમીનનો પ્રશ્ન ઉકેલ્યો. ૧૯૬૮-૬૯ના દુષ્કાળમાં તેમણે સફળ રાહતકામ કર્યું. પાટનગર ગાંધીનગરમાં તેમણે વસાહતોનાં મંડાણ કરાવ્યાં. વહીવટી તંત્રને સુદૃઢ બનાવવા તેમણે વિજિલન્સ કમિશનની રચના કરી. નવેમ્બર ૧૯૬૯માં કોંગ્રસના વિભાજન થતાં તેઓ સંસ્થા કોંગ્રસમાં જોડાયા. લોકસભામાં સંસ્થા કોંગ્રેસના પરાજય પછી તેમણે પોતાની સરકારને રાજીનામું આપ્યું. જોકે પછી નાના પક્ષ અને અપક્ષોની મદદથી તેમણે પુન સત્તા મેળવી, પણ ૩૫ દિવસમાં જ તેમનું મંત્રીમંડળ તૂટ્યું. હિતેન્દ્રભાઈ દેસાઈના સમયકાળમાં ગુજરાતમાં વહીવટ, સંગઠન, સમતોલ વિકાસથી ગુજરાત સમદ્ધિ તરફ આગળ વધ્યું.

શ્રી ઘનશ્યામભાઈ ઓઝા

(૧૭-૩-૭૨થી ૧૭-૭-૭૩) ૧ વર્ષ, ૧૨૨ દિવસ, કુલ ૪૮૭ દિવસ

ભારત પાકિસ્તાનના ૧૯૭૧ના યુદ્ધ પછી માર્ચ, ૧૯૭૨માં યોજાયેલી ચૂંટણી ઈન્દિરા કોંગ્રેસને ૬૮માંથી ૧૩૯ બેઠકો મળી. ૬૧ વર્ષના ઘનશ્યામભાઈ ઓઝાને ઈન્દિરા ગાંધીએ મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યા. ૧૯૧૧માં ભાવનગરના ઉમરાળા ગામે જન્મેલા ઘનશ્યામભાઈ વકીલાત કરતા હતા. તેના સમયકાળમાં સમગ્ર રાજ્યમાં માધ્યિમક

શિક્ષણ તદન મફત કર્યું. નાના ખેડૂતને મહેસલૂમાંથી મુક્તિ આપી. શહેરી જમીન ટોચમર્યાદા ધારો ઘડીને તેમણે જમીનની સટ્ટાખોરી અટકાવી. જૂન, ૧૯૭૩માં ઘનશ્યામભાઇ સામે અવિશ્વાસનો મત રજૂ થયો એટલે તેમણે મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપી દીધું.

શ્રી ચીમનભાઈ પટેલ

૧૭-૭-૭૩થી ૯-૨-૭૪ અને ૪-૩-૯૦થી ૧૭-૨-૯૪ પહેલી વખત ૨૦૭ દિવસ, બીજી વખત ૩ વર્ષ અને ૩૫૦ દિવસ, કલ ચાર વર્ષ અને ૧૯૨ દિવસ..

ઘનશ્યામભાઇના રાજીનામા પછી ચીમનભાઇ પટેલે ઇન્દિરા ગાંધીની વિરુદ્ધમાં જઇને મુખ્યમંત્રીપદ હાંસલ કર્યું. જોકે ૧૯૭૪માં થયેલા નવિનર્માણ આંદોલને ચીમનભાઇ પટેલ માટે સમગ્ર ગુજરાતમાં તિરસ્કાર ઊભો કર્યો. છેવટે ચીમનભાઇએ રાજીનામું આપ્યું.

૧૯૨૯માં ત્રીજી જુને વડોદરા જિલ્લાના સંખેડા તાલુકા ચિખોદ્રા ગામે જન્મેલા ચીમનભાઇ અર્થશાસ્ત્ર વિષયના પ્રાધ્યાપક હતા. તેમણે જૂન, ૧૯૭૫માં કિસાન નેતાઓના ટેકાથી ગુજરાત કિસાન મજદૂર લોકપક્ષ (કિમલોપ) નામનો પ્રાદેશિક યક્ષ રચ્યો. આ પક્ષને ૧૨ બેઠકો મળી હતી. ૧૯૭૭માં ચીમનભાઇ જનતા પક્ષમાં જોડાયા. ૧૯૯૦માં ગુજરાતાની આઠમી વિધાનસભાની ચૂંટણીની તેમણે ભાજપ સાથે મળીને મિશ્ર સરકાર રચી. ચીમનભાઇના સમયકાળમાં ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાના કામ ગિતમાં ચાલ્યું.

તેઓ લડાકુ મિજાજ માટે જાણીતા હતા. મોટા ભાગે ગુજરાત કેન્દ્રમાં કશું ઊપજે નહિ પણ ચીમનભાઇ કોઇને ગાંઠતા નહિ. વહીવટી તંત્ર ઉપર તેમની ઘણી પકડ હતી. તેમણે રાજ્યના ઔદ્યગિક વિકાસ માટે પણ કેટલાક નક્કર પ્રયાસો કર્યા હતા. ચીમનભાઇ સામે એવો આક્ષેપ થાય છે કે તેમના સમયથી રાજકારણમાં મૂલ્યોનું પતન શરૂ થયું. તેઓ કોઇપણ ભોગે પરિણામ ઝંખતા. તેમણે અસામાજિક તત્વોને

પોષ્યાં તકવાદી રાજકારણના તેઓ પ્રેરક ગણાયા.

શ્રી બાબુભાઈ જશુભાઈ પટેલ

૧૮-૬-૭૫થી ૧૨-૩-૭૬,

૧૧-૪-૭૭થી ૧૭-૨-૮૦ ૨૬૮ દિવસ

જનતા મોરચાને અપ્રિલ, ૧૯૭૫માં થયેલી ચૂટણીની ૮૬ બેઠકો મળી. અન્ય પક્ષોના ટેકાથી જનતા મોરચાએ સરકાર રચી અને બાબુભાઈ જશુભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા. ૧૯૧૧માં નડિયાદમાં જન્મેલા બાબુભાઈએ આદિકાળથી જ રાજકીય જીવનમાં ઝંપલાવ્યું હતું. દેશમાં કટોકટી લદાયા પછી ઈન્દિરા ગાંધીએ 'કિમલોપ'ના ચીમનભાઈ પટેલનો સહકાર મેળવી બાબુભાઈની સરકાર તોડી. ૧૯૭૭, માર્ચમાં તેઓ જોકે પુનઃ મુખ્યમંત્રી થયા. તેમના બીજા શાસનકાળ દરમિયાન કેન્દ્ર નર્મદા જળવિવાદનો યુદ્ધ જાહેર કર્યો હતો. કટોકટીનો તેમણે મક્કમ વિરોધ કરેલો. બાબુભાઈએ પરૂહનો તથા અસર પામેલા મોરબીને પુન સ્થાપિત કર્યું.

શ્રી માધવસિંહ સોલંકી

૨૪-૧૨-૭૬થી ૧૧-૪-૭૭,

૬-૬-૮૦થી ૬-૭-૮૫, પહેલી વખત ૧૦૭ દિવસ

૧૧-૩-૮૫થી ૬-૭-૮૫, બીજી વખત પાંચ વર્ષ અને ૨૯ દિવસ કલ પાંચ વર્ષ અને ૧૩૬ દિવસ

૧૦-૧૨-૮૯થી ૩-૩-૯૦, ત્રીજી વખત ૮૩ દિવસ કુલ પાંચ વર્ષ અને ૨૧૯ દિવસ

માર્ચ, ૧૯૭૬માં બાબુભાઈ પટેલની સરકારના પતન પછી માધવસિંહ સોલંકીએ પોતાનું મંત્રીમંડળ રચ્યું. ૧૯૨૭માં ભરૂચ જિલ્લાના

જંબસુર તાલુકા પીલદુર ગામે જન્મેલા માધવિસંહે પત્રકાર તરીકે પણ કામ કર્યું છે.

૧૯૭૭માં વિધાનસભામાં બહુમતી ઘટતાં તેમણે રાજીનામું આપી દીધું હતું. પરંત ૧૯૮૦માં ૧૩૯ બેઠકોના વિજય સાથે તેમણે પુનઃ મુખ્યમંત્રીપદ સંભાળ્યું અને મંત્રીમંડળની પાંચ વર્ષની મુદત પૂરી કરનાર તેઓ ગુજરાતના પ્રથમ અને અત્યાર સુધીના એકમાત્ર મુખ્યમંત્રી બન્યા.

૧૯૮૫ની ચૂંટણીમાં જીતી તેઓ ત્રીજી વખત મુખ્યમંત્રી બન્યા પછી અનામિતવરોધી આંદોલને તેમનો ભોગ લીધો. માધવિસંહ સોલંકી ખામ (ક્ષત્રિય, હરિજન, આદિવાસી, આદિવાસી અને મુસ્લિમ) થિયરીને ગુજરાતમાં પ્રચિલત કરી એવું કહેવાય છે. સાહિત્ય પ્રેમી માધવસિંહે ઉદ્યોગોના વિકાસ માટે પગલાં લીધાં. તેમણે સરદાર સરોવર બાંધકામનો પ્રારંભ કર્યો. તેમણે પ્રાથિમક શાળામાં મફત મધ્યાહન ભોજન યોજના અમલી કરી. ૧૯૮૯માં તેઓ ચોથીવાર મુખ્યમંત્રી બન્યા હતાં.

શ્રી અમરસિંહ ચૌધરી :
૬-૭-૮૫થી ૯-૧૨-૮૯, ૪ વર્ષ અને ૧૫૬ દિવસ કુલ ૧૬૧૬ દિવસ

જુલાઇ, ૧૯૮૫માં માધવસિંહ સોલંકીના અનગુમા તરીકે અમરસિંહ ચૌધરી રાજયના મુખ્યમંત્રી બન્યા. ૪૪ વર્ષની સૌથી નાની વયે રાજયના મધ્યમંત્રી બનનાર અમરસિંહ ચૌધરીનો જન્મ સુરત જિલ્લાના વ્યારા તાલુકાના ઠોલવણ ગામે થયો હતો. તેમણે રાજયમાં શાંતિ સ્થિાપી. ૧૯૮૮માં તેમણે નર્મદા કોર્પોરેશન રચ્યું. તેમના કાળમાં ત્રણ વર્ષ દુષ્કાળ પડ્યો. તેનો તેમણે કુનેહપૂર્વક સામનો કર્યો. તેમણે નર્મદામાંથી પીવાના પાણીની પાઇપલાઇન યોજનાને મંજૂરી આપી.

શ્રી છબીલદાસ મહેતા :
૧૭-૨-૯૪થી ૧૩-૩-૯૫, ૧ વર્ષ અને ૨૪ દિવસ

ચીમનભાઇ પટેલના આકસ્મિક અવસાન પછી ૧૯૯૪માં છબીલદાસ મહેતા મુખ્યમંત્રી બન્યા. ભાવનગરના મહુવા ગામે ૧૯૨૫માં જન્મેલા છબીલદાસ મહેતાએ સ્વાતંત્ર્યની લડતમાં તેમણે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામાન્ય બનાવવા પ્રયત્નો કર્યા.

શ્રી કેશુભાઇ પટેલ

૧૩-૩-૯૫થી ૨૧-૧૦-૯૫,
(પહેલી વખત ૨૨૧ દિવસ)

૪-૩-૯૮થી ૭-૧૦-૨૦૦૧ (બીજી વખત ૩ વર્ષ અને ૨૧૬ દિવસ) કુલ ૧૫૩૨ દિવસ

ભાજપે ૧૯૯૫માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ૮૨માંથી ૧૨૨ બેઠકો મેળવી અને કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા. ૧૯૩૦માં રાજકોટમાં જન્મેલા કેશુભાઈએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ માટે નોંધપાત્ર કામ કર્યું હતું. શંકરસિંહ વાઘેલાએ બળવો કરતાં તેમણે મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું. ૧૯૯૮ની ચૂંટણી ભાજપની જીત થઇ અને માર્ચ, ૧૯૯૮માં તેઓ પુન મુખ્યમંત્રી બન્યા. જોકે જાન્યુઆરી, ૨૦૦૧માં આવેલા ભૂકંપ પછી તેમની અને પક્ષની લોકપ્રિયતા ઘટતાં કેન્દ્રીયના વડીમંડળે તેમના સ્થાને નરેન્દ્રમોદીને મુખ્યમંત્રી બનાવ્યાં. કેશુભાઈના પ્રથમ વખતનું શાસન ઘણું વખણાયું હતું. પરંત બીજી વખતના શાસનમાં વહીવટી તંત્ર ઉપરની તેમની પકડ ઢીલી થઇ હોવાનું પ્રજાએ અનુભવ્યું. તેમણે ગોકુળ ગ્રામયોજના, ઇન્ફર્મેશન ટેકનોલોજીનો વિકાસ વગેરે ક્ષેત્રે કાર્ય કર્યું. તેમના શાસનમાં નર્મદા યોજનાનું સ્થગિત કામ પુનઃ શરૂ થયું.

શ્રી સુરેશચંદ્ર મહેતા :
૨૧-૧૦-૯૫થી ૧૯-૯-૯૬ (૩૩૪ દિવસ)

શંકરસિંહ વાઘેલાના બળવા પછી સુરેશચંદ્ર મહેતા રાજ્યના મુખ્યમંત્રી બન્યા. કચ્છમાંથી પ્રથમ મુખ્યમંત્રી બનનાર સુરેશભાઈનો જન્મ ૧૯૩૬માં માંડવીમાં થયો હતો. જોકે તેઓ લાંબો સમય સત્તા પર રહી શક્યા નહિ અને ઓક્ટોબર ૧૯૯૬માં તેમની સરકારનું પતન થયું.

તેઓ ભલે લો-પ્રોફાઈલ વ્યક્તિ ગણાતા હોય, પણ તેમનામાં કાર્યદક્ષતા ઘણી ઓછી છે. તેમણે મુખ્યમંત્રી તરીકે ખાસ કોઈ છાપ છોડી નહીં. તેઓ ૨૦૦૨માં ગુજરાત વિધાનસભામાંની ચૂંટણી હારી જતાં તેમની કારકિર્દીને મોટો ફટકો પડ્યો

શ્રી શંકરસિંહ વાઘેલા (એક વર્ષ અને ચાર દિવસ)

૨૩-૧૦-૯૬થી ૨૮-૧૦-૯૭ (એક વર્ષ અને ચાર દિવસ) કુલ ૩૬૯ દિવસ

ભાજપમાંથી મુખ્યમંત્ર તરીકેના પ્રબળ દાવેદાર શંકરસિંહ વાઘેલા ૧૯૯૬માં રાષ્ટ્રીય જનતા પક્ષ સ્થાપીને કોંગ્રસન મદદથી મુખ્યમંત્રી બન્યા. આશરે એક વર્ષ મુખ્યમંત્રી તરીકે કામ કર્યું પણ તાત્કાલિક નિર્ણયો લઈને તેમણે રાજ્યની પ્રજાને પ્રભાવિત કરી અને એક મજબૂત અને મક્કમ નેતા તરીકેની પોતાની ઓળખને સુદૃઢ કરી.

શ્રી દિલીપભાઈ પરીખ : ૨૮-૧૦-૯૭થી ૪-૩-૯૮ (૧૮૮ દિવસ)

માત્ર ચારેક મહિના માટે મુખ્યમંત્રી પદે રહેનાર દિલીપભાઈ પરીખ અત્યંત પ્રવાહી અને અનિશ્ચિત રાજકીય પરિસ્થિતિમાં ખાસ કશું કરી શક્યા નથી. ગુજરાત રાજકીય ઈતિહાસમાં સૌથી ઓછો સમય મુખ્યમંત્રી પદે રહેવાનો વિક્રમ તેમના નામે છે. તેઓ શંકરસિંહ વાઘેલાની ઘણી નજીક હતા અને અકસ્માતે મુખ્યમંત્રી બન્યા.

શ્રી નરેન્દ્રભાઈ મોદી :

૭-૧૦-૨૦૦૧થી ૨૨-૧૨-૨૦૦૨
૨૨-૧૨-૨૦૦૨થી ૨૨-૪-૨૦૧૪ ૧૨ વર્ષ અને ૨૨૭ દિવસ (સૌથી વધુ ૪૪૬૫ દિવસનું શાસન)

'નમો' તરીકે જાણીતા મોદીનો જન્મ ઉત્તર ગુજરાતના વડનગરમાં ૧૭-૯-૧૯૪૯ના રોજ થયો છે. તેઓ કુશળ સંગઠક. એક લોકિપ્રય મુખ્યમંત્રી તરીકે તેમણે પોતાની આગવી આભા અને ઓળખ ઊભી કરી હતી. ભારતની ૧૨૫ કરોડની પ્રજાના વડાપ્રધાન થવા પહેલાં તેમણે ગુજરાતના વિકાસને આખા વિશ્વમાં પહોંચાડ્યો. પાંચ કરોડ ગુજરાતીઓના નેતૃત્વકાર ગણાતા નરેન્દ્ર મોદીએ ગુજરાતને વિકાસના પંથે લઈ જવામાં સફળતા મેળવી હતી. તેમનું વ્યક્તિત્વ ઘણું આકર્ષક અને વકતૃત્વ પ્રભાવક. 'વાઈબ્રન્ટ ગુજરાત'ના સૂત્ર તળે તેમણે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સિસ્ટમનું આયોજન કરીને ગુજરાતમાં કરોડો રૂપિયાની મૂડીરોકાણ આકિર્ષત કરવામાં સફળતા મેળવી. કૃષિ, ઉદ્યોગશિક્ષણ, આઈટી વગેરે ક્ષેત્રે તેમણે નવી નવી પહેલ કરી. માર્કેટિંગમાં માહેર પ્રજા અને પક્ષ બન્ને પર એકસરખી પકડ. જે માને તે કરે અને જે કરે તે લોકોને મનાવીને જ રહે.

શ્રીઆનંદીબહેન પટેલ :

૨૨-૪-૨૦૧૪થી ૬-૮-૨૦૧૬ ૨ વર્ષ અને ૭૭ દિવસ, કુલ ૮૩૬ દિવસ

'બહેન'ના હુલામણા નામથી ઓળખાતાં આનંદીબહેન પટેલને ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનવાની તક મળી. ગુજરાત સરકારમાં સૌથી અનુભવ મંત્રી મહેસાણના વિજાપુર તાલુકાના ખરોડ ગામે ૨૧-૧૧-૧૯૪૧ના રોજ આનંદીબહેનનો જન્મ થયો હતો.૧૯૮૬માં રાજકીય ક્ષેત્રે પ્રવેશેલાં બહેન મળે તો શિક્ષિકાનો જીવ. પોતે સ્ત્રી

હોવાથી સ્ત્રીની પીડા, દુઃખ કે અન્ય લાગણીઓ યોગ્ય રીતે જાણી-સમજી અને અનુભવતઃ આનંદીબહેને રાજ્યનાં દરેક ગામના દરેક ઘરમાં શૌચાલય બનાવવાની નેમ કરી. એના અસરકારક અમલ માટે રાજ્ય સરકારની ઘર શૌચાલય યોજનાનું નેતૃત્વ ગામની આગેવાન મહિલાઓને સોંપ્યું. રાજ્યને કુપોષણ મુક્ત બનાવવાના અભિયાનને પ્રોત્સાહન વેગ મળે તે માટે કૃષિ મહોત્સવના સમાપન પ્રસંગે તેમને મળેલી ખાદ્ય ચીજવસ્તુઓની ભેટ જિલ્લાની આંગણવાડીઓમાં બાળકો-સગર્ભા માતાઓને અપાતી હતી.આ ઉપરાંત મહિલા સુરક્ષા અને મહિલા સશક્તિકરણ અંતર્ગત અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. તેમણે પોતાને બે વર્ષના કાર્યકાળમાં કામ ઘણું કર્યું પણ કદાચ સમય અને નસીબ તેમની ફેવરમાં નહોતું. પહેલાં પાટીદારોનું આંદોલન તેમને નડ્યું અને બાકી હતું તે દલિતો પર થયેલા અત્યાચારોએ પૂરું કર્યું. કમનસીબી એવી કે ગુજરાતના પહેલાં મુખ્યમંત્રી પોતાનો ત્રણેક વર્ષનો કાર્યકાળ પણ પૂરુંના કરી શક્યો.

શ્રી વિજયભાઈ રૂપાણી

૦૭-૦૮-૨૦૧૬થી ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી પાંચ વર્ષ અને ૩૭ દિવસ (કુલ ૨૦૦૭ દિવસ)

આનંદીબહેનના રાજીનામા પછી તેમના અનુગતિ માટે ભારે રહસ્ય રહ્યું. છેવટે વિજયભાઈ રૂપાણીને ગુજરાતના નવા મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. તેઓ ભાજપ ગુજરાતના પ્રમુખ હોવા ઉપરાંત આનંદીબહેન સરકારમાં મંત્રી પણ હતા. રાજકોટના આ ધારાસભ્ય કુશળ સંગઠક ગણાય છે. તેમણે ખબૂ જ નાજુક સ્થિતિમાં મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. તેમણે પાટીદાર આંદોલનને વધારે ઉગ્ર બનવાના દીધું.

તેમની સાથે નીતિનભાઈ પટેલને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. તેમનું નામ મુખ્યમંત્રી તરીકે બોલાતું હતું. તેઓ અનુભવી

મંત્રી હતા. વિજયભાઈ રૂપાણી અને નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ૨૦૧૭ની ચૂંટણી ભાજપ લડ્યું અને ૯૯ બેઠકો સાથે જીત્યું હતું. જોકે તેની બેઠકો ઘટી હતી. વિજયભાઈ સાલસ, સૌમ્ય અને સૌને સાથે રાખીને કામ કરનારા હતા. તેમના કાર્યકાળમાં કોઈ મોટી સમસ્યાના આવી. તેમણે શાંતિથી શાસન કર્યું હતું. કોરોનાની બીજી લહેરમાં તેમને તકલીફ પડી. હાઈકોર્ટે ઠપકો આપ્યો. તેમનો વહીવટી તંત્ર પર અંકુશ નહોતો તેવી ફરિયાદ થઈ. પાંચ વર્ષમાં તેમના પર એક પણ વ્યક્તિગત આક્ષેપ થયો નહોતો કે એકપણ આંદોલન થયું નહોતું. કોરોના જેવી મહામારીની કામગીરીની સર્વોચ્ચ અદાલત અને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને નોંધ લીધી હતી. જોકે સંગઠન અને શાસન વચ્ચેના સંઘર્ષ અને ખાસ તો ડિસેમ્બર, ૨૦૨૨ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જ તેમને બદલવામાં આવ્યા હતા. તેઓ એક શાંત, સરળ, સહિષ્ણુ મુખ્યમંત્રી તરીકે યાદ રહેશે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
(૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૧થી...) સત્તરમા મુખ્યમંત્રી

અમદાવાદના ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારના શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મુખ્યમંત્રી તરીકેની પસંદગીએ તમામ લોકોને ચોંકાવી નાખ્યા હતા. તેઓ અમદાવાદ મહાનગરપાલિકામાં બે ટર્મ સ્ટેડિંગ કિમટીના ચેરમેન હતા તો ઔડાના પણ એક ટર્મ ચેરમેન હતા. તેઓ સૌમ્ય, સાલસ અને સ્વચ્છ પ્રતિભા ધરાવે છે. તેમની પાસે ૧૫ મહિનાનો સમય છે. આ સમયમાં તેમણે એવું કામ કરવાનું છે કે ડિસેમ્બર ૨૦૨૨ કે તે પહેલાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને વિજય અપાવવાનો છે.

ભારતના આર્થિક વિકાસમાં અંતરાયો

– પ્રવીણ ક. લહેરી

કોરોનાની મહામારીનો દુષ્પ્રભાવ આપણને ચારેકોરથી ઘેરી વળ્યો છે. ૩૦ વર્ષના ઉદારીકરણ અને વૈશ્વિકરણના મીઠા ફળો છેવાડાના માનવી સુધી પહોંચી રહ્યા હતા, ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની ટકાવારી ૧૮ ટકા આસપાસ પહોંચી હતી, માથાદીઠ આવક (વાર્ષિક) રૂા. ૧.૦૦ લાખને પાર કરી ગઈ હતી. ૩ ખર્વ યુ. એસ. ડૉલરની રાષ્ટ્રીય આવક પાંચ (ટ્રિલીયન) ડૉલર સુધી પહોંચવાની ઉલટી ગણત્રી ચાલુ થઈ ગઈ હતી, ભારતની પ્રજા માટે સુખના સૂર્યોદયની વેળા આવી હતી, કોરોનાએ છેલ્લા ૧૮ માસમાં આપણા અર્થતંત્ર સહિત તમામ બાબતોમાં અગણિત અંતરાયો ઊભા કર્યા છે. એક બાજુ કોરોનાને અંકુશમાં લાવવાનો પડકાર છે તો બીજી બાજુ આર્થિક વિકાસના લક્ષ્યાંકો સિદ્ધ કરવાની સમસ્યા છે. હાલની સ્થિતિ તો એવી છે કે કબીરજીની સાખી યાદ આવી જાય છે. ‘‘ચીંટી ચાવલ લે ચલી, બીચમે મિલ ગઈ હાલ, એક છેડે દુજો વીતે દોનોના આવત સાથ’’ કોરોનાની મહામારી સામે લડતા લડતા આપણે આર્થિક મોરચે પણ યુદ્ધના ધોરણે કામગીરી કરવાની છે.

૧. આર્થિક વિકાસ દર :

દેશના આર્થિક વિકાસનો વિચાર કરીએ ત્યારે સૌથી વિશેષ ચિંતાનો મુદ્દો ગત વર્ષનો ૭ ટકા જેટલો નકારાત્મક દર છે. વિકાસની ગાડી રીવર્સ ગીયરમાં પડી છે તેને ઝડપથી આગળ વધારવાની આવશ્યકતા છે. છેલ્લા પાંચ વર્ષના આર્થિક વિકાસ દર પર નજર કરીએ તો આપણને જે ચિત્ર દેખાય છે તે આશાસ્પદ કે ઉત્સાહજનક

નથી. અમેરિકાની એજન્સીના વૈશ્વિક સર્વેક્ષણના ભાગરૂપે ભારતના આર્થિક વૃદ્ધિદર દર્શાવે છે કે સન ૨૦૧૬માં આ દર ૮.૨૬ ટકા હતો, ૨૦૧૭મા તે ૧.૨૧ ટકા ઘટીને ૭.૦૪ ટકા થયો. ૨૦૧૮મા આમાં ફરી ૦.૯૨ ટકાના ઘટાડા સાથે ૬.૧૨ થયો. કોરોના પહેલાંના ૨૦૧૯ના વર્ષમાં ૧.૯૪ ટકા ઘટીને ૪.૧૮ થયો. કોરોનાના કહેરમાં તે ૭ ટકા જેટલો નકારાત્મક થયો તેનાથી અર્થતંત્રની હાનિ તો થઈ પણ સમાજના મધ્યમ અને નિમ્નસ્તરના લોકો પર ખૂબ ઘેરી અસર પડી છે. ૨૦૨૧ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં ૪ ટકા જેટલો હકારાત્મક વિકાસ થતાં આપણી આશાને નવજીવન મળ્યું હતું. કમનસીબે કોરોનાના બીજા મોજાએ ફરી અર્થતંત્રની પુનઃવૃદ્ધિ થાય તેવી સ્થિતિને ડામાડોળ કરી છે. જો કે ૨૦૨૧નો લોકડાઉન પ્રમાણમાં આર્થિક ગતિવિધીઓને અગાઉ જેટલો અવરોધક બન્યો નથી. હાલ ત્રીજી લહેરનો કહેર ન વર્તાય તેવી અપેક્ષા રાખીએ. અર્થતંત્રને ચેતનવંતુ બનાવવું હોય તો આપણે સાવચેતી, સલામતી, સંચય અને સમજણપૂર્વક વર્તવું પડશે. બીનજરૂરી સંપર્ક, સંસર્ગ, પ્રવાસ કે સામાન્ય બેદરકારી આપણને ભારે પડી શકે છે. વિદેશોમાં ફરી કોરોનાએ માથું ઊંચક્યું છે. તેમાં થયેલા મ્યુટેશન-ફેરફારોના કારણ કોરોનાનું જોખમ આપણા ઉપર ઝળુંબી રહ્યું છે. ભારતે આર્થિક વિકાસનો દર વધારવા માટે જે ટૂંકા અને મધ્યમ ગાળાની નીતિ અને કાર્યક્રમોની જરૂર છે તે બાબત હજી નથી સ્પષ્ટતા કે નથી તેની અગ્રતા. કેન્દ્રીય મંત્રીમંડળની પુનઃરચના વિકાસના દ્વારો ખોલવામાં ઉપયોગી થશે તેવી આશા અસ્થાને નથી.

૨. બેરોજગારી :

કોરોનાએ મંદ પાડેલ અર્થતંત્રમાં સૌથી માઠી અસર રોજગારી ક્ષેત્રે થઈ છે. ૧૩૫ કરોડની વિશાળ વસ્તીવાળા વિકાસશીલ દેશમાં બેરોજગારીની સમસ્યા હોવી તે સમજી શકાય તેમ છે. મંદીના વાતાવરણમાં ઘટતી આવકો અને ઘટતી માંગના કારણે ઉત્પાદન ક્ષમતાનો

પૂરેપૂરો ઉપયોગ થઈ શકતો નથી. જી.એસ.ટી.ની આવકના આંકડાઓ તેનો પૂરાવો આપે છે. આ વિષચક્રમાંથી બહાર આવવાનો પડકાર ઘણો જટીલ છે. એક બાજુ શિક્ષણ અને તાલીમ કાર્યક્રમો લગભગ સ્થગિત છે. ઉદ્યોગ-ધંધામાં પણ કામદારોની છટણી, પગાર ઘટાડો કે પગારની ચૂકવણીમાં નિષ્ફળતાના કિસ્સાઓ વધતા જાય છે. નાણાંનું ફરવાનું ધીમું પડે ત્યારે સૌને વિપરીત અસર થાય છે. કોરોનાના અંકુશોના કારણે ઘણી આર્થિક પ્રવૃત્તિઓ સદંતર બંધ રહે કે આંશિક રીતે ચાલે ત્યારે રોજગારીમાં ઘટાડો થાય છે. શહેરી વિસ્તારના શ્રમજીવીઓ જોખમ અને અનિશ્ચિતતાની જગ્યાએ વતન અને કુટુંબની હુંફ શોધે છે. ઘણાં આદ્યોગિક એકમો કામદારો વતનથી પરત આવે તેની રાહ જોઈ રહ્યા છે. ભારતમાં કોરોનાની મહામારી દરમિયાન રોજગારી ક્ષેત્રે જે નકારાત્મક વાતાવરણ પેદા થયું છે તેની મુંઝવણ સૌ અનુભવી રહ્યાં છીએ.

ચીન પછી બીજા ક્રમે ભારતના શ્રમજીવીઓની કુલસંખ્યા ૫૦ કરોડ જેટલી છે. આશ્ચર્ય અને ચિંતાનું કારણ એ છે કે ૭૦ વર્ષની સ્વતંત્રતા અને ૩૦ વર્ષના ઉદારીકરણ બાદ માત્ર ૬ ટકા ૨.૭૫ કરોડ લોકો પ્રોવિડન્ટ ફંડ અને અન્ય સુવિધાવાળી નોકરી ધરાવે છે. આમાં સરકારી અને સ્થાનિક સ્વરાજના કર્મચારીઓ-જવાનો વગેરેને ઉમેરીએ તો બીજા ૬ ટકા જેટલા લોકો અંદાજે ૩ કરોડ લોકો તેમાં કાર્યરત છે. જો કે છેલ્લા વીસ વર્ષમાં અનેક જગ્યાઓ રદ થઈ છે કે ખાલી પડી છે. એક અંદાજ મુજબ સરકારી અને ખાનગીક્ષેત્રે લગભગ ૩.૫ કરોડ લોકો આઉટસોર્સીંગ- કરાર આધારિત અસ્થાયી નોકરી કરે છે. સરકારી કાયદાની અનેક ઉત્તમ જોગવાઈઓ હોવા છતાં આ વર્ગ એક શોષિત જૂથ છે તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી. ૮ કલાકને બદલે ૧૨ કલાકની નોકરી, બાંધ્યો અને ઓછો પગાર, સામાજિક સલામતિની યોજનામાં પાત્રતા હોવા છતાં તેનાથી વંચિત હોવાથી અનેક સર્વેમાં તેઓને અસંગઠિત ક્ષેત્રમાં દર્શાવવામાં આવે છે. શ્રમક્ષેત્રના આવા ચિત્ર બાદ અગાઉ જુલાઈ-૨૦૧૯થી ફેબુ-૨૦૨૦ કોરોના પૂર્વના સમયમાં

કુલ ૪૦.૫૩ કરોડ લોકો રોજગારી-સ્વરોજગારીમાં પ્રવૃત્ત હતાં. જુલાઈ-૨૦૨૦થી ફેબ્રુઆરી-૨૦૨૧ના સમયગાળામાં આ આંકડો ઘટીને ૩૭.૫૨ કરોડ થયો છે. જે એક કરોડ નોકરી-સ્વરોજગારી ઘટી હોવાનો સંકેત આપે છે. કોરોનાના બીજા મોજાએ સ્વરોજગારી ક્ષેત્રને વધારો જોરદાર ફટકો માર્યો છે. અમુક અર્થશાસ્ત્રીઓ કુલ ૧.૮૦ કરોડ માણસોએ કોરોનાના કારણે રોજગારી ગુમાવ્યાનો અંદાજ આપે છે પણ તેમાં અતિશયોક્તિ જણાય છે. હકીકતમાં અનેક ઉદ્યોગોમાં શ્રમિકોની ખોટ વર્તાય છે. સંભવ છે કે તમામ એકમો પૂર્ણ ક્ષમતાથી કામ ન કરતા હોય તો રોજગારીમાં વધઘટ થતી રહે છે. કોરોનાના કહેર વચ્ચે પણ રોજગારી ક્ષેત્રે કાળજી કરી મહત્તમ શ્રમિકોને આવક થાય તેવી વ્યવસ્થા કરવી અનિવાર્ય છે.

૩. મોંઘવારી :

કોરોનાને કારણે ઉત્પાદનને માઠી અસર થઈ છે તે સામે માંગમાં પણ ઘટાડો થયો હતો. હવે એવી સ્થિતિનું નિર્માણ થયું છે જેમાં આવશ્યક ચીજ-વસ્તુઓ જેવી કે તેલ, કઠોળ, શાકભાજી, દૂધ અને તેની બનાવટો, અનાજ ઈત્યાદિના ભાવવધારો ૧૦ ટકાથી ઉપર જતાં અનેક પરિવારોના માસિક બજેટો અસ્તવ્યસ્ત થઈ ગયા છે. કોરોનાના કારણે અરકાર માટે બેવડી સમસ્યા સર્જાઈ છે. આવકોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે અને ખર્ચમાં જંગી વધારો અનિવાર્ય બન્યો છે. આનાથી ખાદ્યપૂરક ફુગાવો વધતો રહેવાની દહેશત અસ્થાને નથી. છેલ્લાં ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારે જ અંદાજે રૂા. ૨૫ લાખ કરોડ જેટલી મહેસૂલી ખાદ્ય ભોગવવાનો પ્રશ્ન આવ્યો છે. મોંઘવારી એ એક વિષચક્ર બની છે. પેટ્રોલ, ડિઝલના ભાવો વધતાં જ પરિવહનનો ખર્ચ ખૂબ ઝડપથી વધ્યો છે. આની નકારાત્મક અસર અર્થતંત્રની તમામ ગતિવિધીઓ પર પડી છે. સરકાર માટે કડક નાણાંકીય શિસ્ત અને બીનજરૂરી ખર્ચ ઘટાડીને મોંઘવારી પર અંકુશ મેળવવો જરૂરી છે. સરકાર

માટે રોજગારી અને વિકાસની ગતિ જાળવવા, આરોગ્ય સેવાને મજબૂત કરવામાં ઘણો મોટો ખર્ચ કરવો અનિવાર્ય બન્યો છે. આનાથી મોંઘવારી વધવાની શક્યતા પૂરતી છે. સરકારે આવશ્યક ચીજવસ્તુઓ તેમજ સમાજનો મોટો વર્ગ જેનો ઉપયોગ કરે છે તેવી વસ્તુઓના ભાવોમાં તીવ્ર વધારો ન થાય તે રીતે નિતીગત નિર્ણયો લેવા જરૂરી બન્યા છે.

૪. ગરીબોની સંખ્યા :

૩૦ વર્ષના ઉદારીકરણ બાદ ગરીબી રેખા નીચે જીવતાં પરિવારોની સંખ્યા ૧૮ ટકા થઈ હતી. કોરોનાના કારણે તે સંખ્યા લગભગ બમણી થઈ છે. સરકારે નિઃશુલ્ક અનાજ પૂરું પાડી એક ઉમદા કાર્ય કર્યું છે. હવે ગરીબી નિવારણના પ્રયત્નો ઘનિષ્ટ બનાવીને ખાસ કરીને રોજગારી/સ્વરોજગારી દ્વારા આવક વધે, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઔદ્યોગિક એકમોને ચેતનવંતા બનાવીને ઉત્પાદન-નિકાસ વધારવા માટે દરેક જિલ્લામાં ખાસ આયોજન કરવું જોઈશે. રોજગારલક્ષી આર્થિક પ્રવૃત્તિઓનો ઝડપી વિકાસ થાય તે માટે કેન્દ્ર અને અનેક રાજ્ય સરકારોએ જે પેકેજો જાહેર કર્યાં છે તે ખૂબ લાભદાયી છે. ખાસ કરીને શિક્ષિત યુવા-યુવતીઓ ઉદ્યોગ સાહસિક બનવા આગળ આવે તો અનેક સમસ્યાઓનો એકી સાથે ઉકેલ આવી શકે તેમ છે. ગરીબી નિવારણ માટે મૂડીરોકાણ મેળવવામાં સરળતા હોય, થોડી સહાય હોય અને ભાગીદારી કે સહકારી ધોરણે કાર્ય કરવામાં આવે તો સફળતા મેળવવી મુશ્કેલ નથી. ૧૯૯૦ બાદ ગરીબી ઘટાડવામાં, માથાદીઠ આવક વધારવામાં, અનેક ચીજ-વસ્તુઓના વિશાળ પાયે ઉત્પાદનમાં, ગુણવત્તા સુધારવામાં આપણે જે સફળતા હાંસલ કરી છે તે એક ગૌરવગાથા છે. કોરોના આપણી ગમે તેટલી કસોટી કરે આપણે વિકાસના માર્ગે કૂચ જારી રાખવી જ પડશે. આ દેશે હજારો વર્ષો સુધી ગરીબી-શોષણનો ત્રાસ ભોગવ્યો છે તેનું કોઈપણ સંજોગોમાં પુનરાવર્તન ન થાય તે જોવાની આપણી સહિયારી જવાબદારી છે.

૫. બેંકોની ડામાડોળ સ્થિતિ :

ભારતીય બેકીંગ પદ્ધતિ આજે અનેક પડકારોનો સામનો કરી રહી છે. કરોડો નાગરિકો જે સેવાનો નિયમિત લાભ લે છે તેની વિશ્વસનીયતા, કાર્યદક્ષતા અને નફાકારકતા જળવાય રહે તે જોવું જરૂરી છે. લગભગ રૂા.૧૨ લાખ કરોડના શંકાસ્પદ દેવાનો આંકડો ભલભલાને મુંઝવી દે તેવો છે. આ નોનપરફોર્મિંગ ઍસેટ જે ધીરાણનું વ્યાજ કે મુદલ ચોક્કસ સમયમર્યાદામાં ભરાતું નથી તેને વસુલવાનો પ્રશ્ન જટીલ છે. બેંકોની મૂડી અને આવકના ઘટાડાને કારણે તે કાચી ન પડે તે માટે ભારત સરકારે જાહેરક્ષેત્રની બેંકોને અબજો રૂપિયા મૂડી તરીકે આપ્યા છે. દેવા વસૂલીના કાયદા અને પ્રક્રીયા પણ સખત કર્યા છે. બેંકોના એકીકરણ દ્વારા નબળી બેંકોને મજબૂત બેંકો સાથે જોડવામાં આવી રહી છે. આ નીતિના આલોચકો ઘણાં છે. તેમના મતે નબળી બેંકો મજબૂત બેંકોને પણ મુશ્કેલીમાં મૂકે તેવી શક્યતા છે. ભારત માટે સૌથી સંતોષની વાત એ છે કે હવે બ્રાન્ચોની કામગીરીની જગ્યાએ ડિઝીટલ ઓનલાઈન વ્યવહારોની સંખ્યા ઝડપથી અને નોંધપાત્ર રીતે વધી રહેલી છે. આમ છતાં ગ્રાહકોને પહોંચવા માટે આગામી પાંચ વર્ષમાં બ્રાન્ચોની શાખાઓની સંખ્યા બમણી અને એ.ટી.એમ. મશીનની સંખ્યા ત્રણ ગણી કરવી પડશે તેવો અંદાજ છે. આપણે જો પાંચ ટ્રિલીયન યુ.એસ. ડોલરની રકમે અર્થતંત્રને પહોંચાડવું હોય તો બેંકીગ વ્યવસ્થાની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. આશા રાખીએ કે આજની યુવાપેઢી તેની નાણાંકીય વહીવટની સુઝબુઝ, ટૅકનોલોજીના ઉપયોગની આવડત, વૈશ્વિક પ્રવાહોની જાણકારી સાથે બેંકીગ ક્ષેત્રને એક આગવી ઊંચાઈએ લઈ જશે.

૬. જાહેર દેવું :

વિશ્વની સૌથી જોખમી અને ચિંતાજનક સમસ્યા હોય તો તે સતત લગભગ બેકાબુ ધોરણે વધતા જતાં જાહેર દેવાની સમસ્યા છે.

ભાગ્યે જ કોઈ દેશ આમાં અપવાદ છે. કોઈકે કટાક્ષમાં પણ માર્મિક વિધાન કરી કહ્યું છે; "આપણી યુવાપેઢીનું સદ્ભાગ્ય તો જુઓ ! તેઓ કદી ભરી ન શકે તેવા દેવાના ઢગલાના તેઓ વારસદાર છે."સમગ્ર દુનિયામાં સાઉદી અરેબિયા, સિંગાપુર, બુનેઈ વગેરે દેશોના અપવાદ વિના અન્ય દેશોની દેવાદારી ચિંતાજનક છે. ૨૦૧૯માં ભારતમાં જાહેર દેવા અને રાષ્ટ્રીય આવક વચ્ચેનો અનુપાત ૭૪ ટકા જેટલો હતો તે ૨૦૨૦માં વધીને ૯૦ ટકા સુધી પહોંચ્યો છે. વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ની જાહેર દેવાની સ્થિતિ નીચે મુજબ છે :

વર્ષ	આંતિરક દેવું	બાહ્ય દેવું	કુલ દેવું
	(રૂા. લાખ કરોડમાં)	(રૂા. લાખ કરોડમાં)	(રૂા. લાખ કરોડમાં)
૨૦૧૯	૧૧૭.૪૦	૩.૮૨	૧૨૧.૩૨

એક બાજુ દેવું વધે છે પણ બીજી બાજુ કુલ રાષ્ટ્રીય આવકનો દર ધારણા પ્રમાણે વધતો નથી તેથી ઘણાં અર્થશાસ્ત્રીઓને આ જંગી દેવું દેશ માટે પાકિસ્તાન કે વેનેનઝુલા જેવું ન બને તે માટે ચેતવણી આપે છે.

૭. પ્રોજેક્ટોના અમલમાં વિલંબ :

દેશના વિકાસમાં સૌથી અગત્યનો ફાળો નવા આંતરમાળખાકીય પ્રોજેક્ટનો છે. દેશમાં અબજો રૂપિયાના મૂડીરોકાણ સાથે ચાલતા વીજમથકો, રસ્તાઓ, સિંચાઈની વ્યવસ્થા, રેલ્વે, બંદરોના, એરપોર્ટના, ઔદ્યોગિક એકમોના પ્રોજેક્ટો મંથર ગતિએ ચાલે છે. આ પ્રોજેક્ટોના અમલમાં થતાં વિલંબને કારણે ખર્ચમાં વધારો થાય છે અને તેના વળતરમાં વિલંબ અને ઘટાડો થાય છે. વિવિધ મંત્રાલયો આ બાબત ચોકસાઈથી કરવા પ્રયત્નો કરે છે પણ તેમાં જોઈએ તેટલી અસરકારકતા નથી. આ પ્રોજેક્ટો ઉપરાંત આપણે દેશના આગામી દસ-દસ વર્ષની એમ

બે દસ વર્ષીય યોજનાઓ તૈયાર કરવી જોઈએ. ૨૦ વર્ષમાં વિશ્વ ઘણું બદલાશે. આપણે સમય સાથે તાલ મિલાવી આ ૭ મુદ્દે કાળજી કરશું તો આપણું ભવિષ્ય ઉજળું બનશે.

વાસ્તવિકતા
લોકશાહી કે બાબુશાહી ?

– પ્રવીણ ક. લહેરી

લોકો દ્વારા પસંદ થયેલી, લોકોની ઇચ્છા-અપેક્ષા મુજબ ચાલતી અને લોકકલ્યાણને વરેલી સરકાર હોય તે દેશમાં લોકશાહી હોવાનું ગૌરવ દેશવાસીઓ લઈ શકે. આઝાદીના બે વર્ષ બાદ જ ભારતની બંધારણ સભાએ જે બંધારણ ઘડ્યું તેમાં સર્વસત્તા, સાર્વભૌમત્ત્વનું મૂળ પ્રથા છે. દર પાંચ વર્ષે ૧૮ વર્ષની ઉપરની તમામ વ્યક્તિઓ જાતિ, લીંગ, ભાષા, ધર્મ કે અન્ય કોઈ મુદ્દે અંતરાય વિના પોતાના શાસકો નક્કી કરે છે. ૧૯૫૨ની દેશવ્યાપી ચૂંટણી બાદ લોકસભાની ચૂંટણીઓ ૧૬ વખત યોજાઈ. ૧૯૭૭, ૧૯૮૦, ૧૯૯૮, ૨૦૦૪ અને ૨૦૧૪માં સત્તાધારી પક્ષે હાર પામીને અન્યને શાસનની ધૂરા સોંપી. આ સત્તાનું હસ્તાતંરણ સરળતાથી થવાની ઘટનાએ ભારતની લોકશાહીના પાયાઓ સુદૃઢ છે તે હકીકતની પ્રતિતી કાવી છે. તાજેતરમાં અમેરિકામાં નવા પ્રમુખની ચૂંટણી માન્ય રાખી તેમને સત્તા સુપ્રત કરવામાં શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે જે વર્તન કર્યું તેના ટેકેદારો અમેરિકાની સંસદમાં જે આતંક મચાવ્યો તેનાથી સૌથી શક્તિશાળી દેશ જેને તેની લોકશાહી માટે ગર્વ છે તેણે શરમ અનુભવવી પડી. સમગ્ર ઘટનાએ વિશ્વને અહેસાસ કરાવ્યો. લોકશાહીની સુરક્ષામાં જરા સરખો પણ ભરોસો રાખીને રહીએ તો અણધાર્યું બની શકે. નવા ચૂંટાયેલા પ્રમુખ બિડેને કહ્યું કે; "ભલે સંસદ (સેનેટ) ટ્રમ્પને નિર્દોષ ઠરાવે પણ આ હિંસક બનાવે એટલું સાબિત કર્યું છે કેલોકશાહી એ નાજુક વ્યવસ્થા છે. ૧૯૭૫માં ભારતમાં લદાયેલી કટોકટી હોય કે મ્યાનમાર, પાકિસ્તાન, બાંગ્લાદેશમાં લશ્કરે ચૂંટાયેલી સરકારોને વિખેરીને ગેરકાયદે સત્તા છીનવી હોય, લોકશાહીની સુરક્ષા

કેમ સતત કરતા રહેવી તે પ્રશ્ન જટીલ છે. "સતત જાગૃતિ અને કાળજી એ લોકશાહી અને સ્વતંત્રતાની જાળવણી માટેની પૂર્વ શરતો છે.

લોકો સરકાર ચૂંટે છે પણ પછી તો લોકોનો અવાજ સંભળાય, તેમને થતો અન્યાય દૂર થાય કે તેમના પ્રશ્નોનું નિરાકરણ થાય તેવી કોઈ ખાતરી હોતી નથી. અમુક સરકારોના કાર્યકાળની કામગીરીનું મૂલ્યાંકન કરીએ તો લોકબોલીમાં "આના જેવી રેઢિયાળ સરકાર જોઈ નથી", "સત્તાનો મદ છે, સત્તા થકી ભ્રષ્ટાચાર છે", "લોકોની ક્યાં કોઈને પડી છે", "લાઠી તેની ભેંસ જેવો વહીવટ છે' વગેરે વગેરે સાંભળવા મળે છે. સારા શાસકોની સ્મૃતિ એટલી તો મજબૂત હોય છે કે આજે પણ છત્રપતિ શિવાજીની ઉદારતા, ન્યાયપ્રિયતા, શૌર્યને લોકો યાદ કરે છે. મહારાણી અહલ્યાબાઈની શૂરવીરતા, ધર્મપારાયણતા, દાન માટે ઉદારતા, સુશાસન માટે પૂણ્યશ્લોકા માતુશ્રી તરીકે યાદ કરે છે. ગુજરાતમાં સર સયાજીરાવ અને ભગવતસિંહજીને લોકો પ્રાતઃસ્મરણીયના વિશેષણથી નવાજે છે. લોકબહાદુર શાસ્ત્રીને તેમના ટૂંકાગાળાના પણ રાષ્ટ્રહિત-લોકકલ્યાણ માટે સમર્પિત શાસક તરીકે યાદ કરે છે. આ સફળ અને લોકપ્રિય શાસકોએ કદી તેમના તાબેદાર મંત્રીઓ, દિવાનો, અધિકારીઓ કે કર્મચારીઓનો વાંક કાઢીને તેમને કારણે મારું રાજ્ય બરાબર ચાલતું નથી તેવો આક્રોશ વ્યક્ત કર્યો હોય. શાસકની પ્રથમ લાયકાત જ તંત્રને વ્યવસ્થિત ચલાવવાની આવડત છે. કટોકટી બાદ વડાપ્રધાન બનેલા મોરારજીભાઈને જયો પૂછ્યું કે આ જૂના અધિકારીઓ ઈન્દિરા ગાંધીને વફાદાર હતા તો તેઓ તમને સહયોગ આપશે ? મોરારજીભાઈએ સરસ ઉપમા સાથે જવાબ આપ્યો; "વહીવટ તો તેજ-તોખાર (શક્તિશાળી અશ્વ) સમાન છે, તેને ચલાવવાની જવાબદારી ઘોડે સવારની છે. અમને ઘોડે સવારી ન આવડે તો તેમાં ઘોડાને દોષ દેવાથી શું ફાયદો ?

ચીનમાં ૮મીથી ૧૦મી સદીના તાંગ વંશના શાસનમાં સરકારની ઉચ્ચ જગ્યાઓ માટે ખૂબ અટપટી, લાંબી પરીક્ષા યોજી ઉમેદવારોની પસંદગી કરવામાં આવી. ત્યારથી સરકારી શાસનમાં વંશ પરંપરાગત

સામંતશાહીને સ્થાને ગુણવત્તા-લાયકાતના ધોરણે પસંદ થયેલી બ્યુરોક્રસી.(ગુજરાતીમાં તેને નોકરશાહી કે બાબુશાહી કહીએ છીએ) અસ્તિત્વમાં આવી. નવજાગરણ અને ધર્મસુધારણા બાદ યુરોપમાં રાજાશાહી અને સામંતશાહીનો અસ્ત થવા લાગ્યો. પ્રજાની સત્તા સ્થપાય ત્યારે કાયદા મુજબ શાસનની વિભાવના વિકસી. વ્યક્તિ સ્વાતંર્ત્ય, તંત્રની જવાબદેહી, મતાધિકાર અને માણસના મુળભૂત અધિકારો સાથે લોકશાહી શાસન વ્યવસ્થાનો વિકાસ થયો. ફ્રેન્ચ ક્રાંતિ એ ઈતિહાસમાં સ્વાતંર્ત્ય, સમાનતા અને બંધુત્વ સાથે રાજાશાહી, સામંતશાહી સામે લોકશાહીની સ્થાપનાનો મહત્ત્વનો પડાવ છે. આમ છતાં આજે વિશ્વની ૩૫થી ૩૮ ટકા લોકશાહી રાજવ્યવસ્થા હેઠળ જીવે છે. બાકીની ૬૨થી ૬૫ ટકા વસ્તી કોમ્યુનિસ્ટ, સરમુખત્યાર કે મનસ્વી શાસકના અંકુશ હેઠળ અધિકારથી વંચિત રીતે રહે છે. શાસનની પદ્ધતિ લોકશાહી હોય, સામ્યવાદી હોય, રાજાશાહી હોય કે સરમુખત્યાર હોય, દરેકને વહીવટીતંત્રના સંચાલન માટે વફાદાર, કાબેલ અને લોકકલ્યાણને વરેલા અધિકારીઓની જરૂર રહે છે. શાસકો અને વહીવટીતંત્ર વચ્ચેનો સંબંધ ચોલી-દામનનો છે તેવું ઈન્દિરા ગાંધીનું વાક્ય માર્મિક છે. અમુક વસ્તુઓ જોડમાં જ શોભે છે - ઉપયોગી બને છે. જેમ કે વાટ વગરનો દીવો, જળ વિનાનો કૂવો, ફળ વિનાનું વૃક્ષ, દૂધ વિનાના ગાય-ભેંસ ઉપયોગી ગણાતા નથી તેમ સુર્દઢ વહીવટીતંત્ર વિનાનું શાસન પણ અરાજકતા અને હિંસાને છૂટો દોર આપે છે. આફ્રિકાના ઘણાં દેશોમાં, અફઘાનિસ્તાનમાં, સિરીયામાં, યમેનમાં યુદ્ધથી છિન્નભિન્ન થયેલા વહીવટી તંત્રોની ગેરહાજરીના કારણે શાસકો, લશ્કરો પણ યોગ્ય માહોલ પેદા કરી શકતા નથી.

પ્રાચીન ભારતમાં રાજસત્તા પર ધર્મસત્તાનું પ્રભુત્વ હોવું જોઈએ તે વાત સ્વીકૃત હતી. મધ્યકાળમાં યુરોપમાં પણ ખ્રિસ્તી ધર્મના વડા પોપની આણ દરેક દેશ પર હતી. મૌર્ય વંશનો સમ્રાટ ચંદ્રગુપ્ત ચાણક્યની દેણરુપે હતો.ચાણક્ય વિના મૌર્યવંશની સ્થાપના કે વૃદ્ધિ ન થાત તેમાં શંકા કરવાનું કોઈ પ્રમાણ નથી. શ્રીમદ્ ભાગવત મહાભારત રામાયણ

જેવા પૌરાણિક ગ્રંથોમાં રાજધર્મની વિસ્તૃત છણાવટ કરી છે. સંત તુલસીદાસે તો; "ગુરુ, વૈદ, સચિવ તીન પ્રિય બોલીએ ભય આસ, ધર્મ, શરીર, ઔર રાજ કા ખલુ હોત વિનાસ" આ ચોપાઈ આપણે વારંવાર વાંચી હોય કે સાંભળી હોયપણ તેનો મર્મ સમજવો જરૂરી છે. સચિવ-બાબુશાહી-નોકરશાહી પ્રશાસન, વહીવટીતંત્ર, દિવાન જે નામે બોલાવો તે પણ તેમની ભૂમિકા સ્પષ્ટ છે. પ્રશાસનનું કાર્ય શાસનને અસરકારક બનાવવાનું છે. તેનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનું છે. તેની પ્રજાની સુખાકારી અને ન્યાય વ્યવસ્થા જળવાય તે માટે જાગૃત રહી કાર્ય કરવાનું છે. તેમની વફાદારી શાસક પ્રતિ જરૂરથી હોય પણ જ્યારે આ વફાદારીના કારણે પ્રજા પર અત્યાચાર કે તેનું અન્યાયી શોષણ થતું હોય ત્યો કાં તો તે રોકવું જોઈએ અથવા તો સરકારી હોદ્દાને સાપ જેમ કાંચળી તજી દે છે તેમ તજી દેવો જોઈએ. ચીનના સમ્રાટના વડાપ્રધાન પરમજ્ઞાની, નિષ્ઠાવાન લાઓ ત્સુને રાજકારણના કાવાવાદા, ખુશામતખોરોની ખટપટ અને કાચા કાનના સમ્રાટની ખફવી વહોરી પદ પરથી છૂટા થવું પડ્યું ત્યારે તે તદ્દન અકિંચન દશામાં દેશ છોડવા નીકળ્યા હતા. ભલું થાય એ સરહદી ચોકિયાતનું કે તેમણે લાઓત્સેને રોકીને તેમની પાસેથી ફિલસૂફીનું 'તાઓ' પુસ્તક લખાવ્યું. ગાંધીજીના પિતાશ્રી વાંકાનેર, પોરબંદરના રાજાઓની નોકરીને સુશાસનના અભાવને જોઈને તિલાંજલિ આપી હતી. કાર્ડિનલ વૂલસેએ તો રાજાના નારાજગીનો ભોગ બનીને નિવેદન કર્યું હતું; "મેં જે નિષ્ઠાથી રાજાની સેવાક રી તેવી પ્રભુની ભક્તિ કરી હોત તો મારું કલ્યાણ થાત." વહીવટીતંત્રની આ એક મોટી દ્વિધા છે. શાસક કહે તે કરવું કે જે વાજબી ન્યાયી છે તે કરવું. આ પ્રશ્નનો ઉત્તર કઠિન છે પણ હું અનુભવ આધારે અવશ્ય કહી શકું કે આવી જ્યારે શંકા થાય ત્યારે સ્વવિવેકથી, સ્વસ્થતાથી, લાંબાગાળાનો વિચાર કરીને વાણી-વર્તન અંગે નિર્ણય કરવો શાસકોને સાચી સલાહ આપવાનું કેટલું જોખમી છે તે અંગે ચાણક્યે કહ્યું હતું; "રાજાનો કોપ અગ્નિ કરતાં પણ જવલનશીલ છે. અગ્નિ તેને અડકનારને દઝાડે છે. રાજાનો પ્રકોપ, વ્યક્તિ અને કુટુંબ સહિત અનેકને ભસ્મીભૂત કરે છે."

મધ્યયુગમાં મુગલ સહિતા જુદા જુદા શાસનમાં વહીવટને સ્થિર કરવાના પ્રયાસો જરૂર થયા પણ એકંદરે એ યુગ સામંતશાહીનો હતો. સગાવ્હાલા, સેનાપતિઓ, ખુશામતખોરો, ધનવાનો વચ્ચે ઉચ્ચ હોદ્દાઓની લ્હાણી થતી હતી. ધર્મ સંસ્થાઓ અને વગ ધરાવતી વ્યક્તિઓને ગામોના ગિરાસથી માંડીને અનેક સવલતો આપવામાં આવતી હતી. આ વહીવટદારો પોતાના પ્રદેશનો વહીવટ કરવામાં સ્વાયત્ત હતાં કારણ કે સંદેશ અને વાહન વ્યવહાર ખૂબ મર્યાદિત અને ધીમા હતાં. ટોડરમલની જમીન માપણી, મહેસૂલની કામગીરી કે બિરબલની સાચી સલાહની દંતકથાઓ, જહાંગરીનો ન્યાયનો ઘંટ એમ અનેક રીતે શાસનને પ્રજાભિમુખ રાખવા પ્રયાસો થયા. આ સઘળા પ્રયત્નો છતાં લોકોનો કોઈ અધિકાર રાજ્યસત્તા સામે છે તેવી માનસિકતાનું અસ્તિત્વ ન હતું.

બ્રિટીશરોનું શાસન આરંભમાં તો ઈસ્ટ ઈન્ડિયા કંપની હેઠળ હતું. વિલાયતની સંસદે આપેલી મંજૂરીઓ અને આંકેલી મર્યાદા વચ્ચે કંપની બહાદુરની સરકાર આમ જોઈએ તો વિશ્વનું એક સૌથી મોટું આશ્ચર્ય હતું. ધંધાર્થે આવેલા વેપારીઓએ કૂનેહ, દગાખોરી, અરસપરસની ઈર્ષ્યા અને વિખવાદનો લાભ લઈને એક વિશાળ સામ્રાજ્ય સ્થાપ્યું. અંગ્રેજી શાસનના પાયામાં શિક્ષણ, સંદેશાવ્યવહાર, વાહન વ્યવહાર, કાયદો, સુરક્ષા, આરોગ્ય, ટૅકનોલોજી વગેરે ક્ષેત્રોમાં પાશ્ચાત્ય પદ્ધતિઓ દાખલ કરી. વહીવટી અને ન્યાયતંત્ર માટેનો ઢાંચો પણ વિલાયતની સરકારના ધોરણે ગોઠવ્યો. આ ઢાંચામાં ગવર્નરો, ગવર્નર જનરલ તેની કારોબારી (કાઉન્સિલ) અને ત્યારબાદ વિધાનગૃહોની રચના કરી. ૧૯૩૫ના કાયદાથી પ્રાંતો કે ન્દ્ર સરકાર સહિત સરકારના દરેક અંગો અંગે વિસ્તૃત જોગવાઈઓ કરી. આ ઢાંચો અને કાયદાકીય જોગવાઈઓ ભારતના બંધારણનો મહત્ત્વનો હિસ્સો છે. ભારતની બંધારણ સભામાં ઉદાત્ત, વિચારસરણી, સર્વધર્મ સમભાવ, વ્યક્તિગત સ્વાતંર્ત્ય, સમાનતા સ્થાપી, શોષણ દૂર કરી એક આદર્શ સમાજની રચના કરવાની વિભાવના હતી. ગાંધી યુગના મૂલ્યો, પ્રાચીન ધરોહર અને આધુનિક

વૈજ્ઞાનિક અભિગમનું સુંદર સંયોજન બંધારણમાં થયું છે. આ બંધારણ આપણા પૂર્વજોની રાષ્ટ્રભક્તિ સાથે ઉત્તમ સંસ્કારોનું જતન કરવાની પ્રતિબદ્ધતા ઉજાગર કરે છે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મંત્રીમંડળ, ન્યાયતંત્ર, સંસદ, ચૂંટણી પંચ, એટર્ની જનરલ, ક્રોમ્પટ્રોલર-ઓડિટર જનરલ જાહેર સેવા પંચ વગેરે બાબતોમાં સંવિધાનના ઘડવૈયાઓમાં જે મતભેદ હતાં તે થોડા હતા અને સહેલાયથી ઉકેલી શકાયા. દલિતો, લઘુમતિઓ, મહિલા-બાળકો એન્ગો ઈન્ડીયન સહિત વિવિધ જૂથો માટેની સવિશેષ જોગવાઈઓ પણ સહેલાઈથી અપનાવવામાં અંતરાય ન હતો.

જ્યારે સરદાર વલ્લભભાઈ પટેલે આઈ.સી.એસ. (ઈન્ડિયન સિવીલ સર્વિસીસ) અને આઈ.પી. (ઈન્ડિયન પોલીસ)ની જગ્યાએ ભારતીય પ્રશાસન સેવા (ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ) અને ભારતીય પોલીસ પોલીસ સર્વિસ નામની નવી સેવાઓ અખિલ ભારતીય સેવા તરીકે સ્થાપવાની જોગવાઈ રજૂ કરી ત્યારે પ્રાંતોની સરકારો અખિલ ભારતીય સેવાના અધિકારીઓને સ્વીકારવામાં આનાકાનીકરતાં હતાં. કલબ-૩૧૧ હેઠળ સરકારી નોકરોને નોકરી-હોદ્દા, પગાર વગેરેની સુરક્ષાની જોગવાઈઓ અને આઈ.સી.એસ.ને અગાઉની નોકરીની શરતો ચાલુ રાખવાનો પ્રસ્તાવ રજૂ થતાં જ ઘણાં સભ્યોએ આક્રોશ વ્યક્ત કર્યો. જે નોકરશાહીએ સામ્રાજયના હિતોની રક્ષા માટે દેશબાંધવો પર અત્યાચાર કર્યો હતો તેમને આવી સુરક્ષા, સલામતિ, સગવડો શા માટે ? બંધારણ સભાના મોટાભાગના સભ્યોને આવી જોગવાઈ અન્યાયી અને આઝાદીની મજાકરુપ લાગતી હતી.

આઝાદી સાથે રક્તરંજિત વિભાજનનું સ્વરૂપ એટલું વિકરાળ હતું કે આ દેશની શાસન વ્યવસ્થા ગમે ત્યારે તૂટી પડશે અને અરાજકતાનો દોર શરૂ થશે તેવી દહેશત હતી. અંગ્રેજોએ તો કૂટનીતિના કપટ દ્વારા આ વિશાળ ઉપખંડમાંથી ૧૯૩૭માં બર્મા અને શ્રીલંકાને અલગ કર્યાં હતાં. ૧૯૪૭માં પાકિસ્તાનની પૂર્વ અને પશ્ચિમ છેડે કઢંગી રચના હકીકતમાંથી ભારતની સલામતિ અને એકતા જાળવવામાં સૌથી

મોટા અંતરાયો હતા. અધૂરામાં પૂરું ૫૩૫ જેટલાં દેશી રજવાડાં જે ભારતના દરેક ભાગમાં નાનાકે મોટા પ્રદેશો પર હકૂમત ભોગવતા હતા. તેમને ત્રણ વિકલ્પો - (૧) ભારતમાં ભળો (૨) પાકિસ્તાનના જોડાવ અથવા (૩) સ્વતંત્ર રહો. જૂથ બનાવીને પણ અલગ રહી શકો તેવી જોગવાઈ સાથેનો સ્વતંત્રતાનો કાયદો હકીકતમાં તો ભારતને છિન્નભિન્ન કરવાનું કાવતરું હતું.

ઈતિહાસની આવી કસોટીની પળે, ભારતનું એ સદ્ભાગ્ય હતું કે સરદાર પટેલ જેવું લોખંડ મનોબળ, અમાપ વ્યવહારકુશળતા, માનવતાના મૂલ્યો સાથે જેવા સાથે તેવા થવાની તૈયારી અને સૌથી મહત્ત્વની એવી સ્પષ્ટ દૃષ્ટિ અને કાર્ય સંપન્ન કરવાની ક્ષમતા તેઓ ધરાવતા હતાં. સપ્ટેમ્બર ૧૯૪૬ની મધ્યવર્તી (કામચલાઉ) સરકારમાં ગૃહમંત્રીનો હોદ્દો સંભાળ્યો ત્યારે ડાયરેક્ટ એકશન સીધા પગલાં દ્વારા મુસ્લિમ લીગે આચરેલો આતંકવાદ અને માનવસંહારની ઘટનાઓ સરદારની નજર સમક્ષ હતાં. પોતાના ગુરુ, સેનાપતિ, દેશના અનોખા નેતા ગાંધીજીની સરદારે હંમેશાં આમાન્યા રાખી હતી. તેની ઈચ્છા જોતાં જ પોતાને હક્કરૂપે મળેલી વડાપ્રધાનની ખુરશી તજી દેવાની અનાસક્તિ ધરાવતા સરદાર દેશહિત કાજે ગાંધીજીની મુસ્લિમોને મનાવવાની નીતિ તજીને મક્કમતાથી આઝાદ અને એક હિંદના નિર્માણ માટે કટિબદ્ધ થયા હતાં. ગાંધીજીના આદર્શો અને મૂલ્યોથી વિપરીત રાજધર્મ બજાવવામાં સરદારે મહાત્મા કરતાં દેશના હિતને પ્રાધાન્ય આપ્યું. અંગ્રેજો પણ જાણતા હતા કે કોંગ્રેસમાં મહાત્માના વિચારો સામે પણ મક્કમ રીતે દેશને બીજી દિશામાં જઈ શકવાનું સાર્મથ્ય સરદારમાં હતું.

આઝાદીના ૪ મહિના પહેલાં સરદારે ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ (આઈ.એ.એસ.)ના પ્રથમ બેચ જેમાં અલગ અલગ રીતે પસંદ થયેલા અધિકારીઓને દિલ્હીના મેટકાફ હાઉસમાં તા.૨૧મી એપ્રિલ ૧૯૪૭ના રોજ સંબોધ્યા હતા તે પ્રવચન દેશના વહીવટી માળખાની રચનાના પાયામાં છે. આ જ કારણે દર વર્ષે તા.૨૧મી એપ્રિલે દેશમાં

'સિવીલ સરવીસ ડે' મનાવવાની પ્રથા અપનાવી છે. સરદાર પટેલે પોતાના પ્રવચનમાં જે મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો તેનો અભ્યાસ જે મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો તેનો અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે કે લોકશાહી અને બાબુશાહી વચ્ચે શો સંબંધ છે ? બંનેની ભૂમિકા શું છે ? બંને વચ્ચે સંતુલન કેમ જાળવવું ? અને સુશાસન માટે બંનેએ શું કરવું? તે સઘળા પ્રશ્નોના ઉત્તરો સરદારે મેટકાફ હાઉસના પ્રવચનમાં અને બંધારણ સભાના પ્રવચનોમાં આપ્યા છે. વહીવટી અધિકારીઓની તાલીમમાં સરાદરના વિચારોની પ્રસ્તુતિ ન થાય તે માટે અમુક તત્ત્વોએ વર્ષો સુધી રૂકાવટ કરી હોય તો પણ આજે શાસકોને સરદારના શબ્દદેહનો સુપેરે પરિચય થાય તે જરૂરી છે. સરદારે આપણા દેશમાં દેશી રજવાડાઓના એકત્રિકરણ દ્વારા એક અભૂતપૂર્વ કાર્ય કર્યું છે. સૌથી આશ્ચર્યની વાત તો એ છે કે જૂજ અપવાદો સિવાય રાજા, મહારાજા, નિઝામ, નવાબો કે મહારાઉ, સૌને સરદારમાં શત્રુના નહીં પણ મિત્રના દર્શન થયા. હૈદ્રાબાદ રાજ્યનું ભારતમાં વિલીનીકરણ કરતી સહી કરી અને સરદારે તેમને રાજપ્રમુખ નિમ્યા તે હકીકત અસાધારણ છે. સરદારની વહીવટીતંત્રને જે સોનેરી સલાહો આપી છે તે મારા શબ્દોમાં રજૂ કરીને સરદાર સાહેબને સિવીલ સરવીસ ડે નિમિત્તે અંજલિ આપવાનો મારો પ્રયાસ છે. સરદાર સાહેબે સૌથી પ્રથમ તો વહીવટીતંત્ર લોકાભિમુખ રહે, સંવેદનશીલ રહે તે બાબત પર ભારત મૂક્યો હતો.

૧. લોકાભિમુખ અને સંવેદનશીલ :

સરદારે આઈ.સી. અધિકારીનું અભિમાન અને અલિપ્તતા છોડીને સ્વતંત્રતા બાદ તંત્ર અને અધિકારીઓનું વલણ લોકાભિમુખ બને તે માટે સ્પષ્ટ વાત કરી હતી. અધિકારીઓ લોકસેવક છે. તેમને જે અધિકારો, માન-સન્માન, સવલતો વગેરે મળે છે તે તેની જવાબદારીઓ નિભાવવાના એકમાત્ર હેતુથી મળે છે. કમનસીબે છેલ્લા ૭૪ વર્ષમાં સામાન્ય પ્રજાજન અને તંત્ર વચ્ચેના સંબંધો વિશ્વાસ, આદર

અને સદ્ભાવનાના નથી પરંતુ સત્તા, અમ અને સ્વાર્થ આધારિત રહ્યા છે. આમાં અપવાદો જરૂર હોય અને છે પરંતુ સામાન્ય સંજોગોમાં મોટાભાગના અધિકારીઓ જનસમુદાયથી જુદાઈનો ભાવ અનુભવે છે. પોતે વિશિષ્ટ છે, હોશિયાર છે અને તેના વિચારો જ સત્ય છે તેવી ગ્રંથીથી પીડાનારાની સંખ્યા ઓછી નથી. વહીવટીતંત્ર ત્યારે જ લોકાભિમુખ બની શકે જ્યારે તેમાં કામ કરતાં કર્મચારી- અધિકારીઓ સંવેદનશીલ હોય, પીડ પરાઈ અનુભવી શક્તા હોય અને અન્યનું દુઃખ નિવારણ તેમના માટે આત્મસંતોષનું કારણ હોય. સરદારે આઈ.એ.એસ. અધિકારીઓને પ્રજા સાથે આત્મિયતા કેળવવા અનુરોધ કર્યો જેથી કરીને જનતાને તંત્રમાં પોતિકાપણું લાગે. અંગ્રેજોએ ગોઠવેલ શિક્ષણ પદ્ધતિ, ન્યાય પ્રથા અને વહીવટીતંત્ર યથાતથા ચાલુ રહ્યા છે પણ સરદારે કહેલી વાત કે જનતા સાથે એકરુપ થાવ તેનો અભાવ સ્પષ્ટ રીતે વર્તાય છે.

૨. ક્ષમતા અને કાર્યકુશળતા :

સરદાર સાથે કામ કરી ચૂકેલા તમામ અધિકારીઓ કે જેમણે અનુભવો લખ્યા છે તેનો પ્રધાન સૂર એ છે કે સરદારને અધિકારીઓની ક્ષમતામાં ગજબનો વિશ્વાસ હતો. દિશા નિર્દેશ કે આદેશ આપ્યા બાદ સરકારની અપેક્ષા એક જ હતી કે પરિણામલક્ષી કામગીરી જવાબદારીપૂર્વક થવી જોઈએ. સરદારને તેની બાજ જેવી નજરથી જોતાં એ વાત સમજાય હતી કે દેશના સંચાલન માટે માત્ર ચૂંટાયેલા સભ્યોને જવાબદારી સોંપવાથી સ્થિરતા કે તટસ્થતા રહેશે નહીં. ચક્રવર્તી રાજગોપાલાચારી (રાજાજી) સહિત કોંગ્રેસના વિચક્ષણ નેતાઓને વહીવટીતંત્રમાં ક્ષમતા અને કાર્યદક્ષતાનું મૂલ્ય સમજાયું હતું. બંધારણસભામાં સરદારે આઈ.સી.એસ. અધિકારીઓની કામગીરી બિરદાવતાં કહ્યું હતું કે તેઓની નિષ્ઠા કે દેશ પ્રેમ શંકાથી પર છે. તેઓ તેમની પૂરી શક્તિથી રાત-દિવસ જોયા વિના અમારી સાથે સતત

જહેમત કરે છે. તેઓની કામગીરીનું મૂલ્ય બહાર બેઠેલાને તુરત ન સમજાય પણ દેશ તેના સૌથી કપરા સમયમાંથી હેમખેમ બહાર આવી સ્થિર થયો તેમાં તેમનો સિંહફાળો છે.

૩. તટસ્થ અને નિષ્પક્ષ :

વહીવટીતંત્રની શાખ અને સન્માન જળવાઈ રહે તે માટે સરદારે બંધારણ સભાને કહ્યું હતું; "તંત્ર એ આપણું મુખ્ય સાધન છે. આપણે હંમેશાં તંત્રનો વાંક કાઢી નિષ્ફળતાનો દોષ તેમના પર ઢોળતા રહેશું તો કશું પરિણામ નહીં આવે. પ્રશ્નોનો ઉકેલ નહીં આવે. દરેકને પોતાની કદર થાય તેવી ઈચ્છા હોવી સહજ છે. સરદારે વિભાજનની કામગીરીમાં જ્યારે જ્યારે તીવ્ર મતભેદો થયા ત્યારે આઈ.સી.એસ. અધિકારીઓને તેનો ઉકેલ લાવવા અધિકૃત કરી પ્રશ્નનો ઉભયપક્ષે માન્ય રહે તેવો ઉકેલ લાવવામાં સફળતા મેળવી હતી. સરદારે શીખ આપતા કહ્યું હતું કે અધિકારીઓએ ધર્મની અને પક્ષીય બાબતોથી હંમેશાં સલામત અંતરે રહેવું. અધિકારી માટે ધર્મ, ભાષા, જ્ઞાતિ, પ્રાંત કે અન્ય કોઈ જૂથ પ્રત્યેની વફાદારી હોવી તે ગંભીર ભૂલ છે. અધિકારી તટસ્થ ન રહે તો લોકશાહી પર ખતરો પેદા થાય છે. ભારતમાં વહીવટીતંત્રે વર્ષો સુધી ચૂંટણી, કુદરતી આપત્તિઓ, કોમી હુલ્લડો, જેવા પ્રસંગોએ નિડર અને નિષ્પક્ષ રહીને કામગીરી બજાવી છે તે હકીકત છે.

૪. પ્રમાણિકતા અને સાદગી :

કોઈપણ વ્યક્તિ સરકારમાં જોડાઈને લોકસેવક તરીકે કામગીરી કરે છે ત્યારે પ્રમાણિકતા અને સાદાઈની અપેક્ષા છે. આંતરરાષ્ટ્રીય સર્વેમાં રહેતા પૂર્વગ્રહોને દૂર કરીને પણ જોઈએ તો આપણા દેશમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ એટલું ભયજનક કક્ષાએ પહોંચ્યું છે કે ભ્રષ્ટાચાર અને સદાચાર વચ્ચેનો ભેદ જ ભૂલાઈ ગયો છે. આપણો સમગ્ર સમાજ સ્વાર્થ અને લાલચમાં ડૂબેલો છે. પ્રમાણિકતા, સાદગી, નિષ્ઠા જેવા

વિશેષણો વેવલાવેડાના પર્યાય બની ગયા છે. અનેક લોકો એવા તારણ પર આવ્યા છે કે આ તો આમ જ ચાલશે. લોકપ્રતિનિધિની પસંદગી જ્ઞાતિ, ધર્મ કે ભાષાના આધારે થતી હોય ત્યાં પ્રમાણિકતાને કોઈ પૂછતું નથી. અનેક રીતે ભ્રષ્ટાચારના દોષિત કરેલી, સજા ભોગવેલી વ્યક્તિ માટે ચૂંટણી જીતવી એ આસાન વાત છે. પ્રમાણિક ઉમેદવાર ખર્ચની રકમ ક્યાંથી લાવે તે યક્ષપ્રશ્ન છે.

૫. નિડરતા અને નિષ્ઠા :

ગાંધીજીના સઘળા ગુણોમાંથી સરદારને એક જ ગુણ પસંદ કરવાનો હોય તો તે જે નિડરતા. સરદારે શરૂઆતમાં ગાંધીજીની હાંસી ઉડાવી હતી પણ તેને જ્યારે ખાતરી થઈ કે "આ વ્યક્તિ જે વિચારે છે તે જ કહે છે અને તે પ્રમાણે જ વર્તે છે ત્યારે સરદાર સઘળું તજીને તેના ચિંધ્યા માર્ગે ચાલી નીકળ્યા હતાં. ભારત સરકારના સચિવોને સંબોધતા સરદારે કહ્યું હતું; "આજે મારા સચિવો મારા અભિપ્રાયો કરતાં વિરૂદ્ધની નોંધ લખવા માટે સ્વતંત્ર છે. આ સચિવો માત્ર મંત્રીશ્રી નારાજ થશે તેવા ડરથી પોતાનો અભિપ્રાય ન લખી શકતા હોય તો તેમણે આ કામ છોડી દેવું જોઈએ. મારે બીજા સચિવ લાવવા પડશે. નિખાલસ અભિપ્રાય માટે હું કદી નારાજ થતો નથી." અલબત્ત સરદાર ભેંટલી સમણજ, દેઢતા અને ખુલ્લાપણું સૌમાં નથી હોતું. વહીવટી અધિકારી માટે પોતાના અભિપ્રાયમાં પૂર્ણ નિષ્ઠા હોય તો જ પોતે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદાન કરી શકે. અદ્ભૂત હાસ્યવૃત્તિ ધરાવતા સરદારને ચાપલૂસી, દંભ અને આળસ પ્રત્યે ભારે સૂગ હતી. આવા પ્રસંગોએ તેઓ તેમની લાક્ષણિક શૈલીમાં સૂચના આપતા હતાં. લશ્કરના વડા કાશ્મિરમાં સેના મોકલવામાં હિચકિચાટ અનુભવી મિટીંગમાં વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સેના ન મોકલવાનું કહે તેની પ્રતિક્ષા કરતાં હતાં ત્યારે અચાનક સરદારે જવાહરલાલ સામે જોઈને પૂછ્યું; "જવાહર તમારે કાશ્મિર જોઈએ છે કે નહીં ?" જવાહરે કહ્યું કે જોઈએ છે.

સરદારે સૈન્યના વડાને માત્ર આટલું કહ્યું કે તમને આદેશ મળી ગયો છે. ઝડપથી અમલ કરો.' ત્યારબાદ જે ઝડપથી કાર્યવાહી થઈ તેનાથી માઉન્ટબેટન સમજી ગયા કે સરદારે અગાઉથી વિગતવાર તૈયારી કરીને જ પગલું ભર્યું છે. આવી જ રીતે હૈદ્રાબાદ પરની કાર્યવાહીની આગલી રાત્રે પગલું મોકૂફ રહે તેવા હેતુથી તેમણે સરદારને મોડી રાત્રે ફોન કર્યો કે; "આપણને હમણા જ માહિતી મળી છે કે નિઝામ દ્વારા દેશના મહત્ત્વના શહેરો મુંબઈ, દિલ્હી, અમદાવાદ, કલકત્તા અને મદ્રાસ પર બોમ્બ વર્ષા થશે." સરદારે ફોનમાં એટલું જ કહ્યું; "માહિતથી માટે આભાર. ભલે બોમ્બવર્ષા થાય. આપણે આપણા પ્લાન મુજબ આગળ વધીએ."

(૧) લોકભિમુખ અને સંવેદનશીલ તંત્ર.

(૨) સક્ષમ અને કાર્યકુશળ તંત્ર.

(૩) તટસ્થ અને નિષ્પક્ષ તંત્ર.

(૪) પ્રમાણિક અને સાદગીપૂર્ણ તંત્ર.

(૫) નિડર અને નિષ્ઠાવાન તંત્ર.

સરદારનું આ પંચામૃત જ આપણને સ્વરાજમાંથી સુરાજ તરફ લઈ જશે. આજે સમગ્ર વિશ્વમાં માનવીય ગરિમા, પર્યાવરણ, સેવાભાવના અને લોકહિતની બાબતોમાં અકલ્પ્ય પડકારો ઉભા થયા છે તેનો સામનો કરવામાં સરદારની શીખામણ અંગે જાગૃત થઈને તેમની અપેક્ષા મુજબનું શાસન નિર્માણ કરવામાં જે ક્ષતિ કે વિલંબ થશે તો તે માટે આપણે આપણી જાતને માફ કરી શકીશું નહીં.

ગાંધીજીને જે ચિંતક-લેખક અંગે અપાર આદર હતો તેવા આર્ષદષ્ટા જહૉન રસ્કિનના જાણીતા પુસ્તક 'અન ટૂ ધ લાસ્ટ'નો એક ફકરો વાંચીને આપણે શાસનમાં વહીવટીતંત્રની જવાબદારીનું મહત્ત્વ સમજીએ તો તે સિવીલ સરવીસ ડેની સાર્થક ઉજવણી કરી છે તેમ કહી શકાય. રસ્કિન લખે છે;

"શાંતીના નીરવ આહ્લાદને સમર્પિત ધ્યેયવાળા, આત્મગૌરવની

ક્રાંતિ વડે ઓપતા, આત્મસંયમની સર્વોપરી સંપત્તિમાં પરમસિદ્ધિ માનનારા ભારે મોટી ધનસંપત્તિઓના ખજાનાઓ પાછળ નહીં ભટકનારા પણ ચિત્તની નિર્મળ શાંતિના અખંડ આનંદની ખોજમાં રાચનારા, આલીશાન સંપત્તિઓની ભવ્યતાની ઝંખના નહીં સેવનારા પણ સરળ, સાદગી ભરેલા જીવનની તરેહવાર રોજિંદી વિવિધતાઓના આનંદમાં પ્રસન્ન રહેનારા જગતને જીતીને મળતી મહાનતા મળે કે નહીં તે ઈશ્વરને આધીન છોડીને પોતે તો કેવળ તેના આ જગતમાં જીવન જીવવા મળેલી જિંદગીને પ્રભુનું વરદાર સમજીને તેના આનંદમાં મગ્ન રહેનારા એવા સ્વયં પોતાના જીવન વડે જગતને ઉદાહરણરૂપ બની રહેનારી લોકોની આજે આપણને ખાસ જરૂર છે.''

આજે જ નહીં સદાય સારા શાસકો અને ઉત્તમ વહીવટદારોની સમાજને શાશ્વન જરૂર છે અને રહેશે. ગાંધીજીએ સત્તાથી દૂર રહીને અને સરદાર, રાજાજી, ડૉ. જીવરાજ મહેતા, ઢેબરભાઈ, ડૉ. બી. સી. રૉય, યશવંતરાય ચવ્વાણ, ત્રિપુરાના સરકાર, ગોવિંદ વલ્લભ પંત, સુચેતા ક્રિપ્લાણી વગેરેએ સત્તામાં રહીને આપણા સમક્ષ જે આદર્શ ઉદાહરણ પૂરા પાડ્યા છે તે સૌ નામી-અનામી લોકપ્રતિનિધિઓ અને અગણિત સમર્પિત અધિકારીઓના પૂણ્ય સ્મરણ સાથે સિવીલ સરવીસ ડે નિમિત્તે તે સૌને શત્ઃ શત્ઃ વંદન...

કર ભલા - હોગા ભલા

મુંબઈની એક અગ્રણી બેંકના મુખ્ય વહીવટી અધિકારી દરરોજ શેરીના નાકે બેસેલા એક માણસ પાસે દરરોજ પોતાના જૂતા પોલીસ કરવા આપતા હતા. આ સમય દરમિયાન તેઓ ખુરશી પર બેસીને ઈકોનોમિક ટાઈમ્સ વાંચતા હતા.

એક દિવસ સાવ અચાનક બુટ પોલીસ કરનાર વ્યક્તિએ પૂછ્યું : "સાહેબ શેરબજાર અંગે કેવી પરિસ્થિતિ છે ? આપનો શું અભિપ્રાય છે ?"

મુખ્ય વહીવટી અધિકારીએ ઉપેક્ષાભાવ સાથે પૂછ્યું કે તું શા માટે શેરબજાર અંગે પ્રશ્નો કરે છે ? બુટ પોલીસ કરનારે જવાબ આપ્યો : "સાહેબ, આપની બેંકમાં મારા ૨૦૦ કરોડ ડીપોઝીટમાં રોકાયેલ છે. હું આમાંની મારી થોડીક રકમ શેરબજારમાં રોકવા ઈચ્છું છું. વહીવટી અધિકારીએ આશ્ચર્ય સાથે પૂછ્યું ! એમ તમારું શું નામ છે ? બુટ પોલીસ કરનારે જવાબ આપ્યો : અસફ કુટ્ટી ચાકો."

મુખ્ય વહીવટી અધિકારીએ બેંકમાં જતા પહેલા મેનેજરને બોલાવીને પૂછ્યું : "આપને ત્યાં અસફ કુટ્ટી ચાકો ગ્રાહકના નામવાળી કોઈ ડીપોઝીટર છે ?" મેનેજરે જવાબ આપ્યો : "અસફ કુટ્ટી ચાકો આપણા ગ્રાહક છે અને તેમણે રૂ. ૨૦૦ કરોડનું રોકાણ" કરેલું છે. મુખ્ય અધિકારીની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

બીજા દિવસે બુટ પોલીસ કરવા બેઠા ત્યારે મુખ્ય વહીવટ અધિકારીએ કહ્યું : "મિસ્ટર ચાકો મારી ઈચ્છા તમને આગામી બોર્ડની મિટિંગમાં સન્માનીય અતિથિ તરીકે બોલાવવાની છે. તમે તમારા જીવનની કહાની સૌને કહેશો તો તેમાંથી ઘણું જાણવા મળશે. આગલા અઠવાડિયે બોર્ડ મિટિંગમાં મુખ્ય વહીવટી અધિકારીએ આ બુટ પોલીસવાળાની ઓળખાણ આપણા કહ્યું : "આપણે સૌ અસફ કુટ્ટી ચાકોને ઓળખીએ છીએ. તે સૌથી સારું પોલીસ કરે છે. તેઓ આપણા

માનવંતા ગ્રાહક છે. તેમની ૨૦૦ કરોડની ડીપોઝીટ છે. મિસ્ટર ચાકો એમની જે વાતો કરશે તે પ્રેરણાદાયક હશે.''

અસફ કુટ્ટી ચાકોએ તેમના જીવનની વાતો કહેવાની શરૂઆત કરી. ''હું ૩૦ વર્ષ પહેલા એક યુવાન તરીકે કેરાલાથી આવ્યો હતો. નોકરીની શોધમાં અહીંથી ત્યાં ભૂખ્યો તરસ્યો અને થાકેલો ભટકતો હતો. સાવ અચાનક ચાલતાં ચાલતાં એકબાજુથી મને સિક્કો મળ્યો. આ સિક્કામાંથી મેં થોડા સફરજન લીધા. મારી પાસે ૨ વિકલ્પ હતા. એક હું ભૂખ મિટાવવા આ સફરજન ખાઈ જાઉં અથવા સફરજન વેચી ધંધો શરૂ કરું.

મેં સફરજન વેચ્યાં અને થોડો નફો કર્યો. હું થોડા સફરજન ખરીદી, વેચી નફો મેળવું તે ચક્ર ચાલ્યું. થોડા પૈસા બચ્યા એટલે મેં બુટ પોલીસ કરવા જુનો સામાન ખરીદયો. મારું જીવન ખૂબ કરકસરયુક્ત હતું. મેં સાધુની સાદગીથી વધારે સાદું જીવન જીવી એક એક પૈસો બચાવ્યો હતો. મારો બૂટ પોલીસનો ધંધો ધીમે ધીમે વધતો ગયો.

થોડાં વર્ષો બાદ મને આ મોકાની જગ્યા મળી અને ૩ મહિના પહેલા મને મારા દુબઈમાં સ્થાયી થયેલા ભાઈના આકસ્મિક નિધન બાદ તેના વારસદાર તરીકે રૂ. ૨૦૦ કરોડ મળ્યા. આટલી રકમ મળ્યા બાદ પણ મેં મારો નિશ્ચય એ જ રાખ્યો કે પરિશ્રમ કરવો, કરકસર કરવી અને ગ્રાહકોને બૂટ પોલીસ કરી આપવું, ગ્રાહકને બેસવા ખુરશી અને છાપું વાંચવા આપવું. જીવનમાં આપણા સારા સિદ્ધાંતને વળગી રહીએ તો સારો અનુભવ થાય છે તેવો મારો જાત અનુભવ છે.

જીવનનો વિરોધાભાસ

હે મનુષ્યો,
જ્યારે પૈસા ઓછા હોય છે
ત્યારે ઘરે શાક-રોટલી ખાઈને ચલાવે છે.
જ્યારે પૈસા વધારે હોય છે ત્યારે સરસ મજાના
રેસ્ટોરન્ટમાં તે જ રોટલી-શાક જમેં છે.
જ્યારે પૈસા નથી હોતા ત્યારે સાયકલથી આવજા કરો છો
જ્યારે પૈસા હોય ત્યારે કસરતની સાયકલના પેડલ મારો છો
જ્યારે પૈસા નથી હોતા ત્યારે રોટલો કમાવવા ચાલો છો.
પૈસા હોય છે ત્યારે ચરબી ઓગળવા ચાલો છો.
હે મનુષ્ય તું તારી જાતને છેતર્યા જ કરે છે ? શું કામ ?
જ્યારે પૈસા નથી ત્યારે પરણવાનું મન થાય છે.
જ્યારે પૈસા હોય ત્યારે છૂટાછેડા લેવાનું કરો છો.
જ્યારે પૈસા નથી હોતા ત્યારે પત્ની સચિવની ભુમિકા નિભાવે છે.
જ્યારે પૈસો હોય ત્યારે અંગત સચિવ પત્ની બની જાય છે.
જ્યારે પૈસા નથી ત્યારે પૈસાદાર હોવાનો ઢોંગ કરો છો.
જ્યારે પૈસા હોય ત્યારે ગરીબ દેખાવા કોશિશ કરો છો.
હે મનુષ્ય, તું સામાન્ય સત્ય નથી બોલી શકતો.
નથી સ્વીકારી શકતો.
કહેવા ખાતર કહે છે કે શેર માર્કેટ ખૂબ ખરાબ છે,
પણ ધન એકત્ર કરવા માટે સટ્ટો રમતો રહે છે.
કહેવા ખાતર ઉચ્ચ સ્થાને એકલતા છે,
પણ ત્યાં પહોંચવાની તાલાવેલી છે.
કહેવા ખાતર જુગાર અને દારુ ખરાબ છે,
પણ તેની લત છૂટતી નથી.

હે મનુષ્ય તું કહે છે તે મુજબ કરતો નથી.
જુઠ્ઠું બોલીને સૌને ગેરમાર્ગે દોરે છે.
જીવન એટલે તું અત્યાર સુધીમાં જે કરી નથી શક્યો તે નથી,
પણ હવે પછી જે કરવાની તારી ક્ષમતા છે.
પ્રતીક્ષા કર, કદી નિરાશ થઈને કામ છોડી ન દેતો.
ચમત્કારો તો હજી પણ થાય છે.
કોઈ ભિખારીને રૂપિયા ૧૦ આપવા તે વધુ પડતું લાગે છે
પણ વૈભવી રેસ્ટોરન્ટમાં રૂપિયા ૧૦૦ની બક્ષીસ મૂકતા રૂઆબ પડે છે ને ?

આખા દિવસના કામ બાદ જીમમાં કસરત સારી લાગે છે. ઉપયોગી જણાય છે

પણ પોતાની માને ઘરે મદદ કરવાનું કામ બોજારૂપ જણાય છે.

ઈશ્વરને પ્રાર્થના કરવા માટે ૩ મિનિટનો સમય વધારે પડતો લાગે છે

પણ ૩ કલાકની ફિલ્મ જોવાની ફુરસદ તો હોય જ છે.
વેલેન્ટાઈન ડે ૧૪મી ફેબ્રુઆરીની યાદ વારંવાર આવે છે.
પણ માતાનો જન્મ દિવસ કેમ ભૂલાય જાય છે ?
બે ગરીબ ભૂખ્યા બાળકો રોટી માટે વલવલતાં ફૂટપાથ પર બેસી રહ્યા હતા

પણ તેમના ચિત્રોના વેચાણથી લાખો રૂપિયા ઉપજ્યા હતા.
આપણે દરરોજ હાસ્ય ટુચકાઓ આગળ મોકલીએ છીએ પરંતુ
પણ ઉપયોગી સંદેશો આગળ મોકલવામાં આપણે આળસ કરીએ છીએ.

આ અંગે સૌ વિચારણા કરીએ. પરિવર્તન ખૂબ જરૂરી છે.

પ્રેમ ચેપી હોય છે !

શહેરના બજારમાં સંતરાં વેચતાં ડોશી પાસેથી એ યુવાન હંમેશાં સંતરાં ખરીદતો. સંતરાં ખરીદીને એની થેલીમાં નાખતાં પહેલાં એમાંથી એક સંતરાની પેસીને સહેજ ચાખીને એ કહેતા, “અરે! ડોશીમા, જુઓ તો આ સંતરું ખાટું છે !” ડોશી એમાંથી એક પેસી ચાખીને ચમકીને કહેતાં, “જા રે બાબા, આટલું બધું મીઠું તો છે આ સંતરું !” થોડાં છોલેલાં એ સંતરાને ડોશી પાસે જ છોડીને એ હસમુખો યુવાન બાકીનાં સંતરાં લઈને આગળ ચાલ્યો જતો ! એની પત્નીએ આખરે એક દિવસ એને પૂછ્યું: ડોશીમાનાં સંતરાં તો હંમેશાં મીઠાં જ હોય છે તોય તમે દરેક વખતે ચાખવાનું નાટક કેમ કરો છો ?” પતિએ મુખ પર સ્મિત સાથે કહ્યું: “એ સાચું છે કે ડોશીમા હંમેશાં મીઠાં સંતરાં જ વેચે છે પણ એ પોતે સંતરાં ખાવા પામતાં હોય એમ મને લાગતું નથી એટલે આવું નાટક કરીને રોજ એમને એક સંતરું ખવડાવવું મને બહુ ગમે છે! સંતરાંવાળાં ડોશીમાની બાજુમાં બેસતી બાઈએ ડોશીમાને પૂછ્યું: સંતરાં ખરીદવા આવતો પેલો જક્કી છોકરો રોજેરોજ ચાખ-ચાખ કરે છે ને તોય તું સંતરાં તોલે ત્યારે હંમેશાં એને એક-બે સંતરાં વધારે આપી દે છે, આવું કેમ? ડોશીમાએ કહ્યું : “એ છોકરાના મનની વાત હું બરાબર જાણી ગઈ છું. રોજ એ સંતરું ચાખવાના બહાને એકાદ સંતરું અહીં મારા માટે મૂકીને જાય છે.” એ સમજે છે કે હું એ સમજતી નથી પણ મારા માટેના એના પ્રેમને હું ઓળખી ગઈ છું. એના આ પ્રેમના લીધે જ એક માની જેમ આપોઆપ મારાથી સંતરાં બાજુ ત્રાજવું નમી જાય છે! “પ્રેમ ચેપી હોય છે” જે આપશે એને મળશે જ !

જેના જીવનમાં નહીં પણ વિચારો માત્રમાં જ તમારું અસ્તિત્વ હોય તેના વિશે વિચારીને દુઃખી થવું મૂર્ખતા છે.

આ અમદાવાદ છે

આ અમદાવાદ છે

અહીંયાં વરસાદમાં છત્રી કરતાં દાળવડાં વધુ વેચાય.

આ અમદાવાદ છે

અહીંયાં પતંગ કરતાં ઊંધિયું અને જલેબી વધુ વેચાય.

આ અમદાવાદ છે

અહીંયાં છેલ્લા નોરતે ગરબા રમવા કરતાં ફાફડા અને જલેબી વધુ ખવાય.

આ અમદાવાદ છે

વરસાદ માં ઘેર જવા કરતા વધુ લોકો ઘરેથી ભીંજાવા નીકળી જાય.

આ અમદાવાદ છે

અહીંયાં જીવવા માટે ખાવાના બદલે, ખાવા માટે જીવવાવાળા લોકો વધુ મળી જાય.

આ અમદાવાદ છે દોસ્ત

"અહીંયાં સવારે કસરત કરવા કરતાં રાત્રે ફાસ્ટ ફૂડ ખાવામાં ભીડ વધી જાય.

આ અમદાવાદ છે

અહીંયાં હોટલમાં બેસીને શાંતિથી ખાવા કરતાં લારી પર ઊભા ઊભા ખાવાવાળાની ભીડ વધી જાય.

આ અમદાવાદ છે

અહીંયાં કોલેજ કરતાં કીટલી પર વધુ જ્ઞાન મળી જાય.

આ અમદાવાદ છે. વહાલા

અહીંયાં જિંદગી જીવવા કરતાં માણવાવાળા વધુ મળી જાય અને એટલે તો કહેવાય છે કે

"આ અમદાવાદ છે"

આ શહેરનો કંઈક અનોખો મિજાજ છે.

સદ્‌વિચાર પરિવાર
ડો. કે. આર. શ્રોફ સેવા સદન

સદ્‌વિચાર પરિવાર સંચાલિત ડો. કે. આર. શ્રોફ સેવા સદનમાં
આરોગ્યની સારસંભાળ માટેની નીચે મુજબની સેવાઓનો આપ લાભ લઈ શકશો.

- વરિષ્ઠ નાગરિકો માટે આધુનિક રિહેબિલિટેશન સેન્ટર (૪૦ બેડ્સની ક્ષમતા સાથે)
- કોમ્યુનિટી આંખની હોસ્પિટલ
- હેલ્થકેર સહાયક માટે તાલીમ કેન્દ્ર
- વરિષ્ઠ નાગરિકો માટે મલ્ટિસ્પેશિયાલિટી ક્લિનિક
- મહિલાઓ માટે મલ્ટિસ્પેશિયાલિટી ક્લિનિક
- બાળકો માટે ક્લિનિક
- જરૂરિયાતમંદ માટે મફત દવાખાનું
- માનસિક આરોગ્ય ક્લિનિક
- ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સેન્ટર
- ડેન્ટલ ક્લિનિક
- લેબોરેટરી સેવાઓ
- દર્દીની સારસંભાળ માટે ઘરે લઈ જવા માટેનાં મેડિકલ સાધનો
- એમ્બ્યુલન્સ
- હોમ કેર વાન
- કોન્ફરન્સ હોલ
- વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે જગ્યા
- તમે અમારો સંપર્ક Email: sdparivar.org@gmail.com, svpsevasadan@gmail.com ઉપર તથા આરોગ્યલક્ષી સેવાઓની માહિતી માટે અમારા સેવા સદનના હેલ્પલાઈન નંબર ૯૮૯૮૩૭૭૭૦૦ ઉપર સંપર્ક કરી શકશો. વધુ માહિતી માટે અમારી વેબસાઈટ www.sadvicharparivar.org ની મુલાકાત પણ લેતા રહેશો.

સદ્‌વિચાર પરિવાર
સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે, ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ- ૩૮૦૦૧૫

સદ્‌વિચાર પરિવાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં થયેલ સેવાનું સરવૈયું

સદ્‌વિચાર પરિવાર

વિગત	વર્ષ ૨૦૨૩-૨૪ની પ્રવૃત્તિનો લાભ લીધેલ લાભાર્થીની આંકડાકીય માહિતી	પ્રવૃત્તિનું નામ
સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ	૭૩.૩૩%	SSC Result
	૧૦૦.૦૦%	HSC Result
મહિલા ઉત્કર્ષ કેન્દ્રના વિવિધ કોર્સની માહિતી	૯૪	બેઝિક બ્યુટી પાર્લર
	૩૧	એડ્વાન્સ બ્યુટી પાર્લર
	૫૧	બેઝિક સીવણ
	૩૫	એડ્વાન્સ સીવણ
	૫૧	બેઝિક બેકરી
	૭૨	એડવાન્સ બેકરી
	૧૫૫	CCC
	૫૦	ટેલિ
સદ્‌વિચાર પરિવાર નરોડા સંકુલ	૨૬,૨૯૪	Eye OPD
	૧૬૧૨	Physiotherapy
	૧૪૮૬	Eye Operation
	૫૭૧૫	Dental OPD case details
સદ્‌વિચાર પરિવાર આરોગ્ય સેવા સંકુલ, સેટેલાઈટ	૫૭૬	Eye
	૪૧૦	Pathology
	૨૦૨૦	Dental
	૭૫૫૭	Physiotherapy
	૮૮૯	Sp
	૧૩૪૬	OPD
	૧૧૯	Dr. Pankaj Sir's Consultation
	૨૮૭	Mahila
	૨૧૫	Mental Health
	૧૦૫	Vadil Mavjat
	૨૪૭૫	અસ્થિવિસર્જન સેવા- હરિદ્વાર અને ચાણોદ ખાતે
શુભમ્ કોમ્યુનીટી હોલમાં થયેલ લગ્નની વિગત	૧૫૦	નોંધણી સાથે (સેટેલાઈટ ખાતે)

સદ્વિચાર પરિવાર સેવા સદન, રામદેવનગર, સેટેલાઈટ (અમદાવાદ)

સદ્વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ (ગાંધીનગર)

સદ્વિચાર પરિવાર નરોડા સંકુલ (અમદાવાદ)

www.printvision.in
+91 98250 26302